RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 21-05-2026 I VOL : 12 I Issue : 65 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

અશક્ય ભલે કંઈ ન હોય પણ બધું શક્ય બનાવવું જરૂરી નથી.

3




ભારતના બેરોજગારોનો 'કોકરોચ' બનીને સિસ્ટમ સામે કાઢ્યો મોરચો

4



રાષ્ટ્ર કાજે બલિદાન આપનારા વીર શહીદોનો આત્મા ક્યાં જાય છે? પૂજ્ય પ્રેમાનંદજી...

6



83 વર્ષના અમિતાભ બચ્ચન સાજા!: હૉસ્પિટલાઇઝેશનની ચર્ચા વચ્ચે બિગ બીએ....

7



10 છગ્ગા, 7 ચોગ્ગા અને 38 બોલમાં 93 રન... વૈભવ સૂર્યવંશીએ ધ્વસ્ત કર્યા...

## એક નજર...

### રાશિ ખન્નાનો રેડ આઉટફિટમાં જોવા મળ્યો ગ્લેમરસ અંદાજ



બોલીવૂડ એક્ટ્રેસ રાશિ ખન્ના દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના નવા ફોટાશૂટની તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં એક્ટ્રેસ રેડ આઉટફિટમાં કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે. રાશિ ખન્નાના ફેન્સ પણ તેના આ ગ્લેમરસ લૂકને લાઈક કરી રહ્યા છે. રાશિ ખન્નાએ રેડ આઉટફિ ટમાં ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે.

## NEWS TRACK

### 'નામોનિશાન મિટાવી દઈશું..', અમેરિકાને ઈરાનનો સીધો પડકાર

મિડલ ઈસ્ટમાં વધી રહેલી ભયાનક કટોકટી વચ્ચે ઈરાને ફરી એકવાર અમેરિકાને ખુલ્લી ચેતવણી આપી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જો અમેરિકા ફરીથી યુદ્ધ જેવી સ્થિતિ ઊભી કરશે, તો ઈરાન સરકાર અમેરિકન આર્મીને પહેલા કરતાં પણ ક્યાંય વધુ મોટું અને ભારે નુકસાન પહોંચાડવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. અરાઘચીએ અમેરિકાને અલ્ટીમેટમ આપતાં કહ્યું કે, ઈરાન અમેરિકાના અત્યાધુનિક ફાઈટર જેટ્સને તોડી પાડવામાં સહેજ પણ ખચકાશે નહીં. ઈરાનના વિદેશ મંત્રીએ અમેરિકાને ધમકી આપવા પાછળ ખુદ અમેરિકન કોંગ્રેસની રિસર્ચ સર્વિસના એક તાજેતરના રિપોર્ટનો જ હવાલો આપ્યો છે. તેમણે જણાવ્યું કે, ખુદ અમેરિકાના આંતરિક દસ્તાવેજો અને રિપોર્ટ્સમાં પણ એ સ્વીકારવામાં આવ્યું છે કે ઈરાન સાથેના પાછલા સંઘર્ષો અને તણાવ દરમિયાન અમેરિકાને બહુ મોટું નુકસાન વેઠવું પડ્યું હતું. રિપોર્ટના આંકડાઓ વિશે વાત કરતાં અરાઘચીએ દાવો કર્યો કે, ઈરાન સાથેના લશ્કરી સંઘર્ષમાં અમેરિકાના અંદાજે 42 જેટલા હાઈટેક ફાઈટર જેટ અને વિમાનો તબાહ થઈ ગયા હતા.

### PM મોદીને સવાલ પૂછીને ફસાયા નોર્વેના મહિલા પત્રકાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યુરોપ પ્રવાસ દરમિયાન સવાલ પૂછીને ચર્ચામાં આવેલા નોર્વેની મહિલા પત્રકાર હેલી લિંગે હવે એક નવો દાવો કર્યો છે. ઓસ્લોમાં પીએમ મોદીને અસહજ સવાલો પૂછવા અને ભારતીય અધિકારી સિબી જ્યોર્જ સાથે દલીલબાજી કર્યા બાદ, હેલી લિંગે દાવો કર્યો છે કે ઈન્ટરનેટ પર ભારે ટ્રોલિંગ વચ્ચે મેટા કંપનીએ તેના ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધા છે. શું છે સમગ્ર વિવાદ? આ સમગ્ર વિવાદની શરૂઆત ઓસ્લોમાં ભારત અને નોર્વેના પીએમની સંયુક્ત મીડિયા બ્રીફિંગ દરમિયાન થઈ હતી. પ્રેસ મીટ પૂરી થતાં જ જ્યારે પીએમ મોદી રૂમની બહાર નીકળી રહ્યા હતા, ત્યારે 'ડાગસાવિસેન' અખબાર સાથે જોડાયેલી મહિલા પત્રકાર હેલી લિંગે પાછળથી બૂમ પાડીને પૂછ્યું હતું કે, 'દુનિયાના સૌથી સ્વતંત્ર પ્રેસના સવાલોના જવાબ કેમ લેવામાં નથી આવી રહ્યા?' એટલું જ નહીં, બાદમાં તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું કે, 'નોર્વે પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ(પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક)માં પ્રથમ ક્રમે છે, જ્યારે ભારત 157મા ક્રમે છે. સરકારોને સવાલ પૂછવા એ જ પત્રકારોની મુખ્ય જવાબદારી છે.

# આર્થિક સંકટ માથે છે અને PM ઈટાલીમાં ચોકલેટ વહેંચે છે: રાહુલ

**રાહુલે લખ્યું- આર્થિક તોફાન માથા પર છે અને આપણા વડાપ્રધાન ઈટાલીમાં ટોફી વહેંચી રહ્યા છે. ખેડૂત, યુવાનો, મહિલાઓ, મજૂરો અને નાના વેપારીઓ બધા રડી રહ્યા છે. PM હસીને રીલ બનાવી રહ્યા છે અને BJP વાળા તાળીઓ પાડી રહ્યા છે.**

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ રાયબરેલીમાં બુધવારે કહ્યું કે જ્યારે RSS ના કાર્યકર્તાઓ તમારી સામે આવશે તો તેમને ખુલીને કહેજો કે તમારા વડાપ્રધાન, ગૃહમંત્રી અને સંગઠન ગદ્દાર છે. તમે હિન્દુસ્તાનને વેચવાનું કામ કર્યું છે.

કોંગ્રેસ સાંસદે કહ્યું, "હવે આર્થિક તોફાન આવી રહ્યું છે. મોદી તમને બચાવી નહીં શકે. યાદ રાખજો, જેવી રીતે કોવિડ અને નોટબંધીના સમયે રડ્યા હતા, કહ્યું હતું- મને ફાંસી પર લટકાવી દેજો. તેવી જ રીતે ટીવી પર ફરી આવશે. હાથ જોડશે. રડશે. કહેશે- મારી ભૂલ નથી." આ પછી રાહુલ અમેઠી પહોંચ્યા. અહીં તેમણે કાર્યકર્તા સંમેલનમાં કહ્યું- ઈટાલીના પીએમ મેલોનીને નરેન્દ્ર મોદી ટોફી ખવડાવી



રહ્યા છે. રીલ બનાવવામાં આવી રહી છે. આ ભાજપવાળા મારી મજાક ઉડાવે છે. જે આર્થિક દિવાલ તેમને ઊભી કરવાની હતી, તે તેમણે ન કરી. હવે મેલોની સાથે વીડિયો બનાવી રહ્યા છે. મજાક ચાલી રહ્યો છે. રાહુલ બે દિવસના પ્રવાસે 19 મે (મંગળવાર) ના રોજ રાયબરેલી પહોંચ્યા હતા. બુધવારે બપોરે 2 વાગ્યે રાયબરેલીથી અમેઠી પહોંચી ગયા છે. અહીં તેઓ સંજય ગાંધી હોસ્પિટલમાં દર્દીઓની મુલાકાત લેશે. લોકસભા ચૂંટણી 2024 પછી રાહુલ 6 વખત રાયબરેલી આવી ચૂક્યા છે. આ તેમનો 7મો પ્રવાસ છે. આ પહેલા, તેઓ 19 જાન્યુઆરી 2026 ના રોજ રાયબરેલી આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીને ખાસ 'મેલોડી' ટૉફી ગિફ્ટ કરી. મેલોનીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માટે પીએમ મોદીનો આભાર માન્યો. ત્યારબાદ 'મેલોડી' સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગયું.

## ડ્રોનથી એટેક કરી શકાય તેવી મિસાઈલનું સફળ પરિક્ષણ

નવી દિલ્હી

ભારતની ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ ડ્રોનથી છોડવામાં આવતી મિસાઈલનું પરીક્ષણ પૂર્ણ કરી લીધું છે. આ મિસાઈલનું નામ ULPGM-V3 છે. આ હવાથી હવા અને હવાથી જમીન બંને પ્રકારના લક્ષ્યો પર સચોટ હુમલો કરી શકે છે. આ હવામાં દુશ્મનના હેલિકોપ્ટર, ડ્રોન અને અન્ય હવાઈ લક્ષ્યોને તોડી શકે છે. જ્યારે જમીન પર ટેન્ક, સૈન્ય વાહન અને બંકરને નિશાન બનાવી શકે છે. રક્ષા મંત્રાલય અનુસાર, મિસાઈલનું પરીક્ષણ આંધ્રપ્રદેશના કુર્નૂલ સ્થિત DRDO ટેસ્ટ રેન્જમાં કરવામાં આવ્યું. તેમાં ઈન્ટિગ્રેટેડ ગ્રાઉન્ડ કંટ્રોલ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો, જે લોન્ચ અને કમાન્ડ સિસ્ટમને નિયંત્રિત કરે છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે આ મિસાઈલ બનાવવામાં મળેલી સફળતા રક્ષા ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. યુએલપીજીએમ-વી3 એક સ્માર્ટ પ્રિસિઝન ગાઈડેડ મિસાઈલ છે. તેમાં સીકર ટેકનોલોજી લાગેલી છે, જેનાથી તે ટાર્ગેટને ઓળખીને લોક કરે છે અને પછી સચોટ હુમલો કરે છે. ચાલતા લક્ષ્યને પણ ટ્રેક કરી શકે છે. રક્ષા મંત્રાલય અનુસાર, તેને એન્ટી-ટેન્ક રોલ માટે પણ તૈયાર કરવામાં આવી છે. સાથે જ તે ડ્રોન, હેલિકોપ્ટર અને અન્ય હવાઈ લક્ષ્યો વિરુદ્ધ પણ ઉપયોગમાં લઈ શકાય છે. આ મિસાઈલને DRDOના હૈદરાબાદ સ્થિત રિસર્ચ સેન્ટર ઈમારત (RCI)ના નેતૃત્વ હેઠળ વિકસાવવામાં આવી છે.

## બેંગલુરુ આશ્રમમાં મુકેશ અંબાણી અને અનંત અંબાણી: આર્ટ ઓફ લિવિંગના 45મા સ્થાપના વર્ષની ઉજવણીમાં ગુરુદેવના લીધા આશીર્વાદ



બેંગલુરુ

દેશના અગ્રણી ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન એન્ડ મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણી પોતાના પુત્ર અનંત અંબાણી સાથે બેંગલુરુ સ્થિત 'આર્ટ ઓફ લિવિંગ'ના આંતરરાષ્ટ્રીય કેન્દ્રની વિશેષ મુલાકાતે પહોંચ્યા હતા. આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સ્થાપનાના ગૌરવપૂર્ણ ૪૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે અંબાણી પરિવારે આશ્રમની મુલાકાત લઈને આધ્યાત્મિક વાતાવરણનો આનંદ માણ્યો હતો. મંગળવારે યોજાયેલી આ મુલાકાત દરમિયાન મુકેશ અંબાણી અને અનંત અંબાણીએ વૈશ્વિક આધ્યાત્મિક ગુરુ પૂજ્ય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી સાથે મુલાકાત કરી હતી અને તેમના ભાવપૂર્વક આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. પિતા-પુત્રની જોડીએ આશ્રમના શાંત અને દિવ્ય પરિસરમાં ગુરુદેવ સાથે ખૂબ જ સકારાત્મક માહોલમાં સમય વિતાવ્યો હતો અને સંસ્થાની સામાજિક તેમજ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરી હતી.

**આર્ટ ઓફ લિવિંગના ૪૫ વર્ષ: આશ્રમમાં ઉત્સવનો માહોલ**

અત્રે ઉલ્લેખનીય છે કે, વિશ્વભરમાં માનસિક શાંતિ અને સેવાનો સંદેશ ફેલાવતી સંસ્થા 'આર્ટ ઓફ લિવિંગ' હાલમાં પોતાના સ્થાપનાના ૪૫મા વર્ષમાં પ્રવેશી ચૂકી છે. આ ૪૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યે બેંગલુરુના મુખ્ય આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ખાતે ભવ્ય અને વિશેષ ઉજવણી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

દેશ-વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ અને અગ્રણી હસ્તીઓ આ મહોત્સવનો ભાગ બનવા આવી રહી છે, ત્યારે મુકેશ અંબાણી અને અનંત અંબાણીની આ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. અંબાણી પરિવારે હંમેશા ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા પ્રત્યે આદર દાખવ્યો છે, અને ગુરુદેવ સાથેની આ મુલાકાત તે પરંપરાની વધુ એક ઝાંખી કરાવે છે.

# ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓના નામે લાખો-કરોડોનું હપ્તાખોરીનું સામ્રાજ્ય બુટલેગરો પાસેથી કરોડોની ઉઘરાણી કરતો એસપીનો કથિત વહીવટદાર 'સુરેશ ચૌધરી' કોણ?

## બનાસકાંઠા બોર્ડરેથી ગુજરાતમાં કરોડોના દારૂ-ડ્રગ્સના કન્ટેનરોની 'સિસ્ટમેટિક' ઘૂસણખોરી: ઉત્તર ગુજરાતના દિગ્ગજ નેતાના ભાઈના ઈશારે ચાલે છે આખું નેટવર્ક!

પાક્કો ગુજરાતનો સનસનાટીપૂર્ણ અહેવાલ

ગુજરાતમાં કહેવાતી દારૂબંધીના લીરેલીરા ઉડાવતો એક એવો ચોંકાવનારો ભાંડાફોડ 'પાક્કો ગુજરાત'ની ટીમ સમક્ષ થયો છે, જેને સાંભળીને ગાંધીના ગુજરાતની કાયદો અને વ્યવસ્થા પરથી વિશ્વાસ ઉઠી જશે. રાજસ્થાનમાંથી દારૂ અને નશાના કન્ટેનરો ભરીને ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ખુલ્લેઆમ પ્રવેશ કરાવવામાં આવી રહ્યો છે. આ કોઈ છૂપો ચોરીછૂપીનો ખેલ નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉત્તર ગુજરાતના એક દિગ્ગજ રાજકીય નેતાના ભાઈના ઈશારે અને આશીર્વાદથી આ આખું નેટવર્ક સરકારી પ્રોટોકોલની જેમ ચાલી રહ્યું છે!

### આ પાંચ બોર્ડરો બની બુટલેગરો માટે 'ગ્રીન કોરિડોર'

બનાસકાંઠા જિલ્લાની તમામ સંવેદનશીલ બોર્ડરો અને ચેકપોસ્ટો માત્ર શોભાના ગાંઠિયા સમાન બની ગઈ છે. નામ ન આપવાની શરતે સૂત્રોએ કરેલા સનસનાટીપૂર્ણ ખુલાસા મુજબ, નીચેની બોર્ડરો પરથી રોજ રાત્રે કરોડોનો દારૂ ગુજરાતમાં ઠલવાય છે:

**ગુન્દરી બોર્ડર અને નેનાવા બોર્ડર**
**અમીરગઢ ચેકપોસ્ટ**
**અંબાજી છાપરી બોર્ડર અને**
**જાંબુડી ચેકપોસ્ટ**

આ તમામ બોર્ડરો પરથી પસાર થતા દારૂના કન્ટેનરોને રોકવાની તાકાત કોઈ ખાખી વરદીવાળામાં નથી, કારણ કે આ ખેલ પાછળ ઉપર સુધીની મિલીભગત હોવાની લોકમુખે ચર્ચા છે.




### એસપી અને આઈજીના નામે કરોડોનો 'વહીવટ': 'સુરેશ ચૌધરી'નું હફ્તારાજ!

સૂત્રોના પાકા અહેવાલ મુજબ, બનાસકાંઠા એસપી પ્રશાંત સુંબેના ખાસ માનીતા વહીવટદાર તરીકે ઓળખાતો સુરેશ ચૌધરી આખા જિલ્લામાં બુટલેગરો પાસેથી લાખો-કરોડો રૂપિયાનું ઉઘરાણી નેટવર્ક ચલાવે છે. ચર્ચા તો એવી પણ છે કે, કોઈ પણ પ્રકારની અડચણ વિના, શાંતિથી અને સમય લઈને આ હપ્તાઓ વસૂલ કરી શકાય તે માટે સુરેશ ચૌધરીને એસપી બંગલે જ આશરો આપવામાં આવ્યો છે!

આ વહીવટ માત્ર જિલ્લા પૂરતો સીમિત નથી. ગૃહ મંત્રાલયના ઉચ્ચ નેતાઓ અને કચેરીઓ સુધી કરોડો રૂપિયાનો વહીવટ પહોંચતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

### ભૂતપૂર્વ LCB કર્મચારીઓ બન્યા રેન્જ આઈજીના 'વહીવટદાર'

બીજી તરફ, રેન્જ આઈજી સાહેબના નામે ઉઘરાણી કરવાનું કામ રાજેશ પરમાર અને રેન્જ આઈજી સેલના પીએસઆઈ એસ. જે. પરમાર કરી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. આ બંને પોલીસ કર્મચારીઓ અગાઉ બનાસકાંઠા એલસીબી (LCB) માં લાંબો સમય ફરજ બજાવી ચૂક્યા હોવાથી જિલ્લાની નસેનસથી વાકેફ છે. કયો બુટલેગર ક્યાં કયો ધંધો કરે છે તેની તમામ કુંડળી આ બંને પાસે છે, અને તેનો ઉપયોગ તેઓ આઈજીના નામે લાખો રૂપિયા ખંખેરવા માટે કરી રહ્યા છે.

### સ્પેશિયલ પ્રોટેક્શન: કન્ટેનરમાં પોલીસ કર્મચારી પોતે બેસે છે!

સુરેશ ચૌધરી અને આ ટોળકી એટલી હદ સુધી બેખોફ છે કે, કયું કન્ટેનર કઈ બોર્ડર પરથી ક્યારે પસાર થશે તેનું આખું ટાઈમ-ટેબલ સુરેશ ચૌધરી પોતે નક્કી કરે છે. એટલું જ નહીં, બુટલેગરોના કન્ટેનરને સેફ પેસેજ આપવા માટે કન્ટેનરની અંદર એક પોલીસ કર્મચારીને પણ બેસાડવામાં આવે છે! આ પોલીસ કર્મચારી જે તે તાલુકાની હદ બદલાતા જ બદલાઈ જાય છે. ખાખી વરદીની આનાથી મોટી બદ્નસીબી શું હોઈ શકે?

### 'પાક્કો ગુજરાત'ના સળગતા સવાલો:

1. આ સુરેશ ચૌધરી અને પોલીસ વહીવટદારોની મિલીભગતના લીધે બનાસકાંઠા જિલ્લો આજે દારૂ અને ડ્રગ્સનું હબ બની ગયો છે, તેનો જવાબદાર કોણ?
2. આ હફ્તારાજ અને નશાનો કાળો કારોબાર ક્યાં સુધી ચાલતો રહેશે?
3. શું એસપી પ્રશાંત સુંબે અને રેન્જ આઈજી આ નશાના કારોબારને રોકવા માટે ખરેખર સક્ષમ છે, કે પછી 'ગાંધીના ગુજરાત'માં આ જ રીતે દારૂની નદીઓ વહેતી રહેશે? જો ઉચ્ચ કક્ષાએથી આ મામલે તટસ્થ તપાસ કરવામાં નહીં આવે, તો સરહદી જિલ્લો બનાસકાંઠા યુવાધનને બરબાદ કરવાનું મુખ્ય કેન્દ્ર બની જશે તેમાં કોઈ શંકા નથી.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# અંકલેશ્વર GIDCમાં ખાખીનું નગ્ન નર્તન : મોતનો કાળો કારોબાર ચલાવતા રમેશ સામે નતમસ્તક પોલીસ

## ખાખી વર્દી પર લાગ્યો સૌથી મોટો કલંક: LCBની મહેરબાનીથી બુટલેગરો બેફામ, જાગૃત નાગરિકો પર હુમલા કરાવી બાતમીદારોની સોપારી આપતા અધિકારીઓ!

■ હપ્તાખોરીનું કનેક્શન દત્તુના હાથમાં!

■ ગાંધીનગરના આદેશો ભરૂચની સરહદે જ ફેઈલ! કાયદાના રક્ષકો જ બન્યા ઝેરી કેમિકલયુક્ત સ્લો-પોઈઝનના ભાગીદાર!

**અંકલેશ્વર**

ગુજરાત સરકાર ભલે દારૂબંધીના ગમે તેટલા દાવા કરે, પણ ભરૂચ જિલ્લામાં આ કાયદો માત્ર કાગળ પર જ સીમિત રહી ગયો છે. ઉદ્યોગોની રાજધાની ગણાતું અંકલેશ્વર આજે ગુનેગારો અને બુટલેગરો માટે સ્વર્ગ બની ચૂક્યું છે. અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનથી માત્ર હાંકલપાદરના અંતરે દેશી દારૂની હાટડીઓ ચલાવતો બુટલેગર રમેશ વસાવા પોલીસના આશીર્વાદથી ખુલ્લેઆમ પડકાર ફેંકી રહ્યો છે. કાયદો અને વ્યવસ્થાની વાતો કરનારા સ્થાનિક અધિકારીઓ પોતાની ખિસ્સા ભરવાની લાલચમાં ગાંધીનગરના આદેશોને ઘોળીને પી ગયા છે.

અંકલેશ્વર રેલ્વે સ્ટેશનની પાછળ અને GIDC વિસ્તારના મજૂર વિસ્તારોને આ મોતના સોદાગરોએ નરક બનાવી દીધા છે. રમેશ વસાવાના માણસો સરેઆમ ઝેર વેચીને દેશના ભવિષ્ય સમાન યુવાનો અને ગરીબ શ્રમિકોના પરિવારોને બરબાદ કરી રહ્યા છે. લોકોના રક્ષણ માટે બનેલી પોલીસ મૂકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહી છે. જનતાના વેરાના પૈસાથી મોભાદાર પગાર મેળવતા આ અધિકારીઓ આખરે કોની શરણમાં જઈને બેઠા છે તે મોટો સવાલ છે.




આ સમગ્ર કાળા કારોબારને સુવ્યવસ્થિત રીતે ચલાવવાની જવાબદારી રમેશના વહીવટદાર દત્તુ પાસે છે. પોલીસ વિભાગમાં ચાલતી ચર્ચા મુજબ, અંકલેશ્વર પોલીસ સ્ટેશનથી લઈને ભરૂચ LCB સુધી લાખો રૂપિયાની મલાઈ સમયસર પહોંચાડવાનું કામ આ દત્તુ જ કરે છે. જ્યારે રક્ષકો જ બુટલેગરના એજન્ટોના ટુકડા પર નભવા લાગે, ત્યારે સામાન્ય જનતા પોતાની સુરક્ષાની આશા કોની પાસે રાખે? જિલ્લામાં કેવળ દેશી દારૂ જ નહીં, પરંતુ અંગ્રેજી દારૂ, જુગાર અને નશીલા પદાર્થોનો વેપાર ધમધમી રહ્યો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, જો કોઈ સજ્જન નાગરિક LCBના પીઆઈને આ અંગે ગુપ્ત માહિતી આપે, તો તે માહિતી તરત જ બુટલેગરો સુધી પહોંચી જાય છે. ત્યારબાદ પોલીસના પ્રોટેક્શન હેઠળ એ નાગરિકને નિશાન બનાવીને માર મારવામાં આવે છે. માહિતી આપનારાઓને જ ખતમ કરી દેવાની આ નીતિ પોલીસની દાનત પર મોટા સવાલો ઉભા કરે છે.

અંકલેશ્વરની કેમિકલ ફેક્ટરીઓમાંથી નીકળતા જોખમી અને ઝેરી રસાયણોનો ઉપયોગ કરીને આ દેશી દારૂ બનાવવામાં આવી રહ્યો હોવાની આશંકા છે. આ ઝેરી કેમિકલ ગમે ત્યારે મોટા લઠ્ઠાકાંડનું કારણ બની શકે છે. શું સ્થાનિક પોલીસ કોઈ મોટી દુર્ઘટના અને લાશોના ઢગલા જોવાની રાહ જોઈ રહી છે? જો ભવિષ્યમાં કોઈ મોટી હોનારત થશે તો તેનો જવાબદાર કોણ રહેશે?

GIDC પોલીસ સ્ટેશનના પીઆઈ ઠાકોરને વિસ્તારમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ રોકવામાં કોઈ જ રસ નથી, તેમનું સમગ્ર ધ્યાન માત્ર વહીવટ ગોઠવવામાં જ છે. બીજી તરફ, ભરૂચ LCB પીઆઈ માટે તો આ વિસ્તાર કમાણીનું સાધન બની ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દર મહિને ૧૦ થી ૧૨ લાખ રૂપિયાનો હપ્તો આ સાહેબ સુધી નિયમિત પહોંચે છે. પોલીસ બેડામાં તો એવી પણ ચર્ચા છે કે આ અધિકારી જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીના કમાઉ દીકરા તરીકે બેખોફ થઈને આ હપ્તાખોરીનું સામ્રાજ્ય ચલાવી રહ્યા છે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો સીધો સવાલ:

શું ભરૂચ જિલ્લા પોલીસ વડા પોતાની ઊંઘમાંથી જાગીને આ ભ્રષ્ટ અધિકારીઓ પર કડક કાર્યવાહી કરશે? શું રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના ગરિમાપૂર્ણ આદેશોની મજાક ઉડાવતા અંકલેશ્વરના આ અધિકારીઓ, બુટલેગર રમેશ અને તેના વહીવટદાર દત્તુને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવશે? જનતા હવે આ સિસ્ટમ સામે કડક એક્શનની આશા રાખીને બેઠી છે.

## વાપી રેલવે સ્ટેશન પરથી ચામઠા ગેંગનો મુખ્ય આરોપી ઝડપાયો

**વાપી**

ડાંગ જિલ્લાના "નો વોન્ટેડ ઈન સાઉથ ગુજરાત" અભિયાન અંતર્ગત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ સહિત ચાર રાજ્યોમાં ઘરફોડ ચોરીના કુલ 27 જેટલા ગુનાઓમાં સંડોવાયેલા ચામઠા ગેંગના મુખ્ય સૂત્રધારને ડાંગ LCBએ વાપી રેલવે સ્ટેશન ખાતેથી ઝડપી પાડ્યો છે.

ડાંગ LCBની ટીમ નાસતા ફરતા આરોપીઓની શોધખોળમાં કાર્યરત હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે સાપુતારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ત્રણ ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી સંદીપ ઉર્ફે અર્થવેદ રાઠોડ ગુજરાતમાં હોવાની માહિતી મળી હતી. બાતમીના આધારે LCB દ્વારા ચાર અલગ-અલગ ટીમો બનાવી ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપીને વાપી રેલવે સ્ટેશન ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી બે મોબાઈલ ફોન કિંમત રૂ. 20,500 તથા રોકડ રૂ. 6,300 મળી કુલ રૂ. 26,800નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપીની ઓળખ સંદીપ ઉર્ફે અર્થવેદ સ/ઓ નટવર ઉર્ફે અગસ્ત્ય રાઠોડ ઉર્ફે નાણાવટ, રહે. રંજનગાવ, બાલાજી પ્લોટ, ફંડ બસ્તી, તા. સિરૂર, જી. પુણે, મહારાષ્ટ્ર તરીકે થઈ છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ પોતે ચામઠા ગેંગનો મુખ્ય સૂત્રધાર હોવાની કબૂલાત કરી હતી. આરોપી સંદીપ ઉપરાંત અર્થવેદ નામથી પણ ઓળખાય છે, જ્યારે તેના પિતાનું નામ નટવર તેમજ અગસ્ત્ય તરીકે દર્શાવતો હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે છેલ્લા સાત વર્ષ દરમિયાન આરોપીએ ગુજરાતના સાપુતારામાં ત્રણ ઘરફોડ ચોરી, ગોધરામાં એક પ્રોહિબિશનનો ગુનો, મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ત્રણ ઘરફોડ ચોરી, કર્ણાટકમાં આશરે 13 તથા આંધ્રપ્રદેશમાં આશરે 6 ઘરફોડ ચોરીના ગુનાઓ આચર્યા છે.

## સુજલામ સુફલામ યોજનામાં માટી-મોરમના નામે કમાણીનો આક્ષેપ

**ગોસા(ઘેડ)**

પોરબંદર જિલ્લામાં અમલમાં રહેલી સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવો, ડેમો અને વોકળાઓના ઉંડાણ-પહોળાણના કામોમાં મોટા પાયે ગેરરીતિ થતી હોવાના ગંભીર આક્ષેપ સાથે પોરબંદરના એડવોકેટ અને આર.ટી.આઈ. એક્ટિવિસ્ટ ભનુભાઈ નાગાભાઈ ઓડેદરાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ ઉચ્ચકક્ષાએ લેખિત ફરિયાદ નોંધાવી છે. ખેડૂતોને મફતમાં મળવાની માટી-મોરમ માટે રૂપિયા વસૂલવામાં આવતા હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો છે.

ભનુભાઈ ઓડેદરા એ રજુઆતમાં જણાવ્યા મુજબ પોરબંદર જિલ્લામાં સિંચાઈ વિભાગ, જિલ્લા પંચાયત કચેરી તથા ક્ષારઅંકુશ વિભાગ દ્વારા વિવિધ તળાવો, ડેમો અને વોકળાઓમાંથી માટી ઉપાડવાની પરમીટો આપવામાં આવી છે. આ પરમીટોમાંથી મોટાભાગની પરમીટો રાજકીય ઓથ ધરાવતા વ્યક્તિઓને અપાઈ હોવાનું જણાવાયું છે. ખેડૂતોને મફતમાં માટી-મોરમ મળવાની જોગવાઈ હોવા છતાં ટ્રેક્ટર અને ડમ્પર ભરવા માટે રૂપિયા લેવામાં આવતા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

ભનુભાઈ ઓડેદરાએ વધુમાં જણાવ્યું છે કે બરડા વિસ્તાર, ઘેડ પંથક, રાણાવાવ અને કુતિયાણા વિસ્તારોમાં ખેડૂતો પાસેથી રૂપિયા લઈને વાહનોમાં માટી-મોરમ ભરી આપવામાં આવે છે, છતાં જવાબદાર વહીવટી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. હાલ ગોસાબારા નજીક આવેલા કર્લી જળાશયમાંથી મોટા પાયે માટી ઉપાડવામાં આવી રહી હોવાનું જણાવી તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે જો ઉપરનો ભાગ વધુ ખોદવામાં આવશે તો ડેમમાં ખારું પાણી પ્રવેશવાની શક્યતા ઊભી થઈ શકે છે. જેના કારણે ખેડૂતોને ડેમમાં ખારૂ પાણી થઈ જશે તો ભારે નુકશાનીનો એમનો કરવાની વેળા આવશે.

## જહાંગીરપુરા પોલીસે હાર-જીતના જુગાર રમતા 8 ઈસમોને ઝડપી પાડ્યા

**સુરત**

સુરત શહેર જહાંગીરપુરા પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસ ટીમ દ્વારા સફળ રેઈડ હાથ ધરવામાં આવી હતી, જેમાં હાર-જીતનો જુગાર રમતા કુલ ૮ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, ગંજીપાના પત્તા, મોબાઈલ ફોન તથા વાહનો સહિત કુલ ૨,૦૧,૩૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસને મળેલ ચોક્કસ માહિતીના આધારે જહાંગીરપુરા પોલીસ સ્ટાફ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન આરોપીઓ જાહેરમાં હાર-જીતનો જુગાર રમતા ઝડપાઈ આવ્યા હતા. પોલીસે આરોપીઓની અંગઝડતી અને સ્થળ તપાસ દરમિયાન રોકડા રૂપિયા ૧૯,૭૦૦/- તેમજ દાવ ઉપર મુકાયેલા ૫,૬૦૦/- મળી આવ્યા હતા. ઉપરાંત જુગાર રમવા ઉપયોગમાં લેવાતા ગંજીપાના પત્તા તથા ગંજીપાનાની કેટ પણ કબજે કરવામાં આવી હતી.

આ ઉપરાંત પોલીસે અલગ અલગ કંપનીના ૬ મોબાઈલ ફોન કિંમત અંદાજે ૩૬,૦૦૦/- તથા ૪ વાહનો કિંમત અંદાજે ૧,૪૦,૦૦૦/- કબજે કર્યા હતા. આમ કુલ ૨,૦૧,૩૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પકડાયેલા આરોપીઓમાં સંજયભાઈ સુભજીભાઈ શીયાળીયા (રહે. જહાંગીરપુરા, સુરત), ગોપાલભાઈ બચુભાઈ વસાણી (મૂળ રહે. ધોલેરા, અમદાવાદ), હરેશભાઈ ભુપતભાઈ બારૈયા (હાલ રહે. અમરોલી, સુરત), હસમુખભાઈ અશોકભાઈ ઓળકીયા (રહે. વરાછા, સુરત), અજયભાઈ ચંદુભાઈ દોદરીયા (રહે. અમરોલી, સુરત), પ્રકાશજી રમેશજી ઠાકોર (રહે. અમરોલી, સુરત), જયપાલ મહેશભાઈ વલાણીયા (રહે. અમરોલી, સુરત) તથા કીશન વિનુભાઈ કુમાદરા (રહે. કતારગામ, સુરત)નો સમાવેશ થાય છે.

## દાહોદ LCBએ 39.91 લાખનો મુદ્દામાલ ઝડપી રાજસ્થાનના આરોપીને દબોચ્યો

**ઝાલોદ**

ઝાલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કદવાળ ગામ નજીક દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી હાથ ધરી સિમેન્ટની થેલીઓની આડમાં છુપાવી લઈ જવાતો ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ અને બિયરની જંગી ખેપ ઝડપી પાડી હતી. પોલીસે ટ્રકમાંથી કુલ ૪૯૯ પેટીઓમાં ભરેલી ૧૪,૦૪૦ બોટલો સાથે કુલ રૂ.૩૯.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કરી રાજસ્થાનના એક આરોપીને ઝડપી પાડ્યો હતો. એલસીબીની આ કાર્યવાહીથી જિલ્લામાં બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ દારૂની હેરાફેરી માટે ટાટા ટ્રક નંબર RJ09GE6721માં ખાસ ચોરખાનું તૈયાર કરવામાં આવ્યું હતું. ટ્રકમાં ઉપરથી સિમેન્ટની થેલીઓ ભરી કાયદાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. બાતમીના આધારે એલસીબી ટીમે ઝાલોદથી સંજેલી તરફ જતા માર્ગ ઉપર વ્યૂહાત્મક વોચ ગોઠવી ટ્રકને ઝડપી તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂ અને ટીન બિયરની મોટી ખેપ મળી આવી હતી.

નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી તથા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં પ્રોહીબિશન સંબંધિત ગુનાઓ ઉપર કડક નજર રાખવામાં આવી રહી છે.

ખાસ કરીને રાજસ્થાન અને મધ્યપ્રદેશ તરફથી આવતી ગેરકાયદેસર દારૂની હેરાફેરી અટકાવવા એલસીબીને સઘન કામગીરી માટે સૂચનાઓ આપવામાં આવી હતી.

જેના અનુસંધાને એલસીબીની જુદી જુદી ટીમો સતત પેટ્રોલિંગ અને બાતમીદારો મારફતે માહિતી એકત્રિત કરવાની કામગીરીમાં લાગેલી હતી. આ કાર્યવાહીમાં પોલીસે રાજસ્થાન રાજ્યના ચિત્તોડગઢ જિલ્લાના રહેવાસી રાજમલ ઉર્ફે રાજુ બાબુલાલ કીર (ઉ.વ.૨૯)ને ઝડપી પાડ્યો હતો.

### ખેડૂત નેતા કે સત્તાના ચમચા?

## રાજુ કરપડા નેતાઓ સાથે બેઠકો યોજવામાં મશગૂલ, પણ ખેડૂતોની વેદના કેમ ભૂલી ગયા?

### "અમે રાજુ કરપડાને અમારા હક માટે લડવા આગળ કર્યા હતા' : ખેડૂતો

**અમદાવાદ**

જેના દમ પર નેતાગીરીના કક્કા-ખ્ખા શીખ્યા, જે ખેડૂતોના પરસેવાના જોરે આજે સફેદ કુર્તા-પાયજામા પહેરીને ફરતા થયા, એ જ ખેડૂતોની પીઠમાં છરો ભોંકવાનું પાપ ફરી એકવાર રાજકારણના ચોખટામાં ખેલાઈ રહ્યું છે! વાત છે ખેડૂત નેતા તરીકે ઓળખાતા રાજુ કરપડાની.

સત્તાના ગલિયારામાં જઈને રાજુ કરપડા નેતાઓ સાથે બંધ બારણે મુલાકાતો તો કરી રહ્યા છે, પણ સવાલ એ છે કે આ મુલાકાતોમાં જગતના તાતના સળગતા પ્રશ્નો કેમ ગાયબ છે? સાહેબ, કેમેરા સામે દાંત કાઢીને ફોટા પડાવવામાં નેતાજી એવા તો મશગૂલ થઈ ગયા કે ગુજરાતના લાખો ખેડૂતોની વેદના જ ભૂલી ગયા!

જ્યારે વીજળી, ખાતર કે પાકના ભાવની વાત હોય ત્યારે આ નેતાઓ રસ્તા પર ઉતરીને મોટી-મોટી ડિંગો હાંકે છે. પણ જેવી સત્તાની હવા અડે, એટલે બધો જ ક્રાંતિકારી જુસ્સો ઠંડો પડી જાય છે. રાજકીય નેતાઓ સાથેની આ મુલાકાતો માત્ર પર્સનલ સેટિંગ છે કે પછી પોતાના અંગત સ્વાર્થ માટે ખેડૂતોના હિતોનો સોદો?

ક્યાં ગયા ખેડૂતોના પ્રશ્નો? ખેડૂતો પાણી, પાક વીમા અને મોંઘા બિયારણો સામે ત્રાહિમામ છે, ત્યારે નેતાજી એસી કેબિનોમાં ચા-પાણી પીવામાં વ્યસ્ત છે.

જનતામાં ભારે આક્રોશ: આ મુલાકાતોના ફોટા સામે આવતા જ સામાન્ય ખેડૂતોમાં રાજુ કરપડા સામે રીતસરનો રોષ ફાટી નીકળ્યો છે.




ખેડૂતોના નેતા કહેવડાવવું બહુ સહેલું છે કરપડા સાહેબ, પણ એ ખેડૂતના આંસુ લૂછવા માટે કાળજું જોઈએ. નેતાઓની ઓફિસોના ચક્કર કાપીને તમે સાબિત કરી દીધું કે તમને ખેડૂતોના હિત કરતાં પોતાની રાજકીય ગોઠવણની ચિંતા વધારે છે.

ગુજરાતના રોષે ભરાયેલા ખેડૂતોનો સવાલ: 'અમે તમને અમારા હક માટે લડવા આગળ કર્યા હતા, નેતાઓના શરણોમાં જવા નહીં! જો સત્તાના ખોળામાં જ બેસવું હતું, તો ખેડૂત હિત રક્ષક હોવાનું આ નાટક શું કામ કરતા હતા?'

રાજુ કરપડા, જવાબ આપો! રાજકીય નેતાઓ સાથેની મુલાકાતમાં તમે ખેડૂતોના પ્રશ્નોની ફાઈલ રજૂ કરી કે પછી પોતાના ભવિષ્યનું સેટિંગ કરી આવ્યા? ખેડૂતો સાથેની આ રમત હવે જનતા સહન નહીં કરે!

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસનો ઘૂંટણિયે પડતો ખેલ

## 700થી વધુ બેઠકો પર ઉમેદવાર જ ન રાખ્યા, ભાજપ બિનહરીફ!

### "જો દબાણ હતું, તો કેટલા કેસ નોંધાવ્યા? ગદ્દારોને સસ્પેન્ડ કેમ ન કર્યા?"

**અમદાવાદ**

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રારંભે જ વિપક્ષ તરીકે કોંગ્રેસનું વહાણ મધદરિયે ડૂબી ગયું હોય તેવા ચોંકાવનારા અહેવાલો પ્રેસ અને મીડિયા સમક્ષ આવ્યા છે. લોકશાહીમાં મજબૂત લડત આપવાના દાવા કરતી કોંગ્રેસે રાજ્યભરમાં ૭૦૦થી વધુ બેઠકો ઉપર પોતાના ઉમેદવારો જ ન ઊભા રાખતા અથવા ફોર્મ પાછા ખેંચાઈ જતા શાસક પક્ષ ભાજપનો વિજયમાર્ગ સાવ આસાન બની ગયો છે અને ભાજપ સેંકડો બેઠકો પર બિનહરીફ જાહેર થઈ ચૂક્યું છે. આ શરમજનક પરિસ્થિતિ બાદ હવે કોંગ્રેસના મોવડી મંડળ દ્વારા હંમેશ મુજબ 'વહીવટીતંત્ર અને પોલીસના દુરુપયોગ'નો ઘીસેપીટો રાગ આલાપીને પક્ષ પ્રમુખનો બચાવ કરવાનો ફિયાસ્કો થઈ રહ્યો છે.

અહીં સવાલ એ ઊભો થાય છે કે, જો ખરેખર સરકારી તંત્ર અને પોલીસના જોરે કોંગ્રેસના ઉમેદવારોને ડરાવવામાં આવ્યા હતા, તો પક્ષ આજે પણ સત્તાવાર રીતે




આંકડા જાહેર કેમ નથી કરતી? કોંગ્રેસ હાઈકમાન્ડ જનતાને સ્પષ્ટ કેમ નથી જણાવતું કે આ દબાણ સામે પક્ષે કેટલી પોલીસ ફરિયાદો કે કોર્ટ કેસ નોંધાવ્યા? માત્ર હવામાં તીર ચલાવવાથી જનતા હવે ભોળવવાની નથી. વાસ્તવિકતા એ છે કે, આ આખી ઘટના પાછળ સરકારી તંત્ર કરતાં કોંગ્રેસનું સડેલું સંગઠન અને આંતરિક ગદ્દારી વધુ જવાબદાર છે. પક્ષના મેન્ડેટ મેળવ્યા પછી પણ ચૂંટણી ન લડનારા અને ન વક્તે ફોર્મ પાછા ખેંચીને પક્ષની પીઠમાં છરો ભોંકનારા કેટલા નેતાઓ કે ઉમેદવારોને પક્ષે સસ્પેન્ડ કર્યા? તેનો જવાબ પ્રમુખ પાસે નથી. ચૂંટણી પહેલાં જ શરણાગતિ સ્વીકારી લેવાની આ નબળી નીતિને કારણે પક્ષને ન ભરી શકાય તેવું મોટું નુકસાન થઈ રહ્યું છે. પોતાની જ નાકામિયાબી છુપાવવા માટે તંત્ર પર દોષનો ટોપલો ઢોળનારા નેતાઓ જ આજે કોંગ્રેસને ખતમ કરી રહ્યા છે, તે વાત હવે જગજાહેર થઈ ગઈ છે. ભડવીરો વગર યુદ્ધ જીતાતા નથી, અને જે પક્ષ પોતાના ઉમેદવારો સાચવી શકતો નથી, તે જનતાના હક માટે શું લડશે? તેવો વેધક સવાલ પ્રજા પૂછી રહી છે.

### ધરમપુરમાં તબીબી બેદરકારીનો ગંભીર આક્ષેપ

## પિત્તાશયના ઓપરેશન માટે આવેલો 35 વર્ષનો યુવાન 'બ્રેઈનડેડ' થયો..!

### ડોક્ટરનો દાવો: "દર્દીને 3 દિવસમાં બે હાર્ટએટેક આવ્યા હતા"

**ધરમપુર**

ધરમપુરની એક ખાનગી હોસ્પિટલમાં બનેલી એક ચોંકાવનારી ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. માત્ર પિત્તાશયની પથરીના સામાન્ય ઓપરેશન માટે પોતાના પગે ચાલીને હોસ્પિટલ આવેલો ૩૫ વર્ષનો સાજો-નરવો યુવાન આજે વેન્ટિલેટર પર મરણ પથારીએ છે અને ડોક્ટરોએ તેને 'બ્રેઈનડેડ' જાહેર કરી દીધો છે. આ ઘટનાને પગલે રોષે ભરાયેલા પરિવારજનોએ હોસ્પિટલ અને તબીબો પર ગંભીર બેદરકારીના આક્ષેપો કર્યા છે, જ્યારે બીજી તરફ ડોક્ટરે પોતાની સફાઈમાં દર્દીને હાર્ટએટેક આવ્યા હોવાની વાત કહી છે.

મળતી માહિતી મુજબ, ૩૫ વર્ષના યુવાનને પિત્તાશયમાં તકલીફ હોવાથી તેને ધરમપુરની સ્થાનિક હોસ્પિટલમાં ઓપરેશન માટે દાખલ કરવામાં આવ્યો હતો. યુવાન સંપૂર્ણપણે સ્વસ્થ હતો અને જાતે ચાલીને હોસ્પિટલ આવ્યો હતો. ઓપરેશન થિયેટરમાં લઈ ગયા બાદ અચાનક તેની સ્થિતિ બગડી હતી અને ઓપરેશન દરમિયાન જ તે કોમામાં સરી પડ્યો હતો. બાદમાં તબીબો દ્વારા તેને 'બ્રેઈનડેડ' જાહેર કરવામાં આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું.

પીડિત પરિવારના સભ્યોએ હોસ્પિટલ બહાર ભારે આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે: 'જે વ્યક્તિ અડધા કલાક પહેલાં અમારી સાથે હસતો-રમતો વાત કરતો હતો, તે અચાનક બ્રેઈનડેડ કેવી રીતે થઈ શકે?'

એનેસ્થેસિયા (બેભાન કરવાની દવા)ના ઓવરડોઝ અથવા ઓપરેશન દરમિયાન થયેલી કોઈ મોટી ચૂક સોંસરવી નીકળી છે.

પરિવારે ન્યાયની માંગ સાથે હોસ્પિટલ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ડોક્ટરની સફાઈ: 'બેદરકારી નહીં, મેડિકલ ઈમરજન્સી છે'

બીજી તરફ, આ ગંભીર આક્ષેપો વચ્ચે હોસ્પિટલના મુખ્ય તબીબે મીડિયા સમક્ષ પોતાનો પક્ષ રાખતા જણાવ્યું છે કે, આમાં કોઈ તબીબી બેદરકારી નથી થઈ.

### AC કેબિનમાં બેસતા બાબુઓ, આ તે કેવું સંચાલન?

## મોદીજી કહે 'પબ્લિક ટ્રાન્સપોર્ટ વાપરો', પણ અહીં જનતા 4 કલાકથી તડકામાં શેકાય છે..!

**અમદાવાદ**

એક તરફ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્ટેજ પરથી મોટી-મોટી વાતો કરે છે કે પર્યાવરણ બચાવો, પ્રદૂષણ ઘટાડો અને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરો. નેતાઓ ટ્વીટર પર ફોટા મૂકીને જનતાને જ્ઞાન વહેંચે છે.

પણ સાહેબ, જરા ગ્રાઉન્ડ ઝીરો પર આવીને જુઓ! તમારી એ ગુલાબી વાતો અને કડવી વાસ્તવિકતા વચ્ચે આભ-જમીનનો તફાવત છે. પબ્લિક ટ્રાન્સપોર્ટ વાપરવાના ગુણગાન ગાતા તંત્રની લાલિયાવાડીના કારણે આજે સામાન્ય જનતા કાળઝાળ તડકામાં ચાર-ચાર કલાકથી શેકાઈ રહી છે. આ તે કેવું વહીવટી સંચાલન?

રાજ્યના બસ સ્ટેન્ડો પર મુસાફરોની જે દશા થઈ રહી છે તે જોઈને પથ્થર દિલના માણસને પણ દયા આવી જાય. બસોના કોઈ ઠેકાણા નથી, ટાઈમ ટેબલ માત્ર કાગળ પર શોભે છે.




તડકાનો કહેર: પારો ૪૨ ડિગ્રીને પાર છે, લૂ ફેંકાઈ રહી છે અને નાના બાળકો તેમજ વૃદ્ધો બસની રાહમાં રીતસર રીબાઈ રહ્યા છે.

નથી પાણી, નથી શેડ: એસટી તંત્રના મસમોટા દાવાઓ વચ્ચે સ્ટેન્ડ પર પીવાના ઠંડા પાણીની કોઈ સુવિધા નથી અને બેસવા માટે પૂરતો શેડ પણ નથી.

જવાબદાર ગાયબ: ઈન્ક્વાયરી વિન્ડો પર પૂછવા જાવ તો કાં તો કોઈ હોતું નથી, અથવા 'બસ પાછળથી આવે છે' કહીને તગડી દેવામાં આવે છે.

સાહેબ, એસી ગાડીઓ છોડીને જનતા ક્યારેય પબ્લિક ટ્રાન્સપોર્ટ નહીં અપનાવે!

સરકાર લાખો કરોડો રૂપિયાના ટેક્સ વસૂલે છે, છતાં જનતાને પ્રાથમિક સુવિધા આપવાના નામે મીંડું સાબિત થઈ રહી છે. મંત્રીઓ અને અધિકારીઓ કરોડોની એસી સરકારી ગાડીઓમાં ફરે છે એટલે એમને ખબર નથી કે ૪૨ ડિગ્રીના તડકામાં ૪ કલાક ઊભા રહેવાની પીડા શું હોય છે!

મુસાફરોનો સળગતો સવાલ: 'અમે કઈ આશાએ પબ્લિક ટ્રાન્સપોર્ટ વાપરીએ? ઓફિસે પહોંચવામાં મોડું થાય, તબિયત બગડે અને માનસિક ત્રાસ મળે એ મફતમાં! જો તંત્ર બસો સમયસર દોડાવી શકતું ન હોય, તો આવી ઠાલી અપીલો કરવાનું બંધ કરો.'

પાક્કો ગુજરાતનો સણસણતો સવાલ:

પીએમ મોદીની અપીલ સાચી છે, પણ આવા લંગડા અને ભ્રષ્ટ સંચાલન સાથે જનતા પબ્લિક ટ્રાન્સપોર્ટ તરફ કેવી રીતે વળશે? જનતાને લાઈનોમાં રીબાવવાનું આ પાપ વહીવટી તંત્રના કયા બાબુના માથે જશે? જવાબ આપો સાહેબ!

પાક્કો ગુજરાત

ગુરુવાર | 21 મે 2026 | અમદાવાદ

## બોસ્ટનના વિદ્યાર્થીનો માસ્ટરસ્ટ્રોક અને CJPનો ઉદય

# ભારતના બેરોજગારોનો 'કોકરોચ' બનીને સિસ્ટમ સામે કાઢ્યો મોરચો

નવી દિલ્હી

ભારતમાં એક નવો રાજકીય પક્ષ બન્યો છે. એક એવો રાજકીય પક્ષ, જે બે દિવસ પહેલાં અસ્તિત્વમાં જ નહોતો, જેની પાસે કોઈ કરોડોનું ફંડ નથી કે નથી કોઈ મોટો પાયાનો કાર્યકર્તા બેઝ, છતાં માત્ર 72 કલાકમાં 53 લાખથી વધુ સભ્યો એ પક્ષ સાથે જોડાઈ જાય છે! એટલું જ નહીં, અન્ય પક્ષના સંસદ સભ્યો પણ તેમાં જોડાવા માટે ઉત્સાહ બતાવી રહ્યા છે. સાંભળવામાં આ કોઈ કાલ્પનિક ફિલ્મી સ્ક્રિપ્ટ જેવું લાગે, પરંતુ ભારતના સોશિયલ મીડિયામાં આ હકીકત બની ચૂક્યું છે.

બેરોજગાર યુવાનો, ડિજિટલ મીમ્સ અને સંસ્થાકીય આક્રોશના મિશ્રણમાંથી જન્મેલો આ નવો ટ્રેન્ડ એટલે 'કોકરોચ જનતા પાર્ટી' (Cockroach Janata Party-CJP). જેનું સ્લોગન છે: 'ધર્મનિરપેક્ષ, સમાજવાદી, લોકશાહી અને આળસુ!' (Secular, Socialist, Democratic, and Lazy)

આ આખી વાતની શરૂઆત 15 મે, 2026ના રોજ સુપ્રીમ કોર્ટની એક સુનાવણી દરમિયાન થઈ હતી. વરિષ્ઠ વકીલોના હોદ્દા અંગેની દિલ્હી હાઈકોર્ટની અરજી પર સુનાવણી કરતી વખતે ચીફ જસ્ટિસ સૂર્ય કાંતે એક કડક




ટિપ્પણી કરી હતી.

તેમણે મીડિયા, સોશિયલ મીડિયા અને RTI કાર્યકર્તાઓ દ્વારા ન્યાયતંત્ર પર થતા હુમલા અંગે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'સમાજમાં પહેલેથી જ એવા પરજીવીઓ (બીજા પર નભનારા લોકો) છે, જે સિસ્ટમ પર હુમલો કરે છે અને તમે તેમની સાથે હાથ મિલાવવા માંગો છો? આ યુવાનો 'કોકરોચ' જેવા છે, જેમને કોઈ નોકરી મળતી નથી અને કોઈ વ્યવસાયમાં તેમનું સ્થાન નથી. તેમનામાંથી કેટલાક 'મીડિયા' બની જાય છે, કેટલાક સોશિયલ મીડિયા બની જાય છે, કેટલાક RTI એક્ટિવિસ્ટ બની જાય છે, તો કેટલાક અન્ય પ્રકારના કાર્યકરો બની જાય છે, અને તેઓ દરેક વ્યક્તિ પર હુમલો કરે છે... અને તમે લોકો કોર્ટના તિરસ્કારની અરજીઓ દાખલ કરો છો!'

**અજીબ નામ ધરાવતી પાર્ટી બની અને લોકપ્રિયતાના સીમાડા વટાવવા લાગી**

આ અંગે વિવિધ અહેવાલો આવતા, બીજા જ દિવસે 16 મેના રોજ ચીફ જસ્ટિસ સૂર્ય કાંતે સ્પષ્ટતા કરી કે, મારી ટિપ્પણીને ખોટી રીતે ટાંકવામાં આવી છે. મારો ઈશારો માત્ર એવા લોકો તરફ હતો જેઓ નકલી ડિગ્રીઓ સાથે કાયદાના વ્યવસાયમાં ઘૂસી જાય છે. તેમણે દેશના સામાન્ય યુવાનોના વખાણ કરતા તેમને 'વિકસિત ભારતના આધારસ્તંભ' પણ કહ્યા. પરંતુ, ત્યાં સુધીમાં તો ઈન્ટરનેટની દુનિયામાં આક્રોશનો વંટોળ શરૂ થઈ ચૂક્યો હતો.

## ઊર્જા સંકટ વચ્ચે ક્રૂડનું બિલ ઘટાડવા કેન્દ્રનો નિર્ણય

# પેટ્રોલમાં 30 ટકા સુધી ઇથેનોલ મિશ્રણના નવા ધોરણ જાહેર કરાયા

નવી દિલ્હી

પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવા અંગે કેન્દ્ર સરકારે નોટિફિકેશન જાહેર કર્યા બાદ હવે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)એ પણ તે અંગેના સત્તાવાર નવા નિયમો જાહેર કરી દીધા છે. એટલે કે અત્યાર સુધી પેટ્રોલમાં માત્ર 20 ટકા સુધી ઈથેનોલનું મિશ્રણ કરાતું હતું, જોકે હવે નવા નિયમ મુજબ, મિશ્રણ 30 ટકા સુધી વધારવાની મંજૂરી આપી દેવાઈ છે.

કેન્દ્ર સરકારે અગાઉ 15 મે-2026ના રોજ આ અંગેની મંજૂરી આપી દીધી હતી. ત્યારપછી BISએ પેટ્રોલમાં 20 ટકા ઈથોનોલ મિશ્રણથી આગળ વધીને હવે 22, 25, 27 અને 30 ટકા સુધી મિશ્રણ વધારવાના સત્તાવાર માપદંડો અને ગુણવત્તા ધોરણો નક્કી કરી દીધા છે.

આ નોટિફિકેશન એવા સમયે જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે ભારત ઘણા સમયથી પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વધારવા પર ભાર આપી રહ્યું છે. આ નવા નિર્ણયથી મોટો ફાયદો એ છે કે, હવે



અન્ય દેશો પર ક્રૂડ ઓઈલની નિર્ભરતા, આયાત અને પ્રદૂષણ ઘટી શકશે. આ ઉપરાંત સ્થાનિક ખાંડ ઉદ્યોગ અને બાયોફ્યુઅલ ઉદ્યોગના ઉત્પાદનમાં વધારો થશે. ઑલ ઈન્ડિયા ડિસ્ટલરી એસોસિએશન (AIDA)ને પણ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે.

AIDAએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે અને તેને ભારતના ઈથેનોલ પ્રોગ્રામ માટે સમયસર લેવાયેલો નિર્ણય ગણાવ્યો છે. AIDAના અધ્યક્ષ વિજેન્દ્ર સિંહે કહ્યું કે, 'BIS દ્વારા E22થી E30 ફ્યૂલ્સ માટે જાહેર કરેલા માપદંડો માત્ર એક નોટિફિકેશન નથી, પરંતુ આ નિર્ણય આવનારા સમયમાં ભારતની ઊર્જા સુરક્ષા વધારશે.

## 'થોડા જ દિવસોમાં દિલ્હીમાંથી હટી જશે ભાજપ સરકાર'

# બંગાળમાં હાર બાદ મમતા બેનર્જીનો મોટો દાવો

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સુપ્રિમો મમતા બેનર્જીએ કેન્દ્રની ભાજપ સરકાર પર પ્રહારો કર્યા છે. ચૂંટણી પછીની કથિત હિંસા વિરુદ્ધ મમતા બેનર્જી પોતે વકીલના ડ્રેસમાં કોર્ટ પહોંચ્યા હતા. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી 2026માં ભારતીય જનતા પાર્ટી (BJP) સામે 207 બેઠકો સામે માત્ર 80 બેઠકો પર સિમિત થઈને સત્તા ગુમાવ્યા બાદ, તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના વડા મમતા બેનર્જીએ ભાજપ પર જોરદાર રાજકીય પ્રહાર કર્યો છે. 19 મે ના રોજ કાલીઘાટ સ્થિત પોતાના નિવાસસ્થાને પક્ષના ધારાસભ્યોની બેઠકને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દાવો કર્યો હતો કે, 'આવનારા દિવસોમાં ભાજપ સરકારને દિલ્હી (કેન્દ્ર) ની સત્તા પરથી પણ હટાવી દેવામાં આવશે.' તેમણે ઉમેર્યું કે બંગાળમાં ભલે ટીએમસીનું 15 વર્ષનું શાસન ખતમ થયું હોય, પરંતુ ભાજપ સામે તેમની લડાઈ અટકશે નહીં. મમતા બેનર્જીએ વર્તમાન શુભેન્દુ અધિકારી સરકાર પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, ચૂંટણી પરિણામો બાદ



રાજ્યમાં લઘુમતી સમુદાયો અને રસ્તા કિનારે દુકાન લગાવતા ગરીબ હોકર્સને જાણી જોઈને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ચૂંટણી પછીની હિંસાના નામે હોકર્સની દુકાનો પર 'બુલડોઝર' ચલાવવામાં આવી રહ્યા છે. આ 'બુલડોઝર સંસ્કૃતિ' અને તાનાશાહી વિરુદ્ધ ટીએમસી દ્વારા 21 મે 2026 થી કોલકાતાના બstatusલીગંજ, હાવડા જંક્શન અને સિયાલદહ રેલવે સ્ટેશનની આસપાસ મોટા પાયે વિરોધ પ્રદર્શન શરૂ કરવામાં આવશે. ટીએમસીને આશા છે કે આ જન-આંદોલન દેશભરમાં ભાજપ વિરુદ્ધ વાતાવરણ તૈયાર કરશે. ચૂંટણી પરિણામો બાદ કોલકાતા, હાવડા અને અન્ય જિલ્લાઓમાં થયેલી હિંસા, આગજની અને તોડફોડ મામલે ટીએમસીએ કાનૂની માર્ગ અપનાવ્યો છે. ટીએમસીએ કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુજોય પોલ સમક્ષ એક અરજી દાખલ કરીને ટીએમસી કાર્યકરો અને તેમની ઓફિસો પર થઈ રહેલા હુમલા અટકાવવાની માંગ કરી છે. આ મામલાની ગંભીરતાને જોતા, 14 મે ના રોજ મમતા બેનર્જી પોતે વકીલનો પોશાક (કાળો ગાઉન) પહેરીને કલકત્તા હાઈકોર્ટના ચીફ જસ્ટિસની કોર્ટમાં પક્ષ રજૂ કરવા હાજર થયા હતા.

## દેશની ત્રણ મોટી ઓઇલ કંપનીના નફામાં બમ્પર ઉછાળો

# ઓઇલ કંપનીઓને ખોટની વાતો વચ્ચે માર્ચ ક્વાર્ટરમાં 26,000 કરોડનો ધૂમ નફો

નવી દિલ્હી

એક તરફ દેશની સામાન્ય જનતા પેટ્રોલ અને ડીઝલના ઊંચા ભાવોના કારણે મોંઘવારીનો માર સહન કરી રહી છે, ત્યારે બીજી તરફ દેશની સરકારી પેટ્રોલિયમ કંપનીઓ કમાણીના નવા રૅકોર્ડ બનાવી રહી છે. તાજેતરમાં જાહેર થયેલા નાણાકીય પરિણામો દર્શાવે છે કે, પેટ્રોલિયમ કંપનીઓને તો જબરદસ્ત નફો થયો છે, પરંતુ સામાન્ય પ્રજાના ખિસ્સા ખાલી થઈ રહ્યા છે. દેશની અગ્રણી ઓઇલ કંપની ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ(HPCL)એ 2025-26ના નાણાકીય વર્ષમાં નફાના તમામ જૂના રૅકોર્ડ તોડી નાખ્યા છે. આ ઓઇલ કંપનીઓને ખોટની વાતો વચ્ચે



માર્ચ ક્વાર્ટરમાં રૂ. 26,000 કરોડનો ધૂમ નફો થયો છે.

સામાન્ય પ્રજા જ્યારે પેટ્રોલ પંપ પર મોંઘા ભાવનું ઇંધણ ભરાવીને પોતાનું ખિસ્સું ખાલી કરી રહી છે, ત્યારે સરકારી ઓઇલ કંપનીઓની તિજોરીઓ છલકાઈ રહી છે. ઈન્ડિયન ઓઈલ(IOCL)ને માર્ચ ક્વાર્ટર 2026માં રૂ. 14,667 કરોડ નફો થયો છે. તો ભારત પેટ્રોલિયમ(BPCL)નો માર્ચ ક્વાર્ટર 2026નો નફો રૂ. 6,442 કરોડ છે. એવી જ રીતે, હિંદુસ્તાન પેટ્રોલિયમ (HPCL) કંપનીનો માર્ચ ક્વાર્ટર 2026નો નફો રૂ. 4,902 કરોડે પહોંચી ગયો છે.

આ કંપનીઓનો દાવો છે કે, બે વાર ભાવ વધારો કર્યા પછી પણ તેઓ પેટ્રોલમાં લીટરે રૂ. 10થી 14 અને ડીઝલમાં લિટરે રૂ.25થી 30ની ખોટ કરી રહ્યા છે. આ અંગે BPCLના ફાયનાન્સ ડિરેક્ટર વી. રામકૃષ્ણ ગુપ્તા જણાવી ચૂક્યા છે કે, તાજેતરમાં ઈંધણના ભાવમાં વધારો કરાયો હોવા છતાં કંપનીને હજુ પણ ડીઝલ પર પ્રતિ લિટર રૂ.25થી 30 અને પેટ્રોલ પર પ્રતિ લિટર રૂ.10થી 14નું નુકસાન થઈ રહ્યું છે.

હકીકત એ છે કે, સામાન્ય માણસના ઘરનું બજેટ ભલે ખોરવાયું પણ પ્રજાનું તેલ કાઢીને કંપનીઓએ નફાનો જોરદાર બૂસ્ટર ડોઝ મેળવી લીધો છે! રસપ્રદ વાત એ છે કે, ઈન્ડિયન ઓઈલ ભારત સરકારને 909 કરોડ ડિવિડન્ડ પણ ચૂકવશે, કંપનીની એક શેર સામે રૂ. 1.25 ડિવિડન્ડની જાહેરાત કરી છે.

પેટ્રોલિયમ કંપનીઓના આ આંકડા સ્પષ્ટ કરે છે કે, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવોની સ્થિતિ ગમે તે હોય, કંપનીઓએ પોતાનો નફો સંપૂર્ણ રીતે સુરક્ષિત રાખ્યો છે. બીજી તરફ સામાન્ય પ્રજા માટે પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ મોટો રાહતજનક ઘટાડો ન થતાં, સામાન્ય માણસની આર્થિક ખોટ અને મુશ્કેલીઓ આજે પણ યથાવત્ રહી છે.


## વિજય સરકારને સહયોગી પાર્ટીની ધમકી

# AIADMK સાથે હાથ ન મિલાવતા નહીંતર સમર્થન પાછું ખેંચીશું : CPI-M

તમિલનાડુ

તમિલનાડુની રાજનીતિમાં સરકાર બન્યાના ગણતરીના દિવસોમાં જ મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. મુખ્યમંત્રી થલપતિ વિજયની સરકારને બહારથી ટેકો આપી રહેલા ડાબેરી પક્ષોએ (લેફ્ટ ફ્રન્ટ) સમર્થન પાછું ખેંચવાની ખુલ્લી ધમકી આપી દીધી છે.

તમિલનાડુમાં નવી સરકારની રચનાના થોડા જ દિવસોમાં ભારે રાજકીય ગરમાવો આવી ગયો છે. મુખ્યમંત્રી થલપતિ વિજયની પાર્ટી 'તમિઝગા વેત્રી કઝગમ' (TVK) ની સરકારને બહારથી ટેકો આપી રહેલી માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી (CPI-M) એ સરકાર ઉથલાવી દેવાની સત્તાવાર ધમકી આપી છે. માકપાએ સ્પષ્ટ શબ્દોમાં



અલ્ટીમેટમ આપ્યું છે કે, જો સીએમ વિજયે રાજ્યના મુખ્ય વિરોધ પક્ષ અન્નાદ્રમુક (AIADMK) સાથે કોઈ પણ પ્રકારની સમજૂતી કરી અથવા તેમના ધારાસભ્યોને કેબિનેટમાં મંત્રી પદ આપવાનો પ્રયાસ કર્યો, તો તેઓ સરકાર પરથી પોતાનો હાથ તાત્કાલિક અસરથી ખેંચી લેશે. માકપા (CPI-M) ના વરિષ્ઠ નેતા શનમુગમે મુખ્યમંત્રી વિજય પર આકરા પ્રહારો કરતા તેમને ચૂંટણીના વચનો યાદ અપાવ્યા છે. શનમુગમે પત્રકારોને જણાવ્યું કે, 'તમિલનાડુની જનતાએ આ વખતે શાસક પક્ષ ડીએમકે (DMK) અને પૂર્વવર્તી એઆઈએડીએમકે (AIADMK) બંનેના ભ્રષ્ટાચારથી કંટાળીને ટીવીકે (TVK) ને એક સ્પષ્ટ અને નવો જનાદેશ આપ્યો હતો. ડાબેરી પક્ષો અને વીસીકે (VCK) એ માત્ર એટલા માટે જ સરકારને બહારથી સમર્થન આપ્યું હતું જેથી રાજ્યની જનતાને એક સ્વચ્છ અને ભ્રષ્ટાચાર મુક્ત વિકલ્પ મળી શકે.' તેમણે વધુમાં ઉમેર્યું કે, ચૂંટણી પ્રચાર દરમિયાન થલપતિ વિજયે 'શાસનને સંપૂર્ણપણે સાફ કરવાનો' અને ક્લીન ગવર્નન્સ આપવાનો વાયદો કર્યો હતો. હવે જો તેઓ સરકાર ચલાવવા કે ટકાવી રાખવા માટે એ જ AIADMK ની ટીમનો સહારો લેશે, તો તે તમિલનાડુની જનતાની પીઠમાં છરો ભોંકવા સમાન અને જનાદેશનું અપમાન ગણાશે.

## મુસાફરોને સતર્ક રહેવા અપીલ

# રેલવેમાં વધતી જતી આગની ઘટનાઓ પર ચોંકાવનારો ખુલાસો

નવી દિલ્હી

દેશભરમાં તાજેતરમાં ટ્રેનોમાં લાગેલી આગની ઘટનાઓને લઈને ભારતીય રેલવેએ એક દાવો કર્યો છે. રેલવેના જણાવ્યા અનુસાર, હાલના દિવસોમાં અલગ-અલગ રાજ્યોમાં ટ્રેનોમાં લાગેલી આગની ઘટનાઓ કોઈ અકસ્માત નથી, પરંતુ તેની પાછળ અસામાજિક તત્ત્વોનો હાથ હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયમાં રાજસ્થાનના અમરપુરા અને કોટામાં તેમજ બિહારના સાસારામ અને બંગાળના હાવડામાં ટ્રેનોમાં આગ લાગવાની ઘટનાઓ સામે આવી હતી. આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરતાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. રેલવે દ્વારા કરવામાં આવેલી તપાસમાં સામે આવ્યું છે કે ટ્રેનોને નુકસાન પહોંચાડવા માટે કેવા



ભયાનક કાવતરા રચવામાં આવ્યા હતા.

અમરપુરા, રાજસ્થાન: અહીં ટ્રેનની અંદર રાખવામાં આવેલી ચાદરો(બેડરોલ અને પથારીના સામાન)માં આગ લગાડવાનો ઈરાદાપૂર્વક પ્રયાસ કરવામાં આવ્યો હતો.

હાવડા, પશ્ચિમ બંગાળ: અહીં ટ્રેનના એક કોચના બાથરૂમમાંથી પેટ્રોલથી ભીંજાયેલું કપડું મળી આવ્યું હતું, જેનાથી મોટી દુર્ઘટના સર્જી શકાય.

કોટા, રાજસ્થાન: અહીંની હાઈપ્રોફાઈલ રાજધાની એક્સપ્રેસના બાથરૂમમાંથી અચાનક આગની લપટો નીકળતી જોવા મળી હતી.

સાસારામ, બિહાર: અહીં એક અજ્ઞાત વ્યક્તિએ ટ્રેનના એક ખાલી કોચની અંદર કોઈ સળગતી વસ્તુ ફેંકી દીધી હતી, જેના કારણે આગ ભભૂકી ઉઠી હતી. રેલવે તરફથી આ ચોંકાવનારો ખુલાસો એવા સમયે કરવામાં આવ્યો છે, જેના થોડા દિવસો પહેલા જ મધ્યપ્રદેશના રતલામમાં દિલ્હી જઈ રહેલી રાજધાની એક્સપ્રેસના એક એસી કોચમાં ભયાનક આગ લાગી હતી.

## લિસ્ટ સાથે અલ્ટીમેટમ અપાતા રાજકીય ગરમાવો

# મમતા બેનર્જીના ભત્રીજાની સંપત્તિઓ પર ફરશે બુલડોઝર?

### મીડિયા રિપોર્ટ્સ મુજબ KMCએ અભિષેક બેનર્જીની 17 જેટલી મિલકતોના ગેરકાયદે બાંધકામ અંગે નોટિસ મોકલી છે

નવી દિલ્હી

લોકસભા સાંસદ અને પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીની મિલકતો સામે મોટી કાર્યવાહી થવાના સંકેત મળી રહ્યા છે. કોલકાતા નગર નિગમ (KMC) દ્વારા તેમની એક ડઝનથી વધુ મિલકતોના સંદર્ભમાં નોટિસ ફટકારવામાં આવી હોવાના અહેવાલ છે. આ નોટિસ દ્વારા તેમને તમામ જરૂરી દસ્તાવેજો રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. જોકે, આ બાબતે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. તાજેતરમાં જ મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ પણ સરકારી અધિકારીઓને તૃણમૂલ કોંગ્રેસ(TMC)ના નેતાઓની મિલકતોની વિગતો એકઠી કરવાના નિર્દેશ આપ્યા હોવાનું જણાવ્યું હતું. મીડિયા રિપોર્ટ્સ મુજબ KMCએ અભિષેક બેનર્જીની 17 જેટલી મિલકતોના ગેરકાયદે બાંધકામ અંગે નોટિસ મોકલી છે. આ નોટિસમાં ઈમારતોના સ્કેચ (નકશા), લિફ્ટ અને એસ્કેલેટર્સ સંબંધિત તમામ મહત્ત્વપૂર્ણ જાણકારીઓ માંગવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટીએમસી નેતા પાસે આ નોટિસને પડકારવાના વિકલ્પો પણ ઉપલબ્ધ છે. પરંતુ, તેમણે એ સ્પષ્ટ કરવું પડશે કે આ ગેરકાયદે બાંધકામો શા માટે તોડી પાડવામાં ન આવે. રિપોર્ટ અનુસાર, આ નોટિસમાં કોલકાતા નગર નિગમ (KMC) અધિનિયમ, 1980ની કલમ 400(1) હેઠળ કડક આદેશ આપવામાં આવ્યો છે. નોટિસમાં લખ્યું છે કે, 'તમારી આ ઈમારતનો જેટલો ભાગ પરવાનગી વિના અથવા નિયમોની વિરુદ્ધ જઈને બનાવવામાં આવ્યો છે, તેને 7 દિવસની અંદર તોડી પાડવામાં આવે.' આ પ્રકારની નોટિસો અભિષેક બેનર્જી સાથે જોડાયેલી તમામ 17 પ્રોપર્ટીઝને મોકલવામાં આવી છે. KMCના સૂત્રોના જણાવ્યા અનુસાર, કલમ 400(1) હેઠળ મકાનમાલિકોને પોતાનો પક્ષ રજૂ કરવાની પૂરતી તક આપવામાં આવે છે. જો કોઈ બાંધકામ ગેરકાયદે સાબિત થાય તો પણ માલિક અધિકારીઓ સમક્ષ હાજર થઈને પોતાની દલીલો રજૂ કરી શકે છે.

## બનારસ હિંદુ યુનિવર્સિટીમાં

# 'બ્રાહ્મણ વિરોધી' પ્રશ્ન પૂછાતા થયો હોબાળો

નવી દિલ્હી

વારાણસીની પ્રખ્યાત બનારસ હિન્દુ યુનિવર્સિટી (BHU) ફરી એકવાર મોટા વિવાદના કેન્દ્રમાં આવી ગઈ છે. BHUમાં એમએ ઈતિહાસ (MA History)ના ચોથા પ્રશ્નપત્રમાં પૂછાયેલા એક સવાલે સોશિયલ મીડિયાથી લઈને શૈક્ષણિક જગત સુધી ભારે હોબાળો મચાવી દીધો છે. પરીક્ષામાં વિદ્યાર્થીઓને સવાલ પૂછવામાં આવ્યો હતો કે, 'બ્રાહ્મણવાદી પિતૃસત્તાએ પ્રાચીન ભારતમાં મહિલાઓની પ્રગતિને કેવી રીતે અવરોધી?' આ સવાલ સામે આવતાની સાથે જ યુનિવર્સિટીના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ સામસામે આવી ગયા છે અને આ સવાલને પૂર્વગ્રહયુક્ત ગણાવીને ભારે વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયું છે.

BHUના ઈતિહાસ વિભાગની પરીક્ષામાં પૂછાયેલા આ પ્રશ્નને લઈને વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો બંને ભારે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. અનેક વિદ્યાર્થીઓનું કહેવું છે કે પ્રશ્નની ભાષા અત્યંત આપત્તિજનક છે અને તે કોઈ એક વિશેષ વર્ગને જાણીજોઈને નિશાન બનાવવા માટે પૂછવામાં આવ્યો હોય તેવું લાગે છે. આ અંગે જ્યોતિષ વિભાગના પ્રોફેસર સુભાષ પાંડેએ આકરા પ્રહાર કરતા જણાવ્યું છે કે, 'આ પ્રશ્ન તદ્દન નિરાધાર છે. આવા વિવાદાસ્પદ પ્રશ્નો તૈયાર કરનારા લોકો વામપંથી (લેફ્ટિસ્ટ) વિચારધારા સાથે જોડાયેલા છે.'

ખુદ ઈતિહાસ વિભાગના પ્રોફેસર અનુરાધા સિંહે પણ આ સવાલનો વિરોધ કરતા કહ્યું કે, 'આ પ્રશ્ન કયા કાળને ધ્યાનમાં રાખીને પૂછાયો છે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ પરીક્ષામાં આવા પ્રશ્નો બિલકુલ ન હોવા જોઈએ, હું પોતે પણ આના પક્ષમાં નથી.' બીજી તરફ, વિદ્યાર્થીએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, 'માલવીયજીની આ પવિત્ર બગીચા (BHU)માં આવા નકારાત્મક પ્રશ્નો ન હોવા જોઈએ અને વિદ્યાર્થીઓ હવે આવા અભ્યાસક્રમનો વિરોધ કરી રહ્યા છે.'


## તંત્રી લેખ...

# જ્યારે જીવનની ભાગદોડમાં મન થાકે, ત્યારે કોઈ પ્રિય પુસ્તક હાથમાં ઉઠાવી લેજો...

### પુસ્તકો માત્ર અક્ષરોનો સંગ્રહ નથી, તે માનવતાની સૌથી કોમળ સ્મૃતિઓનો જીવંત દસ્તાવેજ છે: ભાષા ભલે બદલાય, પણ પ્રેમનો ધબકારો દરેક લિપિમાં એકસરખો જ હોય છે

આજની આ અતિ આધુનિક અને દોડતી જિંદગીમાં આપણી પાસે બધું જ છે, પણ કદાચ શાંતિથી બેસવાની બે પળ નથી. ચારેય તરફ દોડધામ, સોશિયલ મીડિયાની જાળ અને અપેક્ષાઓનો ભાર. પરંતુ, ક્યારેક એવું બને કે જીવનની આ ભીડમાં તમારું મન અચાનક થોડું શાંત થઈ જાય, થોડું રોકાઈ જવા માંગે... ત્યારે કોઈ મોંઘી સલાહ લેવા જવાને બદલે કે મોબાઈલ સ્ક્રીન સ્ક્રોલ કરવાને બદલે, પોતાના કબાટમાંથી કોઈ એક પ્રિય પુસ્તક હાથમાં ઉઠાવી લેજો. કારણ કે, પુસ્તકો એ માત્ર કાગળ પર છાપેલા અક્ષરોનો સંગ્રહ નથી, તે તો મનુષ્યની સંવેદનાઓ અને તેની સૌથી કોમળ સ્મૃતિઓનો અણમોલ ખજાનો છે.

પાન પાનમાં ધબકે છે જિંદગી: તમે જ્યારે કોઈ પુસ્તક ખોલો છો, ત્યારે માત્ર પાના નથી પલટાતા, એક આખી સૃષ્ટિ ખુલે છે. તેના પાનાઓમાં ક્યાંક અગાધ પ્રેમ છુપાયેલો હોય છે, તો ક્યાંક



વિરહની વેદના... ક્યાંક કોઈની પ્રતીક્ષાની ધીમી આંચ હોય છે, તો ક્યાંક કોઈ અધૂરા સ્પર્શની ગૂંજતી ખામોશી. એક પુસ્તક વાંચતી વખતે માણસ એ દરેક લાગણીમાંથી પસાર થાય છે જે તેણે ક્યારેક અનુભવી હોય છે અથવા જે અનુભવવાની તેની તમન્ના હોય છે.

પ્રેમ કોઈ એક ભાષાનો મોહતાજ નથી : પુસ્તકો આપણને એ પણ શીખવે છે કે પ્રેમ, કરુણા અને સંવેદનાઓ કોઈ એક સરહદ કે ભાષાના બંધનમાં નથી બંધાતા. પ્રેમ કોઈ એક ચોક્કસ ભાષાનો નથી હોતો, તે તો પૃથ્વીની દરેક લિપિમાં, દરેક શબ્દમાં એકસરખો જ ધબકે છે. દુનિયાની કોઈપણ ભાષામાં લખાયેલો પ્રેમનો એક સાચો શબ્દ, અંતે તો માણસને તેના પોતાના અંતર આત્મા તરફ જ દોરી જાય છે. તે આપણને એ જગ્યાએ લઈ જાય છે, જ્યાં આપણી જૂની, મીઠી અને ક્યારેક ભૂલાયેલી સ્મૃતિઓ આજે પણ એટલી જ જીવંત શ્વાસ લઈ રહી હોય છે.

સાહિત્ય આપણને આપણા પોતાનાથી જ મેળવે છે

કદાચ આ જ કારણે, જ્યારે આપણે કોઈ મહાન સાહિત્ય કે અદભુત કવિતા વાંચીએ છીએ, ત્યારે આપણને અવારનવાર કોઈ અન્ય વ્યક્તિની યાદ નથી આવતી, પરંતુ આપણી જ ક્યાંક ખોવાઈ ગયેલી સંવેદનાઓની યાદ આવવા લાગે છે. આપણે આપણી જાતને જ ફરીથી ઓળખવા લાગીએ છીએ.

શબ્દોનું સૌથી સુંદર કામ: કોમળતાનો અહેસાસ

ઘણા લોકો માને છે કે શબ્દોનું કામ બે વ્યક્તિઓને મેળવવાનું કે વિચારોનું આદાનપ્રદાન કરવાનું છે. પરંતુ વાસ્તવમાં, શબ્દોનું સૌથી સુંદર અને પવિત્ર કામ કોઈ બીજા સાથે મિલાપ કરાવવાનું નથી, પરંતુ મનુષ્યને તેના પોતાના ભીતરમાં બચેલી કોમળતા અને ભીનાશથી ફરી એકવાર પરિચિત કરાવવાનું છે. જ્યારે પુસ્તક વાંચતા વાંચતા તમારી આંખનો ખૂણો સહેજ ભીનો થાય અથવા હોઠ પર એક આછું સ્મિત આવી જાય, ત્યારે સમજી લેવું કે એ પુસ્તકે તેનું કામ કરી દીધું છે. તે તમને વધુ માણસ, વધુ સંવેદનશીલ બનાવી ગયું છે. તો રાહ શેની જુઓ છો? આજે જ આ દોડધામ ભરી જિંદગીમાંથી થોડો સમય ચોરી લો, એક કપ ચા બનાવો અને તમારા મનગમતા પુસ્તકના પાનાઓમાં ખોવાઈ જાવ. જીવન ફરી એકવાર સુંદર લાગવા માંડશે!

- ગ્રુપ એડિટર પવન માકન

# ઉનાળામાં પરફેક્ટ ડાયટ પ્લાન કેટલું જરૂરી?

ઉનાળામાં શરીરની જરૂરિયાતો બદલાઈ જાય છે. આકરા તડકાને કારણે પરસેવા સાથે શરીરમાંથી પાણી અને જરૂરી મિનરલ્સ નીકળી જાય છે. જો ડાયટમાં ફેરફાર ન કરવામાં આવે તો ડિહાઈડ્રેશન, નબળાઈ, ચક્કર, અપચો અને હીટ સ્ટ્રોક જેવી સમસ્યાઓ થઈ શકે છે. ગરમીથી રાહત મેળવવા માટે કેટલાક લોકો કોલ્ડ ડ્રિંક્સ અને આઈસ્ક્રીમનો સહારો લે છે, જે શરીરને તત્કાળ રાહત તો આપે છે, પરંતુ સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે. ઉનાળામાં શરીરનું તાપમાન સામાન્ય જાળવી રાખવા માટે શરીર સતત પરસેવો બહાર કાઢે છે. આ પ્રક્રિયામાં પાણી અને સોડિયમ-પોટેશિયમ જેવા ઈલેક્ટ્રોલાઈટ્સ બહાર નીકળે છે. આનાથી ડિહાઈડ્રેશન અને નબળાઈનું જોખમ વધે છે. વધુ ગરમીમાં શરીરનો રક્ત પ્રવાહ ત્વચા તરફ વધી જાય છે જેથી ગરમી બહાર નીકળી શકે. આનાથી પાચનતંત્રને ઓછું લોહી મળે છે અને તે થોડું ધીમું પડી જાય છે. આથી ઉનાળામાં હળવો, પાણીથી ભરપૂર અને સુપાચ્ય ખોરાક વધુ સારો માનવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન શરીર ઝડપથી ડિહાઈડ્રેટ થાય છે અને ઊર્જાનો વ્યય પણ વધુ થાય છે. તેથી, આહારમાં પાણીની સાથે એવા પોષક તત્વો જરૂરી છે, જે શરીરને હાઈડ્રેટેડ, ઊર્જાવાન અને સંતુલિત રાખે. ઉનાળામાં વિટામિન-C, પોટેશિયમ, મેગ્નેશિયમ અને ફાઈબરથી ભરપૂર ફળો-શાકભાજી વધુ ફાયદાકારક હોય છે. પ્રોટીન માટે હળવી અને સરળતાથી પચી શકે તેવી વસ્તુઓ જેવી કે દહીં, છાશ, દાળ અને સ્પ્રાઉટ્સ વધુ સારી છે.

વધુ પડતી તેલવાળી, પ્રોસેસ્ડ અને ખાંડવાળી વસ્તુઓ શરીર પર વધારાનું દબાણ લાવી શકે છે. ખાતા પહેલા સાબુથી હાથ અવશ્ય ધોવા. આ સાથે કેટલીક ખાસ બાબતોનું ધ્યાન રાખો- સવારે હળવો નાસ્તો કરો અને બપોરે સંતુલિત ભોજન લો. રાત્રે સૂતા પહેલા 3-4 કલાક હળવું ડિનર લો. વચ્ચે-વચ્ચે ફળ, સલાડ અથવા પ્રવાહી વસ્તુઓ લો, જેથી શરીર હાઈડ્રેટેડ અને એનર્જેટિક રહે. ઘરનું બનેલું તાજું ભોજન જ ખાઓ. એકવારમાં વધુ ખાવાને બદલે દિવસમાં 4-5 વાર થોડી-થોડી માત્રામાં ખાઓ. ઉનાળામાં એવા ફૂડ્સથી બચવું જોઈએ, જે શરીરને ડિહાઈડ્રેટ કરે છે અથવા પચાવવામાં મુશ્કેલ હોય છે. જેમ કે- બેકરી આઈટમ્સ (પેસ્ટ્રી, ક્રીમ બિસ્કિટ), પેકેજ્ડ જ્યુસ , ખુલ્લામાં કાપેલા ફળો, સ્ટ્રીટ ફૂડ, મેયોનીઝ-આધારિત ફૂડ્સ. ખાનપાન સંબંધિત નાની-નાની ભૂલો પણ ડિહાઈડ્રેશન, ડાયજેસ્ટિવ ઈશ્યૂ અને નબળાઈનું કારણ બની શકે છે. જેમ કે- ઓછું પાણી પીવું. તડકામાંથી આવતા જ ઠંડુ પાણી પીવું. તળેલું-શેકેલું ખાવું. કોલ્ડ ડ્રિંક પીવું. ભોજન છોડવું. વધુ ચા-કોફી પીવી. વાસી/બહારનું ભોજન કરવું. કેટલાક લોકોને ડિહાઈડ્રેશન અને ગરમી સંબંધિત સમસ્યાઓનું જોખમ વધુ હોય છે. તેથી તેમણે આહારને લઈને વિશેષ સાવચેતી રાખવી જોઈએ. જેમ કે- જે ડાયાબિટીક છે. જેને હૃદય/ કિડની સંબંધિત સમસ્યાઓ છે.

# વિશ્વમાં દર 3માંથી 1 પુરુષની કેમ થાય છે સુન્નત? શું ફોરસ્કિન વગર સેક્સ લાઈફ વધુ આનંદદાયક બને છે?

### ધાર્મિક માન્યતાઓથી પર થઈને વિજ્ઞાન શું કહે છે? સુન્નત (Circumcision) કરવાથી પુરુષોના સ્વાસ્થ્ય અને સેક્સ લાઈફ પર થતી અસરોનું સાચું વિશ્લેષણ

દુનિયાભરમાં સ્વાસ્થ્ય અને શારીરિક રચનાને લઈને અનેક પ્રકારના સંશોધનો થતા રહે છે. આવો જ એક સંવેદનશીલ અને ચર્ચાસ્પદ વિષય છે 'સુન્નત' (Circumcision), એટલે કે પુરુષના ગુપ્તાંગની ઉપરની ત્વચા (ફોરસ્કિન) ને સર્જરી દ્વારા હટાવવી. વૈશ્વિક આંકડાઓ અનુસાર, વિશ્વમાં દર ત્રણમાંથી એક પુરુષની સુન્નત થયેલી હોય છે. મોટાભાગે આ પ્રક્રિયા ચોક્કસ ધાર્મિક કે સામાજિક રિવાજોના ભાગરૂપે કરવામાં આવે છે, પરંતુ આજના આધુનિક યુગમાં લોકો તેને મેડિકલ સાયન્સ અને સેક્સ્યુઅલ હેલ્થ સાથે જોડીને પણ જોઈ રહ્યા છે. આજે આપણે વિજ્ઞાન અને ડોક્ટરોના અભિપ્રાયના આધારે સમજીશું કે, શું ખરેખર ફોરસ્કિન ન હોવાથી પુરુષોને કોઈ ફરક પડે છે? અને શું સુન્નત કરાવવાથી સેક્સ લાઈફ વધુ આનંદદાયક બને છે?

ફોરસ્કિન ન હોય તો શું ખાસ કોઈ ફરક પડે છે?

મેડિકલ સાયન્સના જણાવ્યા અનુસાર, પુરુષોને ફોરસ્કિન (ત્વચા) ન હોય તો સામાન્ય જીવન જીવવામાં કે પિતા બનવામાં ખાસ કોઈ ફરક પડતો નથી. ફોરસ્કિનનું મુખ્ય કામ ગુપ્તાંગના અગ્રભાગ (Glans) નું રક્ષણ કરવાનું અને તેને મોઈશ્ચરાઈઝ્ડ (ભેજવાળું) રાખવાનું છે. જો કે, જે પુરુષોની સુન્નત થઈ ચૂકી છે તેઓ પણ સામાન્ય પુરુષોની જેમ જ સંપૂર્ણ સ્વસ્થ જીવન જીવી શકે છે.

શું સુન્નત કરાવવાથી સેક્સ વધુ આનંદદાયક બને છે? વિજ્ઞાન શું કહે છે?

સુન્નત અને સેક્સ લાઈફના સંબંધને લઈને દુનિયાભરમાં ઘણા રિસર્ચ થયા છે. આ અંગે વિજ્ઞાન અને સંશોધનો નીચે મુજબના તથ્યો સામે લાવે છે:

સંવેદનશીલતા (Sensitivity) માં ફેરફાર: ફોરસ્કિન હટાવી દેવાથી ગુપ્તાંગનો અગ્રભાગ હંમેશા ખુલ્લો રહે છે, જેના કારણે કપડાં સાથેના સતત ઘર્ષણને લીધે સમય જતાં તેની ત્વચા થોડી



જાડી અને ઓછી સંવેદનશીલ બની જાય છે.

બેડ પ્લેઝર (સેક્સ આનંદ): કેટલાક સંશોધનો દર્શાવે છે કે સંવેદનશીલતા થોડી ઓછી થવાને કારણે પુરુષો સેક્સ દરમિયાન લાંબો સમય ટકી શકે છે (એટલે કે શીઘ્રપતનની સમસ્યામાં રાહત મળી શકે છે), જેને કેટલાક લોકો વધુ આનંદદાયક માને છે. જો કે, બીજી તરફ કેટલાક રિસર્ચ એવું પણ કહે છે કે કુદરતી ત્વચા (ફોરસ્કિન) સેક્સ દરમિયાન નેચરલ લ્યુબ્રિકેશન (ચીકાશ) અને ઘર્ષણ ઘટાડવામાં મદદ કરે છે, જે બંને પાર્ટનર માટે કમ્ફર્ટેબલ હોય છે.

નિષ્કર્ષ: મેડિકલ સાયન્સ મુજબ, સુન્નત કરાવવાથી સેક્સના એકંદર આનંદ (Orgasm) માં કોઈ મોટો કે નકારાત્મક ઘટાડો થતો નથી. બંને સ્થિતિમાં (સુન્નત વગર કે સુન્નત સાથે) પુરુષો સમાન રીતે સેક્સ લાઈફનો આનંદ માણી શકે છે.

મેડિકલ સાયન્સ મુજબ સુન્નતના ફાયદા શું છે?

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અને હેલ્થ એક્સપર્ટ્સના મતે, સુન્નત કરાવવાના કેટલાક તબીબી ફાયદા ચોક્કસ છે:

૧. હાઈજીન (સ્વચ્છતા): ફોરસ્કિનની અંદર 'સ્મેગ્મા' નામનો સફેદ પદાર્થ જમા થાય છે, જો તેની નિયમિત સફાઈ ન થાય તો ચેપ (ઈન્ફેક્શન) લાગી શકે છે. સુન્નત કરાવેલા પુરુષોમાં આ ભાગની સફાઈ રાખવી ખૂબ સરળ બને છે.

૨. એસટીડી (STD) નું ઓછું જોખમ: સંશોધનો દર્શાવે છે કે સુન્નત કરાવેલા પુરુષોમાં એચઆઈવી (HIV) અને અન્ય સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ઈન્ફેક્શન લાગવાનું જોખમ અમુક અંશે ઘટી જાય છે.

૩. બીમારીઓથી બચાવ: કેટલાક પુરુષોમાં 'ફિમોસિસ' (ફોરસ્કિન પાછળ ન ખેંચાવી) ની સમસ્યા હોય છે, જેના ઈલાજ માટે ડોક્ટરો સર્જરી એટલે કે સુન્નત કરાવવાની જ સલાહ આપે છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ હેલ્થ ટિપ:

કોઈપણ પુરુષ માટે સુન્નત કરાવવી કે ન કરાવવી એ તેનો વ્યક્તિગત, ધાર્મિક અથવા મેડિકલ નિર્ણય હોઈ શકે છે. વિજ્ઞાનના મતે, સેક્સનો આનંદ માત્ર શારીરિક ત્વચા પર નહીં, પરંતુ પાર્ટનર સાથેના પરસ્પર તાલમેલ, માનસિક સ્થિતિ અને એકંદર સ્વાસ્થ્ય પર આધાર રાખે છે. જો કોઈ મેડિકલ તકલીફ ન હોય, તો માત્ર સેક્સ લાઈફ બદલવાના આશયથી સર્જરી કરાવવાની કોઈ વૈજ્ઞાનિક જરૂરિયાત હોતી નથી.

# રાષ્ટ્ર કાજે બલિદાન આપનારા વીર શહીદોનો આત્મા ક્યાં જાય છે? પૂજ્ય પ્રેમાનંદજી મહારાજે કર્યો ખુલાસો

### "જે ધર્મ અને પ્રજાની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરે છે, તે જીવન-મરણના ફેરામાંથી મુક્ત થઈ બ્રહ્માંડમાં દેવોની હરોળમાં સ્થાન પામે છે"

વૃંદાવન/અમદાવાદ, પાક્કો ગુજરાત પ્રતિનિધિ

આજના સમયમાં કરોડો યુવાનોના પ્રેરણાસ્ત્રોત અને વૃંદાવનના પરમ પૂજ્ય સંત સ્વામી પ્રેમાનંદજી મહારાજે પોતાના એક ધાર્મિક પ્રવચનમાં આધ્યાત્મિકતા અને રાષ્ટ્રભક્તિનો અદ્ભુત સમન્વય સાધતો એક મોટો ખુલાસો કર્યો છે. સામાન્ય રીતે માનવીના મનમાં સવાલ થતો હોય છે કે મૃત્યુ પછી કયો આત્મા આ સંસારના જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મેળવીને બ્રહ્માંડમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કરે છે? આ ગૂઢ રહસ્ય પરથી પડદો હટાવતા પૂજ્ય સ્વામીજીએ વીર શહીદોના મહિમાને દેવતુલ્ય ગણાવ્યો છે.

પૂજ્ય પ્રેમાનંદજી મહારાજે પોતાના પ્રવચનમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જે વીર પુરુષો અને સૈનિકોએ પોતાના મહામૂલા પ્રાણ આ રાષ્ટ્ર, દેશની પ્રજા, અને ધર્મની સલામતી તથા સુરક્ષા કાજે દુશ્મનો સામે લડતા-લડતા ન્યોછાવર કરી દીધા છે, તેમનો આત્મા સર્વોચ્ચ ગતિને પ્રાપ્ત કરે છે.

બ્રહ્માંડમાં દેવોની વચ્ચે મળે છે સ્થાન

મહારાજશ્રીએ ઉમેર્યું કે, આવા વીર શહીદોના પવિત્ર આત્માઓ આ પૃથ્વીલોકના બંધનોમાંથી સદંતર મુક્ત થઈ જાય છે. સમગ્ર બ્રહ્માંડમાં જ્યાં દિવ્ય શક્તિઓ અને દેવતાઓ વાસ કરે છે, ત્યાં આ શહીદોના આત્માને પરમ સ્થાન મળે છે.

દેશની સરહદો પર કે ધર્મની રક્ષા કાજે ખેલાતા યુદ્ધમાં શહીદ થવું એ કોઈ





સાધારણ ઘટના નથી, પરંતુ એ એક સર્વોચ્ચ આધ્યાત્મિક સાધના સમાન છે. જે વ્યક્તિ પોતાના સમગ્ર અસ્તિત્વની આહુતિ સમષ્ટિ કલ્યાણ માટે આપી દે છે, તેને પ્રભુના ચરણોમાં સીધું સ્થાન મળે છે.

વામીજીના આ નિવેદને દેશના વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની સાથે-સાથે સમાજને એક નવો દ્રષ્ટિકોણ આપ્યો છે કે રાષ્ટ્ર સેવા એ જ સાચી પ્રભુ સેવા છે.

**પાક્કો ગુજરાત વિશેષ નોંધ:**

પૂજ્ય પ્રેમાનંદજી મહારાજની આ વાણી આપણને એ વાતની અનુભૂતિ કરાવે છે કે જે સૈનિકો આપણી રક્ષા માટે સરહદ પર જાગે છે અને શહીદી વહોરે છે, તેઓ માત્ર દેશના રક્ષક નથી પણ આધ્યાત્મિક જગતના મહાનાયક છે. વીર શહીદો પ્રત્યે આદરભાવ વધારતો સ્વામીજીનો આ સંદેશ આજે દેશના ખૂણે-ખૂણે ગુંજી રહ્યો છે.


# કિમોથેરાપી નહીં માત્ર સાત મિનિટમાં કેન્સરની ટ્રિટમેન્ટ થશે

### પ્રકારના ફેફસાંના કેન્સરની સારવાર માટે બજારમાં ટેસેન્ટ્રીક એસસી (એટેઝોલિઝુમેબ) નામની દવા આવી છે. ઈન્જેક્શન દ્વારા અપાતી આ દવા થકી જે સારવાર થાય છે તેના માટે માત્ર સાત મિનિટ જ લાગે છે. તેના કારણે હોસ્પિટલના વારંવારના ધક્કા ખાવાથી અને કલાકો સુધી હોસ્પિટલમાં બેસી રહેવાથી રાહત મળશે રૂ નોન સ્મોલ સેલ લંગ કેન્સરમાં સર્જરી બાદ તેનો ઉપયોગ કરી શકાય છે. મેટાસ્ટિટક નોન સ્મોલ સેલ લંગ કેન્સરમાં તેનો ઉપયોગ કરી શકાય છે. આ સિવાય એક્સ્ટેન્સિવ સ્ટેજ સ્મોસ સેલ લંગ કેન્સરમાં પણ ઉપયોગ થશે.

પ્રકારના ફેફસાંના કેન્સરની સારવાર માટે બજારમાં ટેસેન્ટ્રીક એસસી (એટેઝોલિઝુમેબ) નામની દવા આવી છે. ઈન્જેક્શન દ્વારા અપાતી આ દવા થકી જે સારવાર થાય છે તેના માટે માત્ર સાત મિનિટ જ લાગે છે. તેના કારણે હોસ્પિટલના વારંવારના ધક્કા ખાવાથી અને કલાકો સુધી હોસ્પિટલમાં બેસી રહેવાથી રાહત મળશે રૂ નોન સ્મોલ સેલ લંગ કેન્સરમાં સર્જરી બાદ તેનો ઉપયોગ કરી શકાય છે. મેટાસ્ટિટક નોન સ્મોલ સેલ લંગ કેન્સરમાં તેનો ઉપયોગ કરી શકાય છે. આ સિવાય એક્સ્ટેન્સિવ સ્ટેજ સ્મોસ સેલ લંગ કેન્સરમાં પણ ઉપયોગ થશે. આ સિવાય કેન્સરના એક એવા પ્રકાર કે જેને હેપાટોસેલ્યુલર કેસીનોમા કહે છે જેમાં સર્જરી શક્ય નથી તેમાં તેનો ઉપયોગ કરી શકાશે રૂ આ દવા હાલના સમયમાં ખૂબ જ મોંઘી છે. તેની એક વાયલ અંદાજે ૩.૭ લાખની કિંમતની આવે છે અને દર ત્રણ અઠવાડિયે તે લેવી પડે છે. ખાસ વાત એ છે કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય યોજનાના વિવિધ કાર્ડ ધરાવતા લોકોને પણ આ દવા આપવામાં આવે છે. જાણકારોના મતે આ દવાની છ સાઈકલ પૂરી કરવી પડે છે. તેના કારણે તેનો ખર્ચ ખૂબ જ વધી જાય છે ભારતમાં કેન્સરના દર્દીઓની સંખ્યા સખત વધારે છે. દર વર્ષે હજારો દર્દીઓ ઉમેરાતા જાય છે. મોંઘી સારવાર, અપૂરતી સારવાર અને ઘણી વખત મોડા નિદાનના કારણે દર વર્ષે લાખો લોકો કેન્સરને પગલે જીવ પણ ગુમાવી રહ્યા છે. જે લોકોને સારવાર મળે છે તેમને અસહ્ય પીડામાંથી પસાર થવું પડે છે. તેમાંય આઈવી લગાવીને કલાકો સુધી કિમોથેરાપી લેવાની પીડા પણ અસહ્ય હોય છે. દર્દીને તો પીડા થતી જ હોય છે પણ તેની સાથે તેના કેરટેકર અને સંબંધીઓને પણ સમસ્યા થતી હોય છે.

તાજેતરમાં એક એવી દવા બજારમાં આવી છે. ચોક્કસ પ્રકારના ફેફસાંના કેન્સરની સારવાર માટે બજારમાં ટેસેન્ટ્રીક એસસી (એટેઝોલિઝુમેબ) નામની દવા આવી છે. ઈન્જેક્શન દ્વારા અપાતી આ દવા થકી જે સારવાર થાય છે તેના માટે માત્ર સાત મિનિટ જ લાગે છે. તેના કારણે હોસ્પિટલના વારંવારના ધક્કા ખાવાથી અને કલાકો સુધી હોસ્પિટલમાં બેસી રહેવાથી રાહત મળશે. ખાસ કરીને ભારતમાં જ્યાં દર વર્ષે ૮૦,૦૦૦ જેટલા ફેફસાંના કેન્સરના દર્દીઓ સામે આવે છે જ્યાં આ સારવાર ઘણી ઉપયોગી સાબિત થાય તેમ છે. જાણકારોના મતે ફેફસાંના કેન્સરના ઘણા પ્રકાર છે. તેની વિવિધ સ્તરે અલગ અલગ સારવાર કરવામાં આવે છે. નવી દવા એટલે કે ટેસેન્ટ્રીક એસસી દ્વારા ઈન્જેક્ટિબલ પદ્ધતિથી દર્દીઓની સારવાર કરવામાં આવશે. સ્વિ ફાર્મા કંપની રોશ દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. નોન સ્મોલ સેલ લંગ કેન્સરમાં સર્જરી બાદ તેનો ઉપયોગ કરી શકાય છે. મેટાસ્ટિટક નોન સ્મોલ સેલ લંગ કેન્સરમાં તેનો ઉપયોગ કરી શકાય છે. આ સિવાય એક્સ્ટેન્સિવ સ્ટેજ સ્મોસ સેલ લંગ કેન્સરમાં પણ ઉપયોગ થશે. આ સિવાય કેન્સરના એક એવા પ્રકાર કે જેને હેપાટોસેલ્યુલર કેસીનોમા કહે છે જેમાં સર્જરી શક્ય નથી તેમાં તેનો ઉપયોગ કરી શકાશે.

તે સિવાય બીઆરએએફ વી ૬૦૦૦ એડવાન્સ મેલાનોમામાં પણ તેનો ઉપયોગ થશે. ભારતમાં લાવવામાં આવેલી આ કેન્સરની દવા ટેસેન્ટ્રીક એસસીનો સૌથી મોટો ફાયદો એ છે કે, તેના માટે આઈવીની જરૂર નથી. તેને સીધી જ ઈન્જેક્શનની જેમ આપી શકાય છે. તેના કારણે કલાકોની સારવારમાંથી મુક્તિ મળશે. દુનિયામાં પહેલી વખત એવી દવા બજારમાં આવી છે જે સરળતાથી ફેફસાંના કેન્સરમાં ઉપયોગમાં લઈ શકાય છે અને અસરકારક સાબિત થાય છે. ખાસ વાત એ છે કે, ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા આ વર્ષે ફેબ્રુઆરીમાં ફેફસાના કેન્સરની સારવાર માટે ટેસેન્ટ્રીક એસસીનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ દવા હાલના સમયમાં ખૂબ જ મોંઘી છે. તેની એક વાયલ અંદાજે ૩.૭ લાખની કિંમતની આવે છે અને દર ત્રણ અઠવાડિયે તે લેવી પડે છે. ખાસ વાત એ છે કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય યોજનાના વિવિધ કાર્ડ ધરાવતા લોકોને પણ આ દવા આપવામાં આવે છે. જાણકારોના મતે આ દવાની છ સાઈકલ પૂરી કરવી પડે છે. આ દવા જર્મનીથી બનાવીને મોકલવામાં આવે છે. ખાસ વાત એ છે કે, યુનાઈટેડ કિંગડમ દ્વારા ૨૦૨૩માં આ દવાને મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ અત્યાર સુધીમાં ૮૫ દેશોમાં તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ૧૦,૦૦૦ કરતા વધારે દર્દીઓ ઉપર તેનો ઉપયોગ થઈ રહ્યો છે. ૨૦૧૮માં આ જ દવાનું ઈન્ટ્રાવેનસ વર્ઝન લોન્ચ કરવામાં આવ્યું હતું. તેના દ્વારા પણ ફેફસાં અને યુરીનરી ટ્રેક્ટના કેન્સરની સારવાર કરવામાં આવતી હતી. ટેસેન્ટ્રીક કેન્સરના કોષ ઉપર સીધી અસર કરે છે. તે પીડી-એલ૧ રીસેપ્ટર ઉપર અસર કરે છે. સામાન્ય સ્થિતિમાં તે શરીરમાં ખાસ નુકસાન કરતા નથી. સામાન્ય સ્થિતિમાં તે બ્રેક પેડ જેવું કામ કરે છે. તે ઈમ્યુન સેલ અને ટી સેલ્સને અટકાવે છે જેથી તેઓ હેલ્ધી સેલ્સને નુકસાન ન કરે. કેટલાક કેન્સરમાં પીડી-એલ૧ રીસેપ્ટરનું સર્જન થાય છે. તેઓ પીડી-૧ રીસેપ્ટરને ભ્રમમાં નાખે છે જેથી ઈમ્યુનસેલ્સ રોગના કોષ ઉપર કામ કરતા નથી. ટેસેન્ટ્રીક પીડી-એલ૧ ઉપર જ અસર કરે છે જેથી શરીર પોતાની સાજા થવાની કામગીરી રાબેતા મુજબ કરી શકે. ઈમ્યુન સિસ્ટમ રોગના કોષ ઉપર પ્રહાર કરે છે. જાણકારોના મતે ટેસેન્ટ્રીક એસસીમાં એટેઝોલિઝુમેબ અને અમેરિકી બાયોટેક ફર્મ હાલોઝાઈમ થેરાપ્યટિક્સની ટેક્નોલોજીનું કોમ્બિનેશન છે. તેથી તે ચામડીની નીચે જઈને કોષ ઉપર કામ કરે છે. તે ચામડીને કામચલાઉ ધોરણે વધારે ખોલી કાઢે છે જેથી દવા ઝડપથી લોહીમાં ભળી જાય અને અસર બતાવવા માંડે. સામાન્ય રીતે ડોક્ટરો દ્વારા દર્દીઓને જાંઘમાં આ દવાના ઈન્જેક્શન આપવામાં આવી રહ્યા છે. તેના કારણે તેની અસરકારકતા વધે છે. બીજી તરફ આ દવાની



આડઅસરો અંગે પણ કંપની દ્વારા જણાવવામાં આવ્યું છે. કંપનીના મતે આ દવા દ્વારા ફેફસાંમાં સમસ્યા થાય છે, આંતરડામાં, લિવરમાં સમસ્યાઓ જોવા મળી શકે છે.

આ ઉપરાંત હોર્મોનમાં ફેરફાર થવાની સમસ્યા પણ થાય છે. તે ઉપરાંત કિડની અને ચામડીમાં પણ સમસ્યાઓ થવાની શક્યતાઓ રહેલી છે. તે સિવાય અન્ય રીએક્શન આવવાની અને શરીરના અન્ય અંગોમાં પણ તેની આડઅસર થવાની શક્યતાઓ રહેલી છે. બોનમેરો ટ્રાન્સફર કરાવનારા દર્દીઓમાં આ દવાના ઉપયોગથી જીવીએચડી જેવી સમસ્યાઓ થવાની પણ ચેતવણી આપવામાં આવી છે. આ સારવારનો સૌથી મોટો ફાયદો એ છે કે, સાત જ મિનિટમાં સારવાર પૂરી થાય છે. તેના કારણે દર્દી, તેના સગા અને હોસ્પિટલ ત્રણેયનો સમય બચે છે. તે ઉપરાંત દર્દીને લાંબી પીડામાંથી પસાર થવું પડતું નથી. હોસ્પિટલો દ્વારા પાંચ દર્દીઓને ઈન્જેક્શન આપી શકાય છે જ્યારે એક દર્દીને આઈવી દ્વારા દવા આપવી પડે છે. જ્યારે આઈવી ટ્રિટમેન્ટ કરવામાં આવે છે ત્યારે પહેલી વખત એક કલાક જાય છે. ત્રણ અઠવાડિયા બાદ તે માત્ર ૩૦ મિનિટની સારવાર થઈ જાય છે. ધીમે ધીમે તે સાત મિનિટ સુધી જાય છે. ખાસ કરીને હોસ્પિટલો માટે પણ રાહતજનક છે કારણ કે આઈવી ટ્રિટમેન્ટ માટે પણ જે કલાકોની તૈયારીઓ અને ત્યારબાદની કામગીરીઓ કરવી પડે છે તેમાંથી મુક્તિ મળે છે. દર્દી પણ રાહત અનુભવે છે. અન્ય ટ્રીટમેન્ટ માટે પહેલાં દર્દીને ઈન્જેક્શન આપવા પડે છે, રાહ જોવી પડે છે અને આ ટ્રીટમેન્ટ સાત મિનિટમાં પૂરી થઈ જાય છે. તેના કારણે સારવારનો અને પીડાનો ૮૦ ટકા જેટલો સમય ઓછો થઈ જાય છે. ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં દિલ્હીમાં એક ૮૦ વર્ષીય મહિલાની સારવારમાં આ દવાના ઉપયોગ દ્વારા હકારાત્મક પરિણામ જોવા મળ્યા હતા. જાણકારોના મતે આ મહિલાએ કિમોથેરાપી લેવાની મનાઈ કરીને આ દવાનો પ્રયોગ કરવાની તત્પરતા દાખવી હતી. તેમને ટેસેન્ટ્રીક એસસી આપવામાં આવ્યા બાદ પહેલાં અઠવાડિયામાં તેમની સ્થિતિ ૩૦ ટકા જેટલી સુધરી હતી. ત્યારબાદ તેમને બીજો અને અનુક્રમે ત્રીજો ડોઝ આપવામાં આવ્યો હતો. ત્રણ ડોઝ લીધા બાદ તેમની સ્થિતિમાં ૮૦ ટકા જેટલો સુધારો જોવા મળ્યો હતો. આગામી ત્રણ ડોઝ બાદ તેઓ સામાન્ય સ્થિતિમાં આવી જાય તેવું અનુમાન લગાવાઈ રહ્યું છે. - દર્દીને પીડા ન થતી હોય તો તેનો વ્યાપક ઉપયોગ થાય તેવી શક્યતા જાણકારોના મતે એક વૃદ્ધ મહિલા ઉપરાંત એક આધેડ ઉપર પણ તેનો સફળ પ્રયોગ કરાયો હતો. મગજ અને લિવર તથા બોન કેન્સરથી પીડાતા દર્દીને કિમોથેરાપીના સ્થાને ટેસેન્ટ્રીક એસસીના ડોઝ આપવામાં આવ્યા હતા. તેના કારણે તેની પીડા ઓછી થઈ અને તબિયતમાં પણ સુધારો જોવા મળ્યો હતો.

ડોક્ટરોએ જણાવ્યું કે, જો આ દવાના ઉપયોગ દ્વારા દર્દીઓને પીડા ન થતી હોય અને સ્થિતિમાં સુધારો થતો હોય તો તેનો વ્યાપક ઉપયોગ કરી શકાય તેમ છે. જો કે આ દવાના ઉપયોગની સૌથી મોટી સમસ્યા તેની કિંમત છે. એક ઈન્જેક્શનનો ભાવ ૩.૭ લાખ છે જે દરેક દર્દીને પોસાય તેમ નથી. આ સંજોગોમાં કંપનીએ દવાના ભાવ ઘટાડવાની ખાતરી આપી છે. તેઓ જણાવે છે કે, ભારતમાં દવાની કિંમત ૮૦ ટકા સુધી નીચે લાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત કંપનીના અધિકારીઓનું માનવું છે કે, ફેફસાંનું કેન્સર કયા પ્રકારનું છે અને તેની કેટલી અસર થઈ છે તેના આધારે દવા નક્કી કરવામાં આવે છે. તેના આધારે જ દવાની કિંમત પણ નક્કી થતી હોય છે. તેઓ જણાવે છે કે, ભારતમાં દવાની કિંમત ૮૦ ટકા સુધી નીચે લાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત કંપનીના અધિકારીઓનું માનવું છે કે, ફેફસાંનું કેન્સર કયા પ્રકારનું છે અને તેની કેટલી અસર થઈ છે તેના આધારે દવા નક્કી કરવામાં આવે છે. તેના આધારે જ દવાની કિંમત પણ નક્કી થતી હોય છે. તેમ છતાં સામાન્ય કિસ્સા માટે દવાની કિંમત ઘટાડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ભારતના ઘણા ડોક્ટરોનો મત છે કે, જો આ દવા થકી સારવારનો સમય માત્ર સાત જ મિનિટ રહેતો હોય અને દર્દીઓનો ઓછી કિંમતમાં દવા મળતી હોય તથા તેનાથી વધારે પીડા ન થતી હોય તો તેનો વ્યાપક ઉપયોગ શક્ય છે. તેનાથી દર્દીઓનો સમય બચશે, તેમના ખીસ્સાને પરવડશે અને ખાસ કરીને કલાકો સુધીની લાંબી પીડા દાયક ટ્રિટમેન્ટથી મુક્તિ મળશે જેથી તેમને શારીરિક અને માનસિક રાહત મળશે.

પાક્કો ગુજરાત

ગુરુવાર | 21 મે 2026 | અમદાવાદ

### ચોમાસું નજીક આવતા જ અધિકારીઓ ચિંતામાં

# ડભોઇના કરોડોના બજેટ છતાં વન વિભાગની કચેરી છેલ્લા 4 વર્ષથી જર્જરિત

■ નવી ઓફિસ બનાવવા માટેના નાણાં પણ સરકારે ઘણા સમય પહેલાં મંજૂર કરી દીધા છે તેમ છતાં વહીવટી તંત્રની આળસ



ડભોઇ

દિવસોમાં ચોમાસું બેસશે છતાં વહીવટી તંત્ર ઘોર નિદ્રામાં મંજૂર થયેલી ગ્રાન્ટ છતાં નવી ઓફિસનું કામ કેમ અટક્યું તે મોટો સવાલ ડભોઇ એક તરફ ગુજરાત સરકાર રાજ્યને ડિજિટલ અને આધુનિક 'ગુજરાત મોડલ' બનાવવાની મોટી-મોટી વાતો કરી રહી છે ત્યારે બીજી તરફ ડભોઇ વન વિભાગની કચેરી સરકારી તંત્રની ઉદાસીનતાની જીવતી જાગતી સાક્ષી પૂરી રહી છે. ડભોઇ શિનોર ચોકડી નજીક, ચાણોદ વાલી ફાટક પાસે આવેલી વન વિભાગની કચેરી છેલ્લા ચાર વર્ષથી અત્યંત જર્જરિત અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગઈ છે નવાઈની વાત એ છે કે આ નવી ઓફિસ બનાવવા માટેના નાણાં પણ સરકારે ઘણા સમય પહેલાં મંજૂર કરી દીધા છે તેમ છતાં વહીવટી તંત્રની આળસને કારણે હજુ સુધી આ કચેરીનું નિર્માણ થઈ શક્યું નથી ચોમાસું માથે છતાં અધિકારીઓ વન ઝૂંપડીમાં બેસવા મજબૂર સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાલુ વર્ષે ચોમાસાની ઋતુ શરૂ થાય તે પહેલાં જ આ નવી ઓફિસનું કામ પૂર્ણ કરી દેવાનું આયોજન હતું જો કે હવે ચોમાસાના માત્ર ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે હજુ સુધી કામ આગળ વધ્યું નથી. છેલ્લા ચાર વર્ષથી આ કન્ડમ (જર્જરિત) બિલ્ડિંગના કારણે વન વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓને અન્ય જગ્યાએ બેસીને કામ કરવાની ફરજ પડી રહી છે આગામી ચોમાસામાં ફરી એકવાર અધિકારીઓએ સુવિધા વગરની 'ધરમપુરી વન ઝૂંપડી'માં બેસવાનો વારો આવશે, જેને લઈને સ્ટાફમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. સૌથી મોટો સવાલ: પકડાયેલા સાપ, દીપડા અને મગરને રાખવા ક્યાં ડભોઇ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર રહેણાંક વિસ્તારોમાંથી સાપ, ઝેરી સરિસૃપો, દીપડા કે નર્મદા નદી કિનારેથી મગર પકડાવાના બનાવો બનતા રહે છે. વન વિભાગની ઓફિસમાં પૂરતી વ્યવસ્થા અને પાંજરા રાખવાની સલામત જગ્યા ન હોવાના કારણે વન્યજીવોના રેસ્ક્યુ ઓપરેશન બાદ તેમને ક્યાં રાખવા તે વન વિભાગના અધિકારીઓ માટે મોટો માથાનો દુખાવો બની ગયો છે. જો કોઈ હિંસક પ્રાણી પકડાય અને સુરક્ષિત વ્યવસ્થા ન હોય, તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે જ્યારે કચેરીના નિર્માણ માટેના પૈસા અને ગ્રાન્ટ વહેલા સર મંજૂર થઈ ગયા છે, તો પછી ઓફિસ બનાવવામાં આટલો વિલંબ કેમ થઈ રહ્યો છેકોન્ટ્રાક્ટર કે વહીવટી તંત્રની કઈ બેદરકારીના કારણે સરકારી કામ ટલ્લે ચઢ્યું છે ઉચ્ચ અધિકારીઓ આ ગંભીર બાબતે કેમ મૌન સેવી રહ્યા છે ચોમાસા દરમિયાન વન્યજીવો બહાર નીકળવાની ઘટનાઓ વધી જતી હોય છે ત્યારે ડભોઇ વન વિભાગની કચેરીનું કામ વહેલી તકે યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવે અને અધિકારીઓને પડતી મુશ્કેલીઓનો અંત આવે તેવી સ્થાનિકો અને કર્મચારીઓની ઉગ્ર માંગ છે.

### તંત્રની નફ્ફટાઈ: છોટાઉદેપુરમાં 3 વર્ષથી પુલ અધ્ધરતાલ

# 15 પ્રસૂતાઓ ઝોળીમાં જવા મજબૂર છતાં 'મેડમ' અડીખમ!

છોટાઉદેપુર

અત્યારે ૨૦૨૬ ચાલી રહ્યું છે અને દેશ ડિજિટલ ઈન્ડિયાના ડંકા વગાડી રહ્યો છે, પણ છોટાઉદેપુર જિલ્લાની આ વરવી વાસ્તવિકતા જોઈને ગમે તેવા પથ્થર દિલના માણસનું કાળજું કંપી જાય. છેલ્લા ૩-૩ વર્ષથી જિલ્લામાં એક નાનકડો પુલ બનવાનું નામ નથી લેતો. પરિણામે, નવજાત શિશુને જન્મ આપનારી ૧૫ જેટલી સગર્ભા માતાઓને એમ્બ્યુલન્સ ન મળવાને કારણે લોહીલુહાણ હાલતમાં કાપડની ઝોળીમાં નાખીને નદી પાર કરાવવાની હૃદયદ્રાવક ઘટનાઓ બની ચૂકી છે. આ કોઈ કુદરતી આપત્તિ નથી, આ છે છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર પ્રશાસનની 'મહાન ઉપલબ્ધિ'! એક તરફ ગરીબ આદિવાસી જનતા અને સગર્ભા મહિલાઓ પ્રાથમિક સુવિધા માટે વલખાં મારી રહી છે, તો બીજી તરફ ઓરસંગ નદીની છાતી ચીરીને દિવસ-રાત કરોડો રૂપિયાનું ગેરકાયદેસર રેતી ખનન (નદીમાંથી રેતી ચોરી) ધમધમી રહ્યું છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે રેતી માફિયાઓ કલેક્ટર કચેરીના નાકની નીચેથી ઓરસંગ નદીને ખોખલી કરી રહ્યા છે, પરંતુ કલેક્ટર બેનની આંખ પર કાયદાના પાટા અને કાનમાં તંત્રની નફ્ફટાઈના ડૂચા ભરાયેલા છે. હમણાં જ સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં કલેક્ટરોની મોટાપાયે બદલીઓનો ગંજીપો ચીપવામાં આવ્યો. અનેક કડક અને બાહોશ અધિકારીઓની બદલીઓ થઈ ગઈ, પણ આશ્ચર્યની વાત એ છે કે જે જિલ્લામાં વિકાસના નામે મીંડું છે અને ભ્રષ્ટાચાર ચરમસીમાએ છે, તે છોટાઉદેપુરના કલેક્ટર બેન પોતાની ખુરશી પર ફેવિકોલના જોડની જેમ 'અડીખમ' બેઠા છે! આ જોઈને લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે, આટલી ઘોર નિષ્ફળતા છતાં મેડમ પર કયા 'આકા'ના આશીર્વાદ વરસી રહ્યા છે?

૩ વર્ષમાં એક પુલ ન બનાવી શકનાર કલેક્ટરને પદ પર રહેવાનો કોઈ નૈતિક અધિકાર છે ખરો?

૧૫-૧૫ સગર્ભા મહિલાઓને ઝોળીમાં ઢસડીને લઈ જવી પડી, શું તંત્ર કોઈ પ્રસૂતા કે બાળકના મોતના લાઈવ વીડિયોની રાહ જોઈ રહ્યું છે?

ઓરસંગ નદીમાં ચાલતા બેફામ રેતી ખનનમાંથી હપ્તાખોરીનો મલાઈદાર ભાગ કોના ખિસ્સામાં જઈ રહ્યો છે?

છોટાઉદેપુરની ભોળી જનતા હવે આ વહીવટી આંધળા-બહેરા તંત્રથી કંટાળી ચૂકી છે. સોશિયલ મીડિયાથી લઈને ગામડાના ચોરા સુધી કલેક્ટર સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.

### અસામાજિક તત્વો અને માનસિક અસ્વસ્થ લોકોનો જામ્યો અડ્ડો

# તંત્રની ઘોર બેદરકારી : ડભોઇ-SOU માર્ગ પર લાખોના ખર્ચે બનેલા બસ સ્ટોપ ધૂળ ખાતા થયા

ડભોઇ

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' (SOU) ને જોડતા ડભોઇના મુખ્ય માર્ગ પરથી રોજના હજારો દેશ-વિદેશના પ્રવાસીઓ અને સ્થાનિક મુસાફરો પસાર થાય છે. પરંતુ ડભોઇના નાંદોદી ભાગોળ પાસે મુસાફરોની સુવિધા માટે લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા બે નાના એસ.ટી. બસ પીકઅપ સ્ટેન્ડ હાલમાં સરકારી તંત્રની ઘોર નિષ્કાળજીના કારણે સદંતર બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયા છે. રસ્તાની સામસામે આવેલા આ બંને બસ સ્ટોપ હાલ મુસાફરો માટે આશીર્વાદ બનવાને બદલે માત્ર ધૂળ ખાઈ રહ્યા છે. લાંબા સમયથી એસ.ટી. વિભાગ કે સ્થાનિક તંત્ર દ્વારા કોઈ દેખરેખ ન રાખવાને કારણે અહીં દિવસ-રાત અસામાજિક તત્વો અને માનસિક અસ્વસ્થ લોકોનો જમાવડો જોવા મળે છે. પૂરતી સફાઈના અભાવે બસ સ્ટેન્ડમાં કચરાના ઢગલા ખડકાયા છે અને અસહ્ય દુર્ગંધ મારી રહી છે. આ ગંદકી અને અસામાજિક તત્વોના ડરના લીધે મહિલા મુસાફરો, વૃદ્ધો અને બાળકોને ધોમધખતા તડકામાં કે વરસાદમાં રસ્તા પર ઉભા રહીને બસની રાહ જોવાની ફરજ પડી રહી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા આંતરરાષ્ટ્રીય પર્યટન સ્થળને જોડતા માર્ગ પરના આ દ્રશ્યો ડભોઈના વિકાસની પોલ ખોલી રહ્યા છે. પ્રજાના ટેક્સના પૈસા આ રીતે પાણીમાં વહી રહ્યા હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ છે.

### 11 તાલુકાના પેટ્રોલ પંપો પર અચાનક લાગ્યા તાળા!

# અમરેલીમાં હાહાકાર: વૈશ્વિક યુદ્ધની અફવા કે સપ્લાય ચેઈન ઠપ્પ?

અમરેલી

વિશ્વ સ્તર પર ચાલી રહેલી યુદ્ધની તંગદિલીની સીધી અસર હવે ગુજરાતના ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચી ગઈ હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે.

અમરેલી જિલ્લાના તમામ ૧૧ તાલુકાઓમાં અચાનક જ પેટ્રોલ અને ડીઝલની તીવ્ર અછત સર્જાતા હાહાકાર મચી ગયો છે. જિલ્લાના મોટાભાગના પેટ્રોલ પંપો પર 'નો સ્ટોક' ના બોર્ડ મારી દેવામાં આવ્યા છે અથવા પંપોને તાળા લગાવી દેવાયા છે. વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે ઈંધણનો સપ્લાય ખોરવાઈ જતાં અમરેલી વાસીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે.



અમરેલી, બાબરા, સાવરકુંડલા, લાઠી, લીલીયા, જાફરાબાદ, રાજુલા, ધારી, બગસરા, ખાંભા અને કુકાવાવ સહિતના તમામ ૧૧ તાલુકાઓમાં ગઈકાલ સાંજથી જ પેટ્રોલ પંપો પર વાહનોની અભૂતપૂર્વ ભીડ જોવા મળી રહી છે. જે પંપો પર થોડો ઘણો સ્ટોક બચ્યો છે, ત્યાં અડધા-અડધા કિલોમીટર લાંબી કતારો લાગી છે. લોકો પોતાના વાહનોની ટાંકી ફૂલ કરાવવા અને વધારાનું કેન ભરીને પેટ્રોલ-ડીઝલ સંગ્રહ કરવા માટે પડાપડી કરી રહ્યા છે, જેના કારણે અંધાધૂંધીનો માહોલ સર્જાયો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ કટોકટી પાછળ મુખ્ય બે કારણો ચર્ચાઈ રહ્યા છે:

૧. સપ્લાય ચેઈન કટોકટી: વૈશ્વિક સ્તરે યુદ્ધની સ્થિતિને કારણે ક્રૂડ ઓઈલની આયાત અને ઓઈલ કંપનીઓ તરફથી ડીપો સુધી થતો સપ્લાય પ્રભાવિત થયો છે, જેના કારણે સ્થાનિક ડીલરો સુધી સમયસર જથ્થો પહોંચી રહ્યો નથી.

૨. પૅનિક બાઈંગ (ગભરાટમાં ખરીદી): યુદ્ધ લાંબુ ચાલશે અને આગામી દિવસોમાં પેટ્રોલ બિલકુલ નહીં મળે તેવી અફવાઓ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં લોકોએ જરૂરિયાત કરતાં વધુ ખરીદી શરૂ કરી દીધી છે. પરિણામે જે સ્ટોક અઠવાડિયું ચાલવાનો હતો, તે ગણતરીના કલાકોમાં ખાલી થઈ ગયો છે.

આ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને કેટલાક અસામાજિક તત્વો અને સ્થાનિક દુકાનદારોએ પેટ્રોલ-ડીઝલના કાળાબજાર શરૂ કર્યા હોવાની બૂમો ઉઠી રહી છે. પંપો પરથી સસ્તામાં લીધેલું પેટ્રોલ છૂટકમાં બમણા ભાવે વેચાઈ રહ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

### ઈ-ફાર્મસી એપ્સ સામે કેમિસ્ટોની હડતાળ

# ઝાલોદમાં મોટાભાગની મેડિકલ દુકાનો બંધ, માત્ર બે દુકાનો ઈમરજન્સી સેવા માટે ખુલ્લી

ઝાલોદ

દેશભરમાં ઓનલાઈન દવાઓના વેચાણ અને ઈ-ફાર્મસી પ્લેટફોર્મ્સના વધતા પ્રભાવ સામે આજે ગુજરાત કેમિસ્ટ એસોસિયેશન સહિત વિવિધ કેમિસ્ટ સંગઠનોના આહ્વાન પર ઝાલોદ નગરમાં મેડિકલ સ્ટોર્સ બંધ રાખવામાં આવ્યા હતા. ઝાલોદ શહેરમાં અંદાજીત ૨૨થી વધુ મેડિકલ સ્ટોર્સ પૈકી મોટાભાગની દુકાનો જડબેસલાક બંધ રહી હતી.

કેમિસ્ટ સંગઠનોનું કહેવું છે કે ઓનલાઈન દવાઓના વેચાણથી નાના અને મધ્યમ દવા વેપારીઓના ધંધા પર ગંભીર અસર પડી રહી છે. સાથે જ પ્રિસ્ક્રિપ્શન વગર દવાઓની સરળ ઉપલબ્ધતા, નકલી દવાઓનું જોખમ તેમજ દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં થવાની શક્યતાઓ વધી રહી હોવાનું તેઓએ જણાવ્યું હતું.

આ મુદ્દે ઝાલોદ ખાતે પ્રાંત અધિકારી કચેરી તેમજ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવી સરકાર સુધી રજૂઆત પહોંચાડવાની માંગ કરવામાં આવી હતી. આવેદનમાં જણાવાયું હતું કે ઓનલાઈન દવાઓના વેચાણ પર કડક નિયંત્રણ લાવવામાં આવે તેમજ પરંપરાગત મેડિકલ સ્ટોરોને રક્ષણ મળે તે માટે યોગ્ય નીતિ બનાવવામાં આવે.

કેમિસ્ટ એસોસિયેશન દ્વારા રજૂઆતમાં જણાવાયું હતું કે ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર પ્રિસ્ક્રિપ્શનની યોગ્ય ચકાસણી વગર દવાઓ વેચાતી હોવાના કારણે એન્ટિબાયોટિક્સ અને નશાકારક દવાઓનો દુરુપયોગ વધી રહ્યો છે. આ ઉપરાંત AI દ્વારા બનાવવામાં આવતા નકલી પ્રિસ્ક્રિપ્શનના જોખમ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

કલેક્ટરના આદેશ મુજબ સામાન્ય જનતાને તાત્કાલિક દવાઓ ઉપલબ્ધ રહે તે માટે ઈમરજન્સી સેવાના ભાગરૂપે ઝાલોદ નગરમાં વડ બજાર ખાતે આવેલ બાલાજી મેડિકલ તથા બિરસા મુંડા સર્કલ સામે આવેલ ગુજરાત મેડિકલ દુકાનો ખુલ્લી રાખવામાં આવી હતી. જ્યારે બાકીની તમામ મેડિકલ દુકાનો બંધ રહી હતી.

દવાઓની દુકાનો બંધ રહેવાના કારણે વૃદ્ધો, દર્દીઓ તથા ઈમરજન્સી સારવાર લેતા લોકોને જરૂરી દવાઓ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જોકે ઈમરજન્સી માટે ખુલ્લી રાખવામાં આવેલી દુકાનો પર લોકોની અવરજવર જોવા મળી હતી.

### સાંસદ મનસુખ વસાવા આકરા પાણીએ

# ડેડીયાપાડા ભાજપની સમીક્ષા બેઠકમાં ભડકો

## "જિલ્લા પ્રમુખ નીલ રાવ ચૈતર વસાવા સાથે મળેલા છે, તેમણે ભાજપને ડુબાડ્યું" – મનસુખ વસાવા

રાજપીપળા

નર્મદા જિલ્લા પંચાયત અને ડેડીયાપાડા, સાગબારા, ચીકદા તેમજ ગરુડેશ્વર તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપના કારમા પરાજય બાદ હજી પણ હારની કળ વળી નથી. પક્ષમાં અંદરખાને સળગતો અસંતોષ હવે જાહેરમાં જ્વાળામુખી બનીને ફાટ્યો છે. ડેડીયાપાડા ખાતે હારનું મનોમંથન કરવા યોજાયેલી ભાજપની ત્રીજી સમીક્ષા બેઠકમાં ભરૂચના સાંસદ મનસુખ વસાવા રીતસરના પક્ષના હોદ્દેદારો પર વરસ્યા હતા. તેમણે જિલ્લા પ્રમુખ નીલ રાવ અને મહામંત્રી હિતેશ વસાવા (ભોલો) સામે સીધો મોરચો ખોલી હારનું ઠીકરું તેમના માથે ફોડ્યું હતું. આ ગંભીર આક્ષેપો કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં નર્મદા અને ભરૂચના રાજકારણમાં ભૂકંપ આવી ગયો છે.

સમીક્ષા બેઠકમાં સભા વચ્ચે સોપો પડી ગયો જ્યારે સાંસદ મનસુખ વસાવાએ ગર્જના કરતાં કહ્યું કે, 'સામે પક્ષેથી ચૈતર વસાવા ડરાવે એ તો સમજી શકાય, પરંતુ નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રી પોતે જ જો કાર્યકર્તાઓને ડરાવે, તો એનો સીધો અર્થ એ છે કે તેઓ ચૈતર સાથે મળેલા છે!' તેમણે ઉમેર્યું કે, કાર્યકરોએ નીલ રાવ કે ભોલાથી ડરવાની બિલકુલ જરૂર નથી, ભાજપ કોઈ એક વ્યક્તિની મરજીથી નથી ચાલતો.

જિલ્લા સંગઠનની નેતાગીરીની શાન ઠેકાણે લાવતા સાંસદે આકરા શબ્દોમાં સંભળાવ્યું કે, 'જો રાજકીય કેરિયર બનાવવું હોય તો અમારી સાથે જોડાઈ જાવ. વર્ષોથી અમે પક્ષ માટે લોહી-પાણી એક કરીએ છીએ, તમે તો આજકાલના આવેલા છો! જિલ્લા મહામંત્રી હિતેશ વસાવા (ભોલો) પહેલાં ક્યાં હતો? તે ઓરિજિનલ ભાજપનો નથી અને અહીં આદિવાસીઓને ડરાવવા નીકળ્યો છે? નીલ, તું ક્યાં હતો અને તારું અસ્તિત્વ શું હતું?'

મનસુખ વસાવાએ આક્ષેપ કર્યો કે જિલ્લા પ્રમુખ નીલ રાવે ઉમેદવારોની પસંદગીમાં મોટી ભૂલો કરી છે. જીતે તેવા સિનિયર નેતાઓને કાપીને 'નવા નિશાળીયાઓ'ને ટિકિટ આપી દીધી, જે હારનું મુખ્ય કારણ બન્યું. ચૂંટણીમાં સિનિયર નેતાઓનું રાજકીય ગણિત પૂછવામાં જ ન આવ્યું અને જ્યારે તેઓ બોલે ત્યારે અવાજ દબાવવાનો પ્રયાસ કરાયો. ડુમખલના પોપટનો ખોટો મુદ્દો ઉછાળવો પણ ભાજપને ભારે પડી ગયો.

ચૂંટણી ફંડ મુદ્દે પણ સાંસદે પ્રમુખને આડે હાથે લેતા કહ્યું કે, 'ફંડ માટે માત્ર વાતો જ કરી કે જરૂર પડે તો ફોન કરજો! ફોન શું કરવાનો હોય? ફંડ આપી જ દેવાનું હોય.

### જેલ પ્રશાસનમાં મચ્યો ફફડાટ..!

# ભરૂચ જિલ્લા જેલના શૌચાલયમાંથી મળ્યો બિનવારસી મોબાઈલ ફોન...!

ભરૂચ

ગુજરાતની જેલોમાં પ્રતિબંધિત વસ્તુઓ મળવાનો સિલસિલો યથાવત રહ્યો છે, ત્યારે ભરૂચ જિલ્લા સબ જેલમાંથી ફરી એકવાર મોબાઈલ ફોન મળી આવતા જેલ પ્રશાસનની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઊડી ગયા છે. જેલના શૌચાલયના પોખરામાંથી બિનવારસી હાલતમાં એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવતા ચકચાર મચી ગઈ છે. અમદાવાદની સ્પેશિયલ ઝડતી સ્ક્વોડ દ્વારા કરવામાં આવેલા સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન આ સફળતા મળી છે.

મળતી માહિતી મુજબ, જેલ વિભાગની સૂચના હેઠળ અમદાવાદની ઝડતી સ્ક્વોડની ટીમ દ્વારા ભરૂચ જિલ્લા સબ જેલ ખાતે આકસ્મિક (સરપ્રાઈઝ) ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન જેલના બેરેક અને આસપાસના વિસ્તારોને ઝીણવટપૂર્વક તપાસવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન જેલના શૌચાલયના પોખરા (શૌચાલયના ફ્લશિંગ એરિયા અથવા અવાવરુ ભાગ) તરફ ટીમની નજર જતાં ત્યાંથી એક બિનવારસી મોબાઈલ ફોન મળી આવ્યો હતો.

જેલની અંદર સખત સુરક્ષા હોવા છતાં સ્માર્ટફોન અંદર પહોંચી જવો એ પોતાનામાં જ એક મોટો સવાલ છે. શૌચાલયમાંથી મળેલો આ મોબાઈલ ફોન કયા કેદીનો છે અને તે જેલની અંદર કોની મદદથી લાવવામાં આવ્યો હતો, તે અંગે અત્યારે સસ્પેન્સ યથાવત છે. જેલ સત્તાધીશો દ્વારા આ મામલાને ગંભીરતાથી લઈને આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

જેલના શૌચાલયમાંથી બિનવારસી મોબાઈલ ફોન મળી આવવાના મામલે ભરૂચ શહેરના 'બી' ડિવિઝન પોલીસ મથકે જેલ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ હવે મોબાઈલના સીડીઆર (કોલ ડિટેલ રેકોર્ડ) અને આઈએમઈઆઈ (IMEI) નંબરના આધારે આ ફોન કોણ વાપરતું હતું તેની કડી મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

આ ઘટનાને પગલે ભરૂચ સબ જેલના સ્ટાફની કામગીરી સામે પણ આંગળીઓ ચિંધાઈ રહી છે. સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે કે: શું જેલના કર્મચારીઓની મિલીભગત વગર આટલી કડક સુરક્ષા વચ્ચે ફોન અંદર જઈ શકે?

આ ફોનથી કોઈ જેલની અંદર બેઠા-બેઠા કોઈ ગુનાહિત નેટવર્ક તો નથી ચલાવી રહ્યું ને? હવે જોવાનું એ રહેશે કે બી ડિવિઝન પોલીસની તપાસમાં આ ફોનનો અસલી માલિક કોણ નીકળે છે અને આ કૌભાંડમાં જેલના કોઈ કર્મચારીનું નામ સામે આવે છે કે કેમ!

### 100 દિવસથી વધુ ચાલેલું આંદોલન સમેટાશે

# હિંમતનગરની જનતાની મોટી જીત : HUDA સંપૂર્ણપણે રદ..

હિંમતનગર

હિંમતનગર શહેર અને આસપાસના વિસ્તારો માટે લાગુ કરવામાં આવેલ હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (HUDA - હુડા) ને લઈને ચાલી રહેલા લાંબા વિવાદનો આખરે અંત આવ્યો છે. છેલ્લા ૧૦૦ દિવસથી પણ વધુ સમયથી સ્થાનિક રજૂઆતો અને ઉગ્ર આંદોલન બાદ સરકાર નમવા મજબૂર થઈ છે. હિંમતનગરમાં લાગુ કરાયેલ હુડા સત્તામંડળને સરકારે સંપૂર્ણપણે રદ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. સરકાર દ્વારા જ્યારે હિંમતનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોનો હુડામાં સમાવેશ કરવામાં આવ્યો હતો, ત્યારથી જ સ્થાનિક ખેડૂતો, વેપારીઓ અને નાગરિકોમાં ભારે રોષ હતો. જમીન કપાત, આકરા નિયમો અને ભવિષ્યના નુકસાનની ભીતિને કારણે લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. અવિરત વિરોધ: ૧૦૦ દિવસથી વધુ સમય સુધી પ્રતીક ઉપવાસ, રેલીઓ અને સૂત્રોચ્ચાર દ્વારા વિરોધ પ્રદર્શન ચાલુ રાખવામાં આવ્યું હતું. સંગઠનની શક્તિ: પક્ષ-વિપક્ષના ભેદભાવ ભૂલીને આખું હિંમતનગર આ આંદોલનમાં એકતા સાથે જોડાયું હતું. આંદોલનકારીઓ અને સ્થાનિક આગેવાનોની મક્કમતા સામે આખરે તંત્રએ ઝૂકવું પડ્યું છે.

હુડા સંપૂર્ણપણે રદ થવાના સમાચાર મળતા જ આંદોલન છાવણી અને સમગ્ર હિંમતનગરમાં ફટાકડા ફોડીને તેમજ એકબીજાના મોં મીઠા કરાવીને વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. આંદોલન સમિતિના અગ્રણીઓનું નિવેદન: 'આ કોઈ એક વ્યક્તિની નહીં, પરંતુ હિંમતનગરના હિત માટે લડનારા તમામ નાગરિકો અને ખેડૂતોની જીત છે.

### 80 લાખની મિલકત જપ્ત કરાશે

# ભાવનગરમાં દેહવ્યાપારના કાળા કારોબાર ઉપર પોલીસનો સપાટો

## ગુનાહિત કમાણીથી વસાવેલી મિલકતો ટાંચમાં લેવાની કાયદાકીય કાર્યવાહી શરૂ

ભાવનગર


ભાવનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ કરવા અને ગુનાખોરી ડામવા માટે પોલીસ તંત્ર દ્વારા એક મોટું અને અભૂતપૂર્વ કદમ ઉઠાવવામાં આવ્યું છે. શહેરમાં લાંબા સમયથી ચાલતા દેહવ્યાપારના નેટવર્કનો પર્દાફાશ કર્યા બાદ, હવે આ કાળા કારોબાર દ્વારા ઊભી કરાયેલી ગેરકાયદેસર સંપત્તિ પર તંત્રએ ધોંસ બોલાવી છે. અનૈતિક વ્યાપારના કેસમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક કાર્યવાહીના ભાગરૂપે અંદાજે રૂપિયા 80 લાખની અસ્કયામતો અને મિલકતો જપ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર, ભાવનગર પોલીસે અગાઉ દેહવ્યાપારના વિવિધ અડ્ડાઓ પર દરોડા પાડીને મોટા રેકેટ ઝડપી પાડ્યા હતા. આ ગુનાહિત પ્રવૃત્તિઓ પાછળ સક્રિય મુખ્ય સૂત્રધારો અને સંચાલકોએ સમાજ વિરોધી કૃત્યો કરીને લાખો રૂપિયાની ગેરકાયદેસર કમાણી કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

આ ગુનાહિત કમાણીમાંથી વસાવવામાં આવેલા મકાન, દુકાન કે વાહનો સહિતની આશરે 80 લાખની સ્થાcommercialવર-જંગમ મિલકતોને કાયદાકીય જોગવાઈઓ હેઠળ જપ્ત (સીઝ) કરવા માટે પોલીસે કલેક્ટર કચેરી અને સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ દરખાસ્ત મંજૂર કરાવી આગળની કડક કાર્યવાહી તેજ કરી દીધી છે.

પોલીસની આ આકરી અને આર્થિક ભીંસ લાવતી કાર્યવાહીથી ભાવનગર અને આસપાસના વિસ્તારોમાં ગેરકાયદેસર ધંધા ચલાવતા અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સામાન્ય રીતે ગુનેગારો જેલના સળિયા પાછળ જાય છે, પરંતુ આ કેસમાં ગુનાખોરીના પૈસે એશઆરામ કરતા તત્વોની આર્થિક કમર જ તોડી નાખવામાં આવી છે.

સ્થાનિક નાગરિકોએ પોલીસની આ પ્રશંસનીય કડક ઝુંબેશને બિરદાવી છે. ભાવનગર પોલીસ પ્રશાસને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પ્રજાની શાંતિ અને સંસ્કારિતા જોખમાવતા કોઈપણ કાળા કારોબારને સાંખી લેવામાં નહીં આવે અને આગામી દિવસોમાં પણ આવા તત્વો સામે 'ઓપરેશન ક્લીન' અંતર્ગત વધુ આકરા પગલાં ચાલુ રહેશે.



કંગના રનૌતના આ સખત સંદેશને સોશિયલ મીડિયા પર ભારે સમર્થન મળી રહ્યું છે

# “કોઈ બચાવવા નહીં આવે” કંગના રનૌતે ટ્વિશા-દીપિકા કેસ પર ગુસ્સો વ્યક્ત કર્યો

મુંબઈ

ભોપાલની ટ્વિશા શર્મા અને નોઈડાની દીપિકા નાગરના સંદિગ્ધ મૃત્યુ કેસે આખા દેશમાં ચર્ચાનો તોફાન બોલાવી દીધો છે. આ બંને મહિલાઓના મૃત્યુને લઈને વિવાદ અને પ્રશ્નો વધી રહ્યા છે. આ ઘટનાઓ પર બોલિવુડ અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌતે પ્રતિક્રિયા આપી છે. કંગનાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને વિવાહિત યુવતીઓની સમસ્યાઓ અને સમાજના વલણ પર સખત ટીકા કરી છે. તેમણે યુવાન મહિલાઓને કરિયર અને આર્થિક સ્વાવલંબન પર ધ્યાન આપવાની સલાહ આપી છે. કંગના રનૌતે લખ્યું, “દરરોજ વિવાહિત યુવાન મહિલાઓ સાથે જોડાયેલી આટલી દુઃખદ ખબરો આવી રહી છે. ઘણી પઢેલી-લખેલી યુવતીઓ પોતાના માતા-પિતાને મદદ માટે ફરિયાદ કરે છે, પરંતુ ભારતીય સમાજમાં લગ્ન પછી દીકરીઓને ત્યાગી દેવાની પરંપરા છે.” તેમણે આગળ લખ્યું: “યુવાન મહિલાઓ માટે મારી એક મહત્વની સલાહ – તમારું કરિયર તમારા જીવનમાં કોઈપણ વ્યક્તિ કરતાં વધુ મહત્વનું છે. આર્થિક રીતે સ્વાવલંબી બન્યા પછી જ લગ્ન વિશે વિચારો. યાદ રાખો, તમારે તમારી જાતને જ હીરો બનવું પડશે. કોઈ તમને બચાવવા નહીં આવે. તમે જે છો અને જે કરો છો તે તમે કોની સાથે લગ્ન કરો છો તેના કરતાં વધુ મહત્વનું છે.” ભોપાલમાં 31 વર્ષીય ગર્ભવતી મહિલા ટ્વિશા શર્માએ ફાંસી ખાઈને જીવન ટુંકાવ્યું હતું. પરિવારનો આરોપ છે કે લગ્ન પછી તેમને માનસિક અને ભાવનાત્મક ત્રાસ આપવામાં આવતો હતો. પોલીસ તપાસ હજુ ચાલુ છે અને સુસાઈડ નોટ મળી નથી. ગ્રેટર નોઈડામાં 24 વર્ષીય દીપિકા નાગરે છતેથી કૂદીને આત્મહત્યા કરી હતી. પરિવારનો આરોપ છે કે તેમને લગ્ન પછી દહેજ માટે સતત ત્રાસ આપવામાં આવતો હતો અને મારપીટ પણ કરવામાં આવી હતી. આ બંને કેસે દેશમાં મહિલાઓ સામેના વૈવાહિક અત્યાચાર અને દહેજ પ્રતાડનાના મુદ્દે ફરી ચર્ચા શરૂ કરી દીધી છે. કંગના રનૌતના આ સખત સંદેશને સોશિયલ મીડિયા પર ભારે સમર્થન મળી રહ્યું છે. તેમણે મહિલાઓને સ્વાવલંબી બનવા અને પોતાની જિંદગી પોતે બનાવવાની અપીલ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઘણી પઢેલી-લખેલી યુવતીઓ પોતાના માતા-પિતાને મદદ માટે ફરિયાદ કરે છે, પરંતુ ભારતીય સમાજમાં લગ્ન પછી દીકરીઓને ત્યાગી દેવાની પરંપરા છે.”

**ભોપાલમાં 31 વર્ષીય ગર્ભવતી મહિલા ટ્વિશા શર્માએ ફાંસી ખાઈને જીવન ટુંકાવ્યું હતું**

# કાનમાં મૌની રોય મિની ડ્રેસમાં લોકોને દેખાડ્યો 'ડ્રિવોર્સ ગ્લો'

## તેણે સફેદ હોલ્ટર નેક કોલરવાળી બ્લેક શોર્ટ ડ્રેસ પહેર્યો હતો. તેની સાથે તેણે ખભા પર ઓવરસાઈઝ્ડ બ્લેક ટ્રેન્ચ કોટ કેરી કર્યો હતો

મુંબઈ

પતિ સૂરજ નાંબિયારથી અલગ થવાની જાહેરાત કર્યાના બરાબર ચાર દિવસ પછી, એક્ટ્રેસ મૌની રોય કાન ફિલ્મ ફેસ્ટિવલમાં પહોંચી ગઈ છે. 18 મેના રોજ, તેણે ઈન્સ્ટાગ્રામ પર તેના પહેલા લુકની તસવીરો શેર કરી છે. તેણે તેની સાથે કેપ્શન લખ્યું, 'કાન અને અફરાતફરી, બોન્જોર'.

કાન 2026માં પહેલા લુક માટે, મૌની રોયે ક્લાસિક અને મોડર્ન સ્ટાઈલ પસંદ કરી. તેણે સફેદ હોલ્ટર નેક કોલરવાળી બ્લેક શોર્ટ ડ્રેસ પહેર્યો હતો. તેની સાથે તેણે ખભા પર ઓવરસાઈઝ્ડ બ્લેક ટ્રેન્ચ કોટ કેરી કર્યો હતો. મૌની અહીં તેના નવા પ્રોજેક્ટ 'બોમ્બે સ્ટોરીઝ'ના પ્રમોશન માટે પહોંચી છે. મૌની રોય કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં તેના આગામી પ્રોજેક્ટ 'બોમ્બે સ્ટોરીઝ'ને પ્રદર્શિત કરવા પહોંચી છે. આ પ્રોજેક્ટ લેખક સાદત હસન મંટોના કામ પર આધારિત એક સટાયર છે. મૌની માટે આ પ્લેટફોર્મ એટલા માટે પણ ખાસ છે કારણ કે તે આ પહેલા વર્ષ 2023 અને 2025માં પણ કાનના રેડ કાર્પેટ પર ભાગ લઈ ચૂકી છે. છેલ્લા વર્ષોમાં જ્યાં તેનો લુક હાઈ-ફેશન ડ્રામાથી ભરપૂર હતો, ત્યાં આ વર્ષનો લુક તેની મજબૂત પર્સનલ સ્ટાઈલ દર્શાવે છે. તસવીરો પોસ્ટ કરવાના બરાબર ચાર દિવસ પહેલા એટલે કે 14 મેના રોજ મૌની અને સૂરજ એક કોલેબ પોસ્ટ કરી હતી, જેમાં બંનેએ તેના ચાર વર્ષના લગ્ન સંબંધને સમાપ્ત કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આ મુશ્કેલ સમયમાં મૌનીએ મીડિયા અને ચાહકોને ગોપનીયતા અને સન્માન જાળવી રાખવા અપીલ કરી હતી. તેણે લોકોને તેના સંબંધો વિશે ખોટી વાર્તાઓ ન બનાવવા વિનંતી પણ કરી હતી. અંગત જીવનમાં ચાલી રહેલા આ બદલાવ વચ્ચે પોતાના કામને પ્રાથમિકતા આપવી તેની કારકિર્દી પ્રત્યેના સમર્પણને દર્શાવે છે. મૌની રોય અને સૂરજ નાંબિયારના લગ્ન જાન્યુઆરી 2022માં ગોવામાં થયા હતા. બંનેના લગ્ન બંગાળી અને સાઉથ ઈન્ડિયન રીતિ-રિવાજોથી થયા હતા, જેના ફોટા સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થયા હતા.



# ‘મૈં વાપસ આઉંગા’ નું ટ્રેલર રિલીઝ: દિલજીત, વેદાંગ અને શર્વરી વાઘ મુખ્ય ભૂમિકામાં

## ઓસ્કાર વિજેતા સંગીતકાર એ.આર. રહેમાને આ ફિલ્મનું સંગીત આપ્યું છે, જ્યારે ગીતો જાણીતા ગીતકાર ઈર્શાદ કામિલ દ્વારા લખવામાં આવ્યા છે. 12 જૂને રિલીઝ થઈ રહેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નવી સફળતાના આંકડા સર કરે તેવી પૂરેપૂરી સંભાવના છે

મુંબઈ

‘તમાશા’, ‘રોકસ્ટાર’ અને ‘અમર સિંહ ચમકીલા’ જેવી કલ્ટ ક્લાસિક ફિલ્મો આપનારા દિગ્ગજ ફિલ્મ નિર્માતા ઈમ્તિયાઝ અલી ફરી એકવાર સિનેમાપ્રેમીઓને મંત્રમુગ્ધ કરવા માટે તૈયાર છે. ઈમ્તિયાઝ અલીના અનોખા નિર્દેશન હેઠળ બનેલી આગામી ફિલ્મ “મૈં વાપસ આઉંગા” નું સત્તાવાર ટ્રેલર આજે રિલીઝ કરી દેવામાં આવ્યું છે. આ ફિલ્મ આગામી 12 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ફિલ્મમાં દિલજીત દોસાંઝ, વેદાંગ રૈના, શર્વરી વાઘ અને પીઢ અભિનેતા નસીરુદ્દીન શાહ મુખ્ય ભીમિકામાં જોવા મળશે. ‘અમર સિંહ ચમકીલા’ ની અભૂતપૂર્વ સફળતા બાદ દિલજીત દોસાંઝ સાથે ઈમ્તિયાઝ અલીનો આ બીજો મોટો સહયોગ છે. ઈમ્તિયાઝ અલીની ફિલ્મો હંમેશા માનવીય સંબંધોની પ્રામાણિકતા અને ઊંડાણ માટે જાણીતી છે, જેની ઝલક ‘મૈં વાપસ આઉંગા’ ના ટ્રેલરમાં પણ સ્પષ્ટપણે જોવા મળે છે.

ફિલ્મની વાર્તા દિલજીત દોસાંઝના પાત્રની આસપાસ ફરે છે, જેના દાદા (નસીરુદ્દીન શાહ) જીવનના અંતિમ પડાવ પર છે. મૃત્યુની નજીક પહોંચેલા દાદાને અચાનક પોતાના ભૂતકાળની કોઈ ખાસ વ્યક્તિની યાદ આવવા લાગે છે, જે તાર તેમને આધુનિક પાકિસ્તાન સાથે જોડે છે. આ વાર્તા દર્શકોને ભારત-પાકિસ્તાનના ભાગલા પહેલાના યુગમાં લઈ જાય છે, જ્યાં વેદાંગ રૈના અને શર્વરી વાઘ તે જમાનાના યુગલ તરીકે અભિનય કરી રહ્યા છે. ટ્રેલર જોતાં જ દર્શકોને ઈમ્તિયાઝની જ સુપરહિટ ફિલ્મ ‘લવ આજ કલ’ ના ફોર્મેટની યાદ આવી જાય છે, જ્યાં બે અલગ-અલગ સમયગાળાની પ્રેમકહાનીઓ સમાંતર ચાલે છે. ટ્રેલરમાં નસીરુદ્દીન શાહ અને દિલજીત દોસાંઝ વચ્ચેના સંવાદો અને તેમની કેમેસ્ટ્રીએ ચાહકોના દિલ જીતી લીધા છે.

ફિલ્મ ભલે એક રોમેન્ટિક ડ્રામા હોય, પરંતુ ઈમ્તિયાઝ અલીની શૈલી મુજબ તેમાં એક મોટો ભાવનાત્મક ટ્વિસ્ટ જોવા મળશે. ફિલ્મની અન્ય એક મોટી ખાસિયત તેનું સંગીત છે. ઓસ્કાર વિજેતા સંગીતકાર એ.આર. રહેમાને આ ફિલ્મનું સંગીત આપ્યું છે, જ્યારે ગીતો જાણીતા ગીતકાર ઈર્શાદ કામિલ દ્વારા લખવામાં આવ્યા છે. 12 જૂને રિલીઝ થઈ રહેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નવી સફળતાના આંકડા સર કરે તેવી પૂરેપૂરી સંભાવના છે.






# આલિયાના બચાવમાં આવ્યા અનુપમ ખેર... કહ્યું- ‘મને આવા લોકો પર દયા આવે છે

## તેમણે આકરા શબ્દોમાં કહ્યું કે, "આવા નકામા લોકો કે જેમની પાસે જીવનમાં કરવા માટે કંઈ જ નથી, તેઓ માત્ર કોઈ આઈકોનિક વસ્તુ કે વ્યક્તિની ટીકા કરીને લોકોનું ધ્યાન ખેંચવા માંગે છે. હવે મને તેમના પર ગુસ્સો નથી આવતો, ઊલટાનું મને તેમની દયા આવે છે."

મુંબઈ

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આલિયા ભટ્ટની હાજરી બાદ સોશિયલ મીડિયા પર તેને ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો.

હવે આ વિશે અભિનેતા અનુપમ ખેરે આલિયાનો પક્ષ લીધો છે. આ વિશે વાત કરતાં અનુપમ ખેરે કહ્યું કે ‘આલિયાની ટીકા કરનારાઓ પર મને ગુસ્સો નથી આવતો, પણ દયા આવે છે.’ તેમણે આકરા શબ્દોમાં કહ્યું કે, ‘આવા નકામા લોકો કે જેમની પાસે જીવનમાં કરવા માટે કંઈ જ નથી, તેઓ માત્ર કોઈ આઈકોનિક વસ્તુ કે વ્યક્તિની ટીકા કરીને લોકોનું ધ્યાન ખેંચવા માંગે છે. હવે મને તેમના પર ગુસ્સો નથી આવતો, ઊલટાનું મને તેમની દયા આવે છે.‘

‘આલિયા એક રોકસ્ટાર છે” : અનુપમ ખેર હાલમાં જ પોતાની ઈન્ડો-કેનેડિયન ફિલ્મ 'કેલરી' માટે યુકે એશિયન ફિલ્મ ફેસ્ટિવલ ફ્લેમ એવોર્ડ્સમાં બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો એવોર્ડ જીતનારા અનુપમ ખેરે કહ્યું કે, આલિયાએ કાન્સમાં જે રીતે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું તેના પર તેમને ગર્વ છે. આ વિશે અનુપમ ખેરે કહ્યું કે, ‘આલિયાએ આ ટ્રોલર્સને જે રીતે જવાબ આપ્યો તે મને ખૂબ ગમ્યો. આ ટ્રોલર્સ એટલા બિચારા છે કે તેમનું અસ્તિત્વ જ સેલિબ્રિટીઝના કારણે છે. આલિયા એક રોકસ્ટાર છે અને તે સારી રીતે જાણે છે કે આવા લોકો સાથે કેવી રીતે પનારો પાડવો.‘ નવા નાટક ‘જાને પહેચાને અનજાને’ વિશે કરી વાત આલિયા ભટ્ટનો બચાવ કરવા ઉપરાંત, અનુપમ ખેરે પોતાના નવા થિયેટર નાટક ‘જાને પહેચાને અનજાને’ વિશે પણ વિગતો શેર કરી હતી. ગયા વીકેન્ડમાં મુંબઈમાં સફળ શો કર્યા પછી, તેઓ આ વીકેન્ડમાં આ નાટકને દિલ્હી લઈ જઈ રહ્યા છે. તેમણે ખુલાસો કર્યો કે તેઓ છેલ્લા 21 વર્ષથી પોતાનો વન-મેન શો 'કુછ ભી હો સકતા હૈ' કરી રહ્યા છે, પરંતુ 'જાને પહેચાને અનજાને' એક નવું નાટક છે અને આ પહેલીવાર છે જ્યારે અમારા એક જ નાટકમાં આટલા બધા કલાકારો એકસાથે કામ કરી રહ્યા છે.

# 83 વર્ષના અમિતાભ બચ્ચન સાજા!: હૉસ્પિટલાઈઝેશનની ચર્ચા વચ્ચે બિગ બીએ મોડી રાત્રે રહસ્યમય પોસ્ટ કરી

મુંબઈ



બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન મુંબઈની નાણાવટી હૉસ્પિટલમાં દાખલ છે. પોડકાસ્ટર વિકી લાલવાણીએ યુટ્યુબ એકાઉન્ટ પરથી દાવો કર્યો હતો કે, તેમને 16 મેના રોજ નાણાવટી હૉસ્પિટલની એ-વિંગમાં દાખલ કરવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર, અમિતાભ બચ્ચન લાંબા સમયથી પેટ સંબંધિત સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. 'બિગ બી'ને રૂટિન ચેકઅપ માટે શનિવારે નાણાવટી હૉસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તેઓ દર મહિને રૂટિન ચેકઅપ કરાવતા રહે છે. તેના તરત જ બાદ તેઓ ઘરે પાછા ફર્યા હતા. વાસ્તવમાં, યુટ્યુબ ચેનલ પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં વિકી લલવાણીએ જણાવ્યું હતું કે, તે સમાચાર કન્ફર્મ કરવા પોતે નાણાવટી હૉસ્પિટલ પહોંચ્યો હતો, જ્યાં તેને સમાચારની પુષ્ટિ મળી. 'બિગ બી'ને એ-વિંગ, ત્રીજા માળે રાખવામાં આવ્યા છે. તેણે એવો પણ દાવો કર્યો છે કે, અભિષેક બચ્ચન પણ પિતાને મળવા મંગળવારે સાંજે 4:30 વાગ્યે હૉસ્પિટલ પહોંચ્યો હતો. દાખલ થવાના સમાચારો વચ્ચે બ્લોગ અને પોસ્ટ કરી અમિતાભ બચ્ચને મંગળવારે મોડી રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પરથી કેટલાક વિચિત્ર શબ્દો સાથે અર્થહીન પોસ્ટ કરી. તેમણે રાત્રે 12 વાગીને 3 મિનિટે લખ્યું- 'પિલોરી બડુંબા.' સમડી જ્યારે શાંત થાય ત્યારે ભાઈ, પોપટ બોલવાનું શરૂ કરે, ઈર બીર ફત્તે, કહે - ચાલ આપણે પણ પીવડાવવાનું શરૂ કરીએ. બાજરીનો રોટલો ખાધો, ને સાથે ફુ-પડીઓ (એક પ્રકારની વનસ્પતિ) નું શાક રે, મોઢામાં નાખવા લાગ્યા ત્યાં તો, કાગડાની જેમ બોલવા લાગ્યા રે. એક રહ્યું 'હિલ' ભાઈની ભણતરનો અરીસો; અને બીજું વિલિંગ્ટનની યાદ. પ્રેમ, પ્રાર્થના અને ઘણું બધું. વિકી લલવાણીનો દાવો છે કે, અમિતાભ બચ્ચન 16 મે એટલે કે શનિવારથી હૉસ્પિટલમાં દાખલ છે. પરંતુ ફેક્ટ ચેકમાં એ પણ સામે આવ્યું કે 17 મે એટલે કે રવિવારે 'બિગ બી' હંમેશની જેમ ચાહકોને મળવા માટે જલસામાંથી બહાર આવ્યા હતા.

પાક્કો ગુજરાત

ગુરુવાર | 21 મે 2026 | અમદાવાદ

### ડોમેસ્ટિક ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન છતાં શમીની અવગણના કરવામાં આવી રહી છે

# મોહમ્મદ શમી સાથે ફરી અન્યાય? વર્લ્ડ કપ સ્ટાર અંગે અજિત અગરકરનું વિચિત્ર નિવેદન ચર્ચામાં

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીના ફેન્સ અને સ્થાનિક ક્રિકેટમાં તેના શાનદાર પ્રદર્શનને જોનારાઓ માટે એક આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. અફઘાનિસ્તાન સામેની આગામી એક ટેસ્ટ અને ત્રણ વનડે મેચની સિરીઝ માટે શમીની પસંદગી કરવામાં આવી નથી. આ અંગે ચીફ સિલેક્ટર અજીત અગરકરે આપેલા નિવેદનથી નવો વિવાદ શરૂ થયો છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન છતાં અવગણના અફઘાનિસ્તાન સામે રમાનારી એકમાત્ર ટેસ્ટ અને ત્રણ મેચની વનડે સિરીઝ માટે જ્યારે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી, ત્યારે તેમાં મોહમ્મદ શમીનું નામ ગાયબ હતું. આ નિર્ણયે દરેકને આશ્ચર્યમાં મૂકી દીધા છે, કારણ કે શમીએ વર્ષ 2025-26 ની સ્થાનિક સીઝનમાં ત્રણેય ફોર્મેટમાં ઘાતક બોલિંગ કરી હતી. શમીએ આ સીઝનમાં ડોમેસ્ટિક ક્રિકેટમાં કુલ 67 વિકેટ ઝડપી હતી, જેના આંકડા નીચે મુજબ છે: રણજી ટ્રોફી: 7 મેચમાં 37 વિકેટ




સૈયદ મુશ્તાક અલી ટ્રોફી (T20): 7 મેચમાં 16 વિકેટ વિજય હઝારે ટ્રોફી (વનડે): 7 મેચમાં 15 વિકેટ ચીફ સિલેક્ટર અજીત અગરકરનું અજીબ નિવેદન ટીમની જાહેરાત બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં ચીફ સિલેક્ટર અજીત અગરકરે શમીને બહાર રાખવા પાછળનું એક ચોંકાવનારું કારણ આપ્યું હતું. અગરકરે જણાવ્યું કે, 'ટેસ્ટ ટીમમાં શમીના સિલેક્શનને લઈને કોઈ ચર્ચા થઈ નથી. મેડિકલ ટીમ તરફથી અમને જે રિપોર્ટ મળ્યો છે તે મુજબ, હાલ તેમનું શરીર માત્ર T20 ક્રિકેટ રમવાની જ પરવાનગી આપે છે. અમને ખબર છે કે તેઓ આ વર્ષે સ્થાનિક ક્રિકેટ રમ્યા છે, પરંતુ લાંબા ફોર્મેટ (ટેસ્ટ અને વનડે) માટે તેઓ હજુ સંપૂર્ણ રીતે તૈયાર નથી.' લાંબા સમયથી ટીમની બહાર છે શમી મોહમ્મદ શમી લાંબા સમયથી ફિટનેસની સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. તેણે ભારત માટે છેલ્લી ટેસ્ટ મેચ જૂન 2023માં ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ની ફાઈનલમાં રમી હતી. ત્યારબાદ ઈજાના કારણે તે લાંબો સમય આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર રહ્યો હતો. અગાઉ વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં પણ ફિટનેસના કારણે તેની પસંદગી થઈ નહોતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સિલેક્ટર્સ તેને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ટીમમાં રાખવા માંગતા હતા, પરંતુ સંપૂર્ણ ફિટ ન હોવાને કારણે શમીએ પોતે ઉપલબ્ધતા દર્શાવી ન હતી. જો કે, શમી 2025ની આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમનો હિસ્સો રહ્યો હતો.

## કોહલી IPLમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી બન્યો

મુંબઈ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ના સ્ટાર બેટર વિરાટ કોહલી IPL ઈતિહાસમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી બની ગયા છે. તેઓ 230 કરોડની કમાણી કરી ચૂક્યા છે. IPL 2008થી શરૂ થઈ છે અને આ વખતે તેની 19મી સીઝન છે. આ દાવો ફેનેટિક સ્પોર્ટ્સ અને હુરુન ઈન્ડિયાના તાજેતરના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ વિશ્વના 53 દેશોના 504 શહેરોના 1,323 એલિટ એથ્લેટ્સ અને 6 સ્પોર્ટ્સ લીગના અભ્યાસ પર આધારિત છે. ફેનેટિક સ્પોર્ટ્સ એક ટિકિટિંગ અને હોસ્પિટાલિટી કંપની છે, જે રમતગમત સંબંધિત ટ્રાવેલ અને ઈવેન્ટ્સનું સંચાલન કરે છે. જ્યારે, હુરુન ઈન્ડિયા રિસર્ચ અને વેલ્યુએશન કંપની છે, જે ધનિકોની યાદી અને બિઝનેસ રિપોર્ટ્સ માટે જાણીતી છે. IPLના સૌથી ધનિક ખેલાડીઓની યાદીમાં વિરાટ કોહલી નંબર-1 પર છે. તેઓ 2008થી સતત રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) માટે રમી રહ્યા છે અને અત્યાર સુધી 230 કરોડનો પગાર લઈ ચૂક્યા છે. વિરાટ બ્રાન્ડ વેલ્યુના મામલે પણ લીગના સૌથી મોટા સ્ટાર છે. આ યાદીમાં મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા 227.2 કરોડની કમાણી સાથે બીજા નંબર પર છે. જ્યારે, ચેન્નઈ સુપર કિંગ્સ (CSK)ના મહેન્દ્ર સિંહ ધોની 200 કરોડના પગાર સાથે ત્રીજા સ્થાને છે. ધોની આજે પણ ભારતીય ક્રિકેટ અને IPLના મોટા કોમર્શિયલ આઈકન છે. વિમેન્સ ક્રિકેટમાં સ્મૃતિ મંધાના 13.7 કરોડની કમાણી સાથે ટોચ પર છે. દેશની ટોપ 10 મહિલા ક્રિકેટરોની કુલ કમાણી 90 કરોડ છે, જે વિરાટ કોહલીની IPL કમાણી 230 કરોડના અડધાથી પણ ઓછી છે. અન્ય રમતોમાં આ અંતર વધુ છે. બોલિવૂડ એક્ટર શાહરૂખ ખાન અને જૂહી ચાવલાની કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ની વેલ્યુ 19,200 કરોડ રૂપિયા છે. આ સાથે જ KKR દેશની સૌથી મૂલ્યવાન IPL ફ્રેન્ચાઈઝી બની ગઈ છે.

**સૌથી સર્વોચ્ચ સ્ટ્રાઈક રેટ (500+ રન)**

## 10 છગ્ગા, 7 ચોગ્ગા અને 38 બોલમાં 93 રન... વૈભવ સૂર્યવંશીએ ધ્વસ્ત કર્યા અનેક 'મહારેકોર્ડ'

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026 માં રાજસ્થાન રોયલ્સના 15 વર્ષીય યુવા સનસનાટીભર્યા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ પોતાના બેટથી નવો ઈતિહાસ રચી દીધો છે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં તેણે લખનઉ સુપર જાયન્ટ્સના બોલરોની બેરહેમ ધુલાઈ કરીને રાજસ્થાનને એક યાદગાર જીત અપાવી છે. આ તો ફક્ત શરૂઆત છે... નાની ઉંમરમાં જ અસંખ્ય લોકોની પ્રશંસા મેળવનાર વૈભવે જણાવ્યું કે, આ તો માત્ર શરૂઆત છે અને જો તેની કરિયર લાંબી રહેશે તો આ સિલસિલો આગળ પણ જારી રહેશે. હાલ તેનું સંપૂર્ણ ફોકસ રમત પર છે. આ મેચમાં વૈભવે શરૂઆત ભલે ધીમી કરી હતી, પરંતુ



એકવાર લય પકડ્યા બાદ તેણે લખનૌ સુપર જાયન્ટ્સના બોલરોની જોરદાર ધુલાઈ કરી નાખી હતી; તે ચાલુ સીઝનમાં 50 છગ્ગા પણ ફટકારી ચૂક્યો છે અને ઓરેન્જ કેપની રેસમાં સૌથી આગળ ચાલી રહ્યો છે. ઓરેન્જ કેપ પર કબજો: વૈભવ હવે 13 મેચમાં 44.53 ની એવરેજથી 579 રન બનાવીને આ સીઝનમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. સૌથી સર્વોચ્ચ સ્ટ્રાઈક રેટ (500+ રન): એક આઈપીએલ સીઝનમાં 500 થી વધુ રન બનાવવામાં વૈભવનો સ્ટ્રાઈક રેટ 236.32 નો રહ્યો છે, જે આઈપીએલ ઈતિહાસમાં સૌથી વધુ છે. તેણે 2019માં આન્દ્રે રસેલના 204.8 ના સ્ટ્રાઈક રેટના રેકોર્ડને તોડી નાખ્યો છે. એક સીઝનમાં સૌથી વધુ સિક્સર: વૈભવ આ સીઝનમાં 53 છગ્ગા ફટકારી ચૂક્યો છે.

## બાંગ્લાદેશ WTC પોઈન્ટ ટેબલમાં ભારતથી આગળ નીકળ્યું

### પાકિસ્તાનને હરાવીને પાંચમા સ્થાને આવ્યું, ટીમ ઈન્ડિયા છઠ્ઠા સ્થાને સરકી

મુંબઈ

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ના પોઈન્ટ ટેબલમાં બાંગ્લાદેશે ભારતને પાછળ છોડી દીધું છે. પાકિસ્તાન સામે સતત બીજી જીત બાદ બાંગ્લાદેશ 58.33% અંકો સાથે પાંચમા સ્થાને પહોંચી ગયું છે.

જ્યારે, ભારત 48.15% અંકો સાથે છઠ્ઠા સ્થાને સરકી ગયું છે. WTCની પ્રથમ બે સીઝનની ફાઈનલમાં પહોંચેલી ભારતીય ટીમ માટે આ રેન્કિંગ ચિંતાજનક માનવામાં આવી રહી છે. એશિયન ટીમોમાં શુભમન ગિલની કેપ્ટનશિપવાળી ટીમ હવે પાકિસ્તાન સહિત માત્ર 3 ટીમોથી ઉપર છે. ભારતે આ વર્ષે અત્યાર સુધી એક પણ ટેસ્ટ મેચ રમી નથી. ટીમની છેલ્લી ટેસ્ટ નવેમ્બર 2025માં ગુવાહાટીમાં સાઉથ આફ્રિકા સામે હતો, જેમાં ટીમ ઈન્ડિયાને 408 રનથી હાર મળી હતી. લેટેસ્ટ રેન્કિંગમાં




ઓસ્ટ્રેલિયા 8 ટેસ્ટમાં 7 જીત અને 87.50% પોઈન્ટ્સ સાથે ટોચ પર યથાવત છે. ન્યુઝીલેન્ડ 3 ટેસ્ટમાં બે જીત અને એક ડ્રો સાથે 77.78% પોઈન્ટ્સ લઈને બીજા સ્થાને છે. સાઉથ આફ્રિકા ત્રીજા અને શ્રીલંકા ચોથા સ્થાને છે. ભારતીય ટીમની રેન્કિંગ ઘટવાનું કારણ ઘરમાં 0-2થી સિરીઝ હાર ભારતીય ટીમની રેન્કિંગ ઘટવાનું મોટું કારણ ખરાબ પ્રદર્શન રહ્યું છે. ટીમ ઈન્ડિયાને ઘરમાં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં 0-2થી હાર મળી હતી. જ્યારે, ઈંગ્લેન્ડ પ્રવાસ પર શુભમન ગિલની કેપ્ટનશિપમાં ટીમ પાંચ મેચની સિરીઝ 2-2થી ડ્રો કરાવી શકી હતી, જ્યાં તેને બે મેચમાં હાર મળી હતી. આ હારથી ભારતનો જીતનો ટકાવારી દર ઘણો નીચે આવી ગયો. 6 જૂને અફઘાનિસ્તાન સામે મુકાબલો, WTCનો ભાગ નથી ભારતીય ટીમને આવનારા દિવસોમાં ઘણી ટેસ્ટ મેચ રમવાની છે. ભારત 6 જૂનથી અફઘાનિસ્તાન સામે એકમાત્ર ટેસ્ટ મેચ રમશે. જોકે, આ મુકાબલો વર્તમાન WTC સાયકલનો ભાગ નથી, તેથી તેના પરિણામોની રેન્કિંગ પર અસર નહીં થાય. WTC સાયકલ હેઠળ ભારતે આ વર્ષના અંતમાં શ્રીલંકા અને ન્યુઝીલેન્ડના પ્રવાસે બે-બે ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે. ત્યારબાદ 2027માં ભારતીય ટીમ ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ શ્રેણી રમશે. ફાઈનલની રેસમાં ટકી રહેવા માટે ભારતે શ્રીલંકા અને ન્યુઝીલેન્ડના પ્રવાસો પર વધુ સારું પ્રદર્શન કરવું પડશે. બાંગ્લાદેશે પોતાના ઘરમાં બે ટેસ્ટ મેચની સિરીઝમાં પાકિસ્તાનને 2-0થી હરાવ્યું. મીરપુરમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં બાંગ્લાદેશે પાકિસ્તાનને 104 રનથી હરાવ્યું હતું. ત્યારબાદ બુધવારે સિલહટમાં સમાપ્ત થયેલી બીજી ટેસ્ટમાં પણ બાંગ્લાદેશે 78 રનથી જીત નોંધાવી.

બીજી ટેસ્ટમાં 437 રનના લક્ષ્યનો પીછો કરતા પાકિસ્તાનની ટીમ બીજી ઈનિંગ્સમાં 358 રન પર ઓલઆઉટ થઈ ગઈ. આ હાર બાદ પાકિસ્તાન 2025-2027 WTC સાયકલમાં એક જીત અને ત્રણ હાર સાથે આઠમા સ્થાને યથાવત છે. ટીમની પોઈન્ટ્સ પર્સેન્ટેજ પણ ઘણી ખરાબ થઈ ગઈ છે.



### ઇલેક્ટ્રિક વાહન બજારમાં તેજીને કારણે લિથિયમની આયાત દસ ગણી વધીને રૂ. 37,624 કરોડ પહોંચી

# 8 વર્ષમાં લિથિયમની આયાત દસ ગણી વધી

મુંબઈ

ભારતની લિથિયમ આયાત આઠ વર્ષમાં દસ ગણી વધી છે, જે ઈલેક્ટ્રિક વાહન (ઈવી) બજારના ઝડપી વિસ્તરણ અને બેટરી સ્ટોરેજની વધતી માંગને પ્રતિબિંબિત કરે છે, તેમ છતાં સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વપરાશ વૃદ્ધિથી પાછળ રહી ગઈ છે. ભારતમાં ઈવીના અપનાવવાનું પ્રમાણ વધતા આ વધારો જોવાયો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડેટા અનુસાર, એપ્રિલ-ફેબ્રુઆરી નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન લિથિયમ આયાત વધીને રૂ. ૩૭,૬૨૪.૬ કરોડ થઈ ગઈ છે. જે નાણાકીય વર્ષ ૨૦૧૮માં રૂ. ૩,૫૩૨ કરોડ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૨૫,૪૫૮.૬ કરોડની આયાત થઈ




હતી, અને નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ૧૧ મહિનામાં લગભગ ૪૮% વધી ગઈ છે, જે લિથિયમ-આયન બેટરીની માંગમાં તીવ્ર વધારો દર્શાવે છે. ઉદ્યોગના સુત્રોના જણાવ્યા મુજબ ભારત પરિવહન અને ગતિશીલતાના ઝડપી વિદ્યુતીકરણ માટે દબાણ કરવાનું ચાલુ રાખતું હોવાથી આયાતનો માર્ગ ઉપર તરફ વળે તેવી શક્યતા છે. જોકે, વિશ્લેષકો ચેતવણી આપે છે કે સ્થાનિક બેટરી ઉત્પાદન અને મહત્વપૂર્ણ ખનિજ પ્રક્રિયા ક્ષમતામાં મેળ ખાતી વિસ્તરણ વિના, ઈવી સંક્રમણથી વધતી માંગ આયાત નિર્ભરતાને વધુ તીવ્ર બનાવી શકે છે અને મધ્યમ ગાળામાં આયાત બિલને ઉંચુ રાખી શકે છે. સ્થાનિક બેટરી ઈકોસિસ્ટમ બનાવવાના હેતુથી અનેક સરકારી પહેલો, જેમાં રૂ. ૧૮,૧૦૦ કરોડની એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ ઉત્પાદન-લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના, રૂ. ૩૪,૩૦૦ કરોડની રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ મિશન અને રૂ. ૧,૫૦૦ કરોડની ક્રિટિકલ મિનરલ રિસાયક્લિંગ પ્રોત્સાહન યોજનાનો સમાવેશ થાય છે. છતાં મોટા પાયે સ્થાનિક સેલ ઉત્પાદન પ્રગતિ ધીમી રહી છે. ૨૦૨૧ માં ૫૦ GWh સ્થાનિક સેલ ક્ષમતાના લક્ષ્ય સાથે શરૂ કરાયેલ એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ ઉત્પાદન-લિંક્ડ ઈન્સેન્ટિવ યોજનામાં મર્યાદિત કામગીરી જોવા મળી છે.


### સોનાના વાયદામાં રૂ.226 અને ચાંદીના વાયદામાં રૂ.3401ની વૃદ્ધિ

# ક્રૂડ તેલનો વાયદો રૂ.139 લપસ્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.26902 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.160788 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.18588 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 38660 પોઇન્ટના સ્તરે

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.187690.91 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.26902.63 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.160788.16 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો 38660 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2147.33 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.18588.33 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.158974ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.160378 અને નીચામાં રૂ.157959ના સ્તરને સ્પર્શી, રૂ.159080ના આગલા બંધ સામે રૂ.226 વધી રૂ.159306ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.219 વધી રૂ.127441ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.19 વધી રૂ.15956ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.307 વધી રૂ.158730ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.158433ના ભાવે ખૂલી, ઉપરમાં




રૂ.159327 અને નીચામાં રૂ.157221ના મથાળે અથડાઈ, રૂ.158596ના આગલા બંધ સામે રૂ.244 વધી રૂ.158840ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.267230ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.274190 અને નીચામાં રૂ.266850ના મથાળે અથડાઈ, રૂ.270119ના આગલા બંધ સામે રૂ.3401 વધી રૂ.273520ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.3496 વધી રૂ.276805ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.3510 વધી રૂ.276865ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.3466.68 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.6.45 વધી રૂ.1344ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.2.6 વધી રૂ.368.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો 95 પૈસા વધી રૂ.385.35ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 20 પૈસા ઘટી રૂ.202ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.4708.46 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4626ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4654 અને નીચામાં રૂ.4626ના મથાળે અથડાઈ, રૂ.20 વધી રૂ.4651ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.10083ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.10104 અને નીચામાં રૂ.9780ના સ્તરને સ્પર્શી, રૂ.10027ના આગલા બંધ સામે રૂ.139 ઘટી રૂ.9888ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.143 ઘટી રૂ.9886ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.1.6 વધી રૂ.301 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.1.5 વધી રૂ.300.9ના સ્તરે પહોંચ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.993.9ના ભાવે ખૂલી, 40 પૈસા ઘટી રૂ.990.2ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.2702ના ભાવે ખૂલી, રૂ.37 વધી રૂ.2764ના સ્તરે પહોંચ્યો હતો.

**નફો 81% વધીને ₹15,176 કરોડ થયો**

## ઇન્ડિયન ઓઇલ પાસે 1 મહિનાનો કાચા તેલનો સ્ટોક: યુદ્ધના કારણે હજુ પણ 50% સપ્લાય પ્રભાવિત

મુંબઈ

સરકારી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOCL) પાસે એક મહિનાથી વધુનો ક્રૂડ ઓઈલ સ્ટોક છે. કંપનીએ મંગળવારે જણાવ્યું કે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ છતાં દેશમાં ક્રૂડ ઓઈલની કોઈ અછત નહીં થાય. જોકે, હોર્મુઝ રૂટ બંધ થવાથી LPGના સ્ટોકમાં થોડો ઘટાડો થયો છે, પરંતુ સમગ્ર દેશમાં તેનો પુરવઠો વ્યવસ્થાપિત કરવામાં આવી રહ્યો છે. આ રૂટ સાથે ભારતનો 50% ઊર્જા પુરવઠો અને ખાડી દેશોમાંથી આવતો 90% LPG પુરવઠો જોડાયેલો છે, જે હાલમાં અવરોધિત છે. જ્યારે, કંપનીનો નફો નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટર (Q4FY26) માં 81% વધ્યો છે. તે વધીને 15,176.08 કરોડ પર પહોંચી ગયો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં 8,367.63 કરોડ હતો. IOCLના ડાયરેક્ટર ફાઈનાન્સ અનુજ જૈને જણાવ્યું હતું કે, 'ક્રૂડ ઓઈલ અને અન્ય




પેટ્રોલિયમ પ્રોડક્ટ્સના સપ્લાય માટે અમારી પાસે ઘણા અલગ-અલગ સ્રોત ઉપલબ્ધ છે. જ્યારથી મિડલ ઈસ્ટમાં વિવાદ શરૂ થયો છે, ત્યારથી અમારી તમામ રિફાઈનરીઓ સંપૂર્ણ ક્ષમતા પર કામ કરી રહી છે.' તેમણે સ્વીકાર્યું કે LPGના સપ્લાયમાં કેટલીક અડચણો આવી હતી, પરંતુ કંપનીએ LPG આયાતના સ્રોત બદલી નાખ્યા છે. ખાડી દેશોમાંથી ગેસ સપ્લાય પ્રભાવિત થયા પછી IOCએ ઈન્ડોનેશિયા, નાઈજીરીયા, અંગોલા અને ઓમાન જેવા દેશોમાંથી સ્પોટ પ્રોક્યોરમેન્ટ (તાત્કાલિક ખરીદી) શરૂ કરી દીધી છે, જેનાથી દેશભરમાં પર્યાપ્ત LPG પહોંચી રહ્યું છે. હોર્મુઝ રૂટ ઓમાનના અખાત અને ફારસના અખાત વચ્ચે સ્થિત દુનિયાનો સૌથી મહત્વપૂર્ણ અને સંવેદનશીલ દરિયાઈ જળમાર્ગ છે. દુનિયાભરમાં થતા કુલ ક્રૂડ ઓઈલના વેપારનો લગભગ 20% આ જ સાંકડા રસ્તા પરથી પસાર થાય છે. IOCLએ સોમવારે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા. તે મુજબ, નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટરમાં (Q4FY26) કંપનીનો કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ (ચોખ્ખો નફો) 81% વધીને 15,176.08 કરોડ પર પહોંચી ગયો છે.

## સેન્સેક્સ 118 અંક વધીને 75,318 પર બંધ થયો

- **નિફ્ટીમાં પણ 41 અંકનો ઉછાળો રહ્યો; રૂપિયો 96.89ના રેકોર્ડ નીચા સ્તરે**

મુંબઈ

સેન્સેક્સ આજે એટલે કે બુધવાર, 20 મેના રોજ 118 અંક વધીને 75,318 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 41 અંકોનો વધારો રહ્યો, તે 23,659 પર પહોંચી ગયો. આજના કારોબારમાં ઓટો, રિયલ્ટી અને બેન્કિંગ શેરોમાં સૌથી વધુ તેજી જોવા મળી. શરૂઆતી કારોબારમાં રૂપિયો 33 પૈસા ઘટ્યો અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો 33 પૈસા તૂટીને 96.89ના નવા રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો. છેલ્લા ઘણા સત્રોથી રૂપિયાના મૂલ્યમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. 19 મેના રોજ સેન્સેક્સ 114 પોઈન્ટના ઘટાડા સાથે 75,201 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 32 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 23,618 પર બંધ થયો. આજના બેન્કિંગ, FMCG અને મેટલ શેરોમાં વેચવાલી જોવા મળી. જ્યારે IT, રિયલ્ટી અને મીડિયા શેરોમાં વધુ ખરીદી જોવા મળી. અત્રે ઉલ્લેખનીય છે કે આ બજાર ખેંચતાણમાં આજે એકંદરે BSE પર લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં 2 લાખ કરોડથી વધુનો વધારો થયો છે, જેનો અર્થ એ છે કે રોકાણકારોની સંપત્તિમાં 2 લાખ કરોડથી વધુનો વધારો થયો છે. સ્થાનિક ઈક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકોની વાત કરીએ તો દિવસના અંતે સેન્સેક્સ 117.54 પોઈન્ટ અથવા 0.16% ના વધારા સાથે 75,318.39 પર બંધ થયો હતો અને Nifty 50 41.00 પોઈન્ટ અથવા 0.17% ના ઉછાળા સાથે 23,659.00 પર બંધ થયો હતો. શરૂઆતના વેપારમાં સેન્સેક્સ 671.44 પોઈન્ટ ઘટીને 74,529.41 પર બંધ થયો હતો, ત્યારબાદ તે 876.77 પોઈન્ટ સુધરીને 75,406.18 પર પહોંચ્યો હતો.

## ગાંધીનગરના કયા પેચમાં અટકી વરણી?

# મેયર વગરનું મહાનગર! 16-16 દિવસ વીત્યા છતાં અમદાવાદને કેમ ન મળ્યો નાથ?



■ જૂથબંધી, આંતરિક ખેંચતાણ કે પછી દિલ્હી-ગાંધીનગર વચ્ચે અટકેલી ફાઈલ? 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો સણસણતો સવાલ!

અમદાવાદ

વાત-વાતમાં વિશ્વના સૌથી મોટા અને સ્માર્ટ સિટીના ડંકા વગાડતા અમદાવાદ મહાનગરપાલિકાની અત્યારે એવી દશા થઈ છે કે જે જોઈને આખા ગુજરાતની જનતા હસી રહી છે. નવાઈની વાત છે કે, પૂરા ૧૬-૧૬ દિવસ વીતી ગયા હોવા છતાં ગુજરાતના આ આર્થિક પાટનગરને હજુ સુધી પોતાના પ્રથમ નાગરિક એટલે કે 'મેયર' નસીબ થયા નથી! મેયરની ટર્મ પૂરી થઈ ગઈ, મુદત વીતી ગઈ, પણ કમલમના માંધાતાઓ હજુ સુધી એક નામ પર મહોર મારી શક્યા નથી. આ કોઈ સામાન્ય વહીવટી પ્રક્રિયાનો વિલંબ નથી, આ સત્તાના નશામાં ચૂર શાસક પક્ષની અંદરોઅંદરની યાદવાસ્થળી અને જૂથબંધીનું નગ્ન પ્રદર્શન છે.

અમદાવાદ જેવા કરોડોની વસ્તી ધરાવતા અને અબજો રૂપિયાનું બજેટ ધરાવતા મેગા સિટીમાં મેયરનું પદ ખાલી હોવું એ સામાન્ય બાબત નથી. ચોમાસાના આગમનની તૈયારીઓ કરવાની હોય, પ્રી-મોન્સૂનની કામગીરીની સમીક્ષા કરવાની હોય, કરોડોના પ્રોજેક્ટ્સને મંજૂરી આપવાની હોય, ત્યારે જ શહેરના નેતા વગર આખી કોર્પોરેશન માત્ર બાબુઓ (અધિકારીઓ) ના ભરોસે ચાલી રહી છે. જનતાના પ્રશ્નો સાંભળવા વાળું કોઈ નથી, કારણ કે નેતાઓને અત્યારે જનતાના પ્રશ્નોમાં નહીં, પણ પોતાની મનગમતી વ્યક્તિને મેયરની ખુરશી પર બેસાડવામાં રસ છે.

રાજકીય ગલિયારાઓમાં ચાલતી ચર્ચા મુજબ, અમદાવાદના મેયર પદ માટે સત્તાધારી પક્ષમાં ભયંકર આંતરિક જૂથબંધી ચરમસીમાએ પહોંચી છે. દિલ્હી બેઠેલા આકાઓ કંઈક અલગ નામ ઈચ્છે છે, ગાંધીનગરમાં બેઠેલું મોવડીમંડળ પોતાના વફાદારને બેસાડવા માંગે છે, તો વળી અમદાવાદના સ્થાનિક ધારાસભ્યો અને સાંસદો પોતાના ખાસ માણસ માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. આ ત્રણ પાંખીયા જંગમાં ફાઈલ એવી અટવાઈ છે કે ૧૬ દિવસથી કોઈ નિર્ણય જ નથી આવી શકતો!

અમદાવાદ પ્રશાસન અને શાસકોને પાક્કો ગુજરાત ન્યૂઝના સણસણતા સવાલો:

સવાલ ૧: જો વિરોધ પક્ષે કોઈ નગરપાલિકામાં ૧૫ દિવસ મેયરની વરણી ન કરી હોત, તો લોકશાહીના નામે છાજિયા લેતું કમલમ અત્યારે કેમ મૌન ધારણ કરીને બેઠું છે?

સવાલ ૨: શું અમદાવાદની પ્રજાએ તમને ઐતિહાસિક બહુમતી એટલે આપી હતી કે તમે સત્તાની ખુરશીના સોદાબાજીમાં ૧૬-૧૬ દિવસ સુધી શહેરને લાવારિસ મૂકી દો?

સવાલ ૩: જો આગામી દિવસોમાં મેયર ન હોવાને કારણે વહીવટી વિલંબ થાય અને જનતા ભોગ બને, તો તેની જવાબદારી ગાંધીનગર બેઠેલા કયા નેતા લેશે?

## ઈસ્ટ-વેસ્ટ કોરીડોરથી શહેરને નવી ઓળખ મળશે

# અમદાવાદમાં મોડેલ, આઈકોનિક રોડ બનાવવા રૂા.335 કરોડ ખર્ચાશે

અમદાવાદ

વર્ષ-૨૦૩૦ના કોમન વેલ્થ ગેમ્સ પહેલા અમદાવાદને નવી અર્બન ઓળખ મળે એ પ્રકારે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રુપિયા ૩૩૫ કરોડના ટેન્ડર મંજૂર કરવામા આવ્યા છે. શહેરમાં ૧૦.૨૩ કિલોમીટર લંબાઈમાં ઓગણજ સર્કલ થઈ અખબારનગર રોડ થઈ દધીચી બ્રિજ સુધી ઈસ્ટ-વેસ્ટ કોરીડોરથી શહેરને નવી ઓળખ મળશે. ૫૦ કિલોમીટરથી વધુ લંબાઈમાં મેટ્રો કનેકટિવીટી,સ્પોર્ટસ થીમ આધારીત આયોજનથી પીપલ ફ્રેન્ડલી રોડ બનાવાશે તેવો દાવો રોડ પ્રોજેકટ વિભાગ દ્વારા કરવામા આવ્યો છે.



થલતેજ ચાર રસ્તાથી હેલ્મેટ સર્કલ અને હેલ્મેટ સર્કલથી વિજય ચાર રસ્તા સુધી ૩.૪૦ કિલોમીટર લાંબો મેટ્રો પ્રિસિંકટ રોડ બનાવાશે. ચીમનભાઈ ફલાયઓવરબ્રિજ એઈસી ક્રોસ રોડથી મોટેરા ક્રોસ રોડ તથા મોટેરા ક્રોસ રોડથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને વિશ્વકર્મા મેટ્રો સ્ટેશન સુધી ૪.૨૦ કિલોમીટર લાંબો સ્પોટર્સ થીમ આધારિત રોડ બનાવાશે. વિજય ચાર રસ્તાથી જુની પાસપોર્ટ ઓફિસ અને સેપ્ટ ચાર રસ્તાથી કોમર્સ છ રસ્તા સુધી ૧.૭૦ કિલોમીટર લંબાઈનો એજયુકેશનલ નોલેજ સોસાયટી રોડ તેમજ આશ્રમ રોડથી પશ્ચિમ રિવરફ્રન્ટને જોડતા વિવિધ એન્ટ્રી પોઈન્ટ સુધી ૧.૩૦ કિલોમીટરનો કનેકટિવીટી કોરીડોર બનાવાશે.રિવરફ્રન્ટ એન્ટ્રી પોઈન્ટમાં નવા વાડજ, ઉસ્માનપુરા, ઉસ્માનપુરા ગાર્ડન , બાટા જંકશન, વલ્લભસદન તથા એલિસબ્રિજનો સમાવેશ કરવામા આવ્યો છે. કામગીરી હાલ પ્રગતિમા હોવાનુ તંત્રનુ કહેવુ છે.

આ પ્રકારના રોડના આયોજનથી લોકોને મુખ્ય કેરેજ વે ઉપરાંત રાહદારીઓ માટે ફૂટપાથ, સાયકલ ટ્રેક,ઓટો રીક્ષા સ્ટેન્ડ, બેસવાની સુવિધા, લેન્ડસ્કેપ, પ્લાન્ટેશન,બાળકો માટે પ્લે એરીયા, રમતગમતની સિધ્ધિઓ દર્શાવતા આર્ટ ઈન્સ્ટોલેશન,પેનલ પણ મુકવામા આવશે.

## 'ક્રાઈમ બ્રાંચ સાયબર ઓફિસર'નો નકલી સ્વાંગ

# ઈન્સ્યોરન્સ મેનેજરને પ્રેમજાળમાં ફસાવી રૂપિયા 80 હજાર પડાવ્યા!

અમદાવાદ

શહેરમાં હાઈપ્રોફાઈલ નોકરી કરતી મહિલાઓ અને યુવતીઓને ટાર્ગેટ કરતી એક ભેજાબાજ ટોળકીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પોતાને 'ક્રાઈમ બ્રાંચનો સાયબર સિક્યુરિટી ઓફિસર' ઓળખાવી એક ગઠિયાએ જાણીતી ઈન્સ્યોરન્સ કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતી યુવતી સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક કેળવ્યો હતો. યુવતીને વિશ્વાસમાં લેવા માટે આ ભેજાબાજે પોલીસ વિભાગના નકલી આઈડી કાર્ડ અને મોટા અધિકારીઓ સાથેના સંબંધોની વાતો કરી હતી.

ધીમે-ધીમે પ્રેમજાળમાં ફસાવી આ નકલી અધિકારી યુવતીને શહેરના એક જાણીતા કાફેમાં ડેટ પર લઈ ગયો હતો. કાફેમાં મુલાકાત દરમિયાન ગઠિયાએ પૂર્વ આયોજિત કાવતરા મુજબ પોતાની પારિવારિક અને આર્થિક મુશ્કેલીઓની ખોટી કરૂણ વાર્તા વણી હતી અને યુવતી સામે રીતસરના મગરના આંસુ સાર્યા હતા. ક્રાઈમ બ્રાંચના અધિકારીને રડતો જોઈ પીગળી ગયેલી યુવતીએ કોઈ પણ જાતની આશંકા રાખ્યા વિના તેને મદદના નામે રૂ. ૮૦,૦૦૦ ઓનલાઇન ટ્રાન્સફર કરી દીધા હતા. પૈસા મેળવ્યા બાદ આ ઠગ યુવતીથી અંતર જાળવવા લાગ્યો હતો અને વધુ નાણાંની માંગણી ચાલુ રાખી હતી. જેથી યુવતીને સહેજ શંકા ગઈ હતી. યુવતીએ સાવચેતીના ભાગરૂપે તેની પાસે સત્તાવાર સરકારી દસ્તાવેજો જેવા કે ઓળખના પુરાવા માંગ્યા હતા. યુવતીએ આગ્રહપૂર્વક ઓળખપત્ર માગતા જ નકલી સાયબર ઓફિસર ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો અને અંતે તેનો ભાંડો ફૂટી ગયો હતો. પોતે છેતરાઈ હોવાની અહેસાસ થતાં જ ભોગ બનનાર મહિલા મેનેજરે તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી નકલી સાયબર ઓફિસર બનીને ફરતા આ રીઢા ગુનેગારની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પાક્કો ગુજરાત સાવચેત નોંધ: સોશિયલ મીડિયા પર કોઈ પણ વ્યક્તિ પોતાની ઓળખ મોટી સરકારી પદવી કે પોલીસ અધિકારી તરીકે આપે, તો આંખ બંધ કરીને વિશ્વાસ ન કરવો.

# લક્ઝુરિયસ કારમાંથી 2 કિલો હાઇબ્રિડ ગાંજો જપ્ત : એક શખસની ધરપકડ કરાઈ

### આટલી મોટી માત્રામાં ડ્રગ્સ અમદાવાદમાં ક્યાં અને કોને પહોંચાડવાનું હતું, તે દિશામાં SOG દ્વારા તપાસ શરૂ કરવામાં આવી

અમદાવાદ

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા વિજય ચાર રસ્તા પાસેથી ક્રાઈમ બ્રાન્ચની SOG(સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ટીમે બાતમીના આધારે 26 વર્ષના યુવકની ધરપકડ કરી છે. નારણપુરા વિસ્તારમાં રહેતા હાર્દિક કલાલ નામના યુવકને પોલીસે શંકાસ્પદ હાલતમાં અટકાવી તેની તપાસ કરતાં અંદાજે 1 કિલો 975 ગ્રામ વજનનો હાઇબ્રિડ ગાંજો મળી આવ્યો છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત 69.12 લાખ રૂપિયા જેટલી આંકવામાં આવી રહી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી હાર્દિક કલાલ આટલો મોટો જથ્થો લઈને લક્ઝુરિયસ મર્સિડીઝ કારમાં ફરી રહ્યો હતો. પોલીસે ડ્રગ્સની સાથે આ 10 લાખની કિંમતની મર્સિડીઝ કાર પણ જપ્ત કરી છે, આમ કુલ 79 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પ્રાથમિક પૂછપરછમાં



આરોપીએ કબૂલાત કરી હતી કે તેને આ ગાંજાનો જથ્થો રાજસ્થાનના પ્રદીપ કલાલ નામના શખસે સપ્લાય કર્યો હતો. આટલી મોટી માત્રામાં ડ્રગ્સ અમદાવાદમાં ક્યાં અને કોને પહોંચાડવાનું હતું, તે દિશામાં SOG દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ મામલે ડીસીબી (DCB) પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ (NDPS) એક્ટની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસે આરોપીની ઓળખ હાર્દિક અશોકકુમાર કલાલ તરીકે કરી છે, જે હાલ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલા સ્વાસ્તિક રેસિડેન્સીમાં રહે છે. તે મૂળ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાનો વતની છે. રાજસ્થાનથી ડ્રગ્સનું નેટવર્ક કઈ રીતે અમદાવાદ સુધી સક્રિય છે, તે જાણવા માટે પોલીસે પ્રદીપ કલાલની શોધખોળ શરૂ કરી છે. હાલ આરોપીની ધરપકડ કરી તેને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરાઈ છે, જેથી આ ડ્રગ્સ રેકેટના અન્ય સૂત્રધારોના નામ પણ ખૂલી શકે.

# અમદાવાદ ગ્રામ્યમાં SMCની પ્રોહિબિશન રેઈડ : રૂપિયા 12.23 લાખનો મુદ્દામાલ જપ્ત

■ પોલીસે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) દ્વારા પ્રોહિબિશન એક્ટ હેઠળ મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તારાપુર-બગોદરા હાઈવે રોડ પર વાતામણ ચોકડી નજીક, વાતામણ ખાતે દરોડો પાડી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી કોઠ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં કરવામાં આવી હતી. પોલીસે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

દરોડા દરમિયાન પોલીસે કુલ 5,124 બોટલ ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) કબજે કર્યો હતો, જેની કિંમત અંદાજે 4,09,579 ગણવામાં આવી છે. જપ્ત કરાયેલ દારૂ ગોવાની ઓશન કિંગ ડિસ્ટિલરીઝ તથા યુનાઈટેડ બ્રુઅરીઝ લિ. ખાતે બનાવાયેલ હોવાનું સામે આવ્યું છે.

આ ઉપરાંત પોલીસે એક વાહન કિંમત 8 લાખ, બે મોબાઈલ ફોન કિંમત 10 હજાર તથા રોકડ 3,280 મળી કુલ 12,23,059નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ કેસમાં પોલીસે બે આરોપીઓને ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે કોઠ પોલીસ સ્ટેશનને સોંપ્યા છે. ઝડપાયેલા આરોપીઓમાં સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના મુંજપર ગામના રહેવાસી વિશાલ પરશોત્તમ દુધરેજીયા તથા સાયલા તાલુકાના નાના હનિયા ગામના રહેવાસી કેશવ વેલા ચૌહાણનો સમાવેશ થાય છે.




જ્યારે સાત જેટલા આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ચોટીલાના મોલડી ગામના વિજય કાઠી, ભીમગઢ ગામના દિનેશ રત્નાભાઈ બાવળીયા, અમિત હશુભાઈ બાવળીયા, ગૌતમ હશુ બાવળીયા, રાજકોટના અજય જાગા મકવાણા સહિત પીકઅપ વાહનનો ક્લિનર અને ગોવાનો સપ્લાયર ફરાર હોવાનું પોલીસે જણાવ્યું છે.

સમગ્ર કાર્યવાહી એસએમસીના PSI એસ.વી. ગલચર તથા તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી. પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વધુ તપાસ અને શોધખોળ શરૂ કરી છે.

## 22મી મેથી સબસ્ક્રીપ્શન શરૂ થશે

# M.R. મનીવેની ફૂડ્સ લિમિટેડનો 27.04 કરોડનો આઈપીઓ આવશે




અમદાવાદ

ગુજરાતના રોકાણકારો માટે કઠોળ અને ખાદ્ય ઉત્પાદન ક્ષેત્રની અગ્રણી કંપનીમાં રોકાણ કરવાની સોનેરી તક આવી રહી છે. એમ.આર. મનીવેની ફૂડ્સ લિમિટેડ પોતાનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (IPO) લઈને આવી રહી છે. બૂક-બિલ્ટ ઈશ્યુ દ્વારા રૂ. 27.04 કરોડ એકત્ર કરવાના હેતુ સાથે આ આઈપીઓ આગામી 22 મે, 2026ના રોજ સબસ્ક્રિપ્શન માટે ખૂલશે અને 26 મે, 2026ના રોજ બંધ થશે. આઈપીઓની મુખ્ય વિગતો અને પ્રાઈસ બેન્ડ કંપની આ આઈપીઓ હેઠળ રૂ. 27.04 કરોડના મૂલ્યના 0.52 કરોડ નવા ઈક્વિટી શેર બહાર પાડશે. પ્રાઈસ બેન્ડ: પ્રતિ ઈક્વિટી શેર રૂ. 51 થી રૂ. 52 નક્કી કરવામાં આવ્યો છે. લોટ સાઈઝ: રોકાણ માટે લઘુત્તમ લોટ સાઈઝ 2,000 શેરની છે. રિટેલ ઈન્વેસ્ટર્સ માટે: ઉપલી પ્રાઈસ બેન્ડ (રૂ. 52) મુજબ, રિટેલ રોકાણકારો લઘુત્તમ 2 લોટ (4,000 શેર) માટે રૂ. 2,08,000નું રોકાણ કરી શકશે. HNI ઈન્વેસ્ટર્સ માટે: હાઈ નેટ-વર્થ ઈન્ડિવિઝ્યુઅલ્સ ઓછામાં ઓછા 3 લોટ (6,000 શેર) માટે રૂ. 3,12,000ની બોલી લગાવી શકે છે. આઈપીઓનું એલોટમેન્ટ 27મી મે, 2026ના રોજ ફાઈનલ થવાની સંભાવના છે, જ્યારે ઈક્વિટી શેર્સનું લિસ્ટિંગ બmapએસઈ એસએમઈ (BSE SME) પ્લેટફોર્મ પર 1 જૂન, 2026ના રોજ થાય તેવી ધારણા છે. આ ઈશ્યૂ બાદ ઉપલી બજાર કિંમતે કંપનીનું અંદાજિત માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. 101.78 કરોડ થશે. એમ.આર. મનીવેની ફૂડ્સ લિમિટેડ દેશમાં કઠોળ અને મુખ્ય ખાદ્ય ઉત્પાદનોના પ્રોસેસિંગ, મિલિંગ, પેકેજિંગ અને વિતરણ ક્ષેત્રે કાર્યરત છે. કંપની 29,400 MTPAની સંયુક્ત ક્ષમતા ધરાવતી બે ઉત્પાદન ફેસિલિટી સાથે ઈન્ટીગ્રેટેડ મિલિંગ અને ટ્રેડિંગ બિઝનેસ ચલાવે છે. હાલમાં કંપની 5થી વધુ રાજ્યોમાંથી કાચો માલ મેળવે છે અને દેશના 14 રાજ્યોમાં મજબૂત B2B (બિઝનેસ-ટુ-બિઝનેસ) વિતરણ નેટવર્ક ધરાવે છે.

## એડમિશન પ્રક્રિયામાં આવતી ખામી અંગે સવાલ કરતા અધિકારી ભાગ્યા

# ABVPનો ઉગ્ર વિરોધ પ્રદર્શન : પોલીસ સાથે પણ ઘર્ષણ

અમદાવાદ

ગુજરાત કોમન એડમિશન પોર્ટલ (GCAS)ની એડમિશન પ્રક્રિયામાં સર્જાયેલી વિવિધ તકનીકી ખામીઓ અને વિસંગતતાઓના વિરોધમાં આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં આવેલી નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG)ની કચેરી ખાતે વિદ્યાર્થી નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને તંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ દરમિયાન વિરોધ પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કરતાં કાર્યકરોએ GCASની ઓફિસનો મુખ્ય દરવાજો તોડી પાડ્યો હતો, જેને પગલે ભારે અફરાતફરી મચી ગઈ હતી.




ફોર્મ એડિટિંગ અને ઓટીપીની સમસ્યાGCAS પોર્ટલમાં ફોર્મ ફાઈનલ સબમિટ કર્યા બાદ 'એડિટ' (સુધારો) કરવાનો કોઈ વિકલ્પ નથી. નાની ભૂલ માટે પણ નવું ફોર્મ ભરવું પડે છે. આ ઉપરાંત, ફોર્મ ભરતી વખતે રજિસ્ટ્રેશન માટેનો OTP સમયસર આવતો નથી.

2. હેલ્પલાઈન અને હેલ્પડેસ્કનો અભાવGCAS પોર્ટલમાં ફોર્મ દીઠ 300 જેટલી મોટી ફી લેવા છતાં યુનિવર્સિટી કે કોલેજ કક્ષાએ કોઈ 'હેલ્પડેસ્ક' શરૂ કરાયું નથી. પોર્ટલના સત્તાવાર હેલ્પલાઈન નંબર પર ફોન કરવા છતાં વિદ્યાર્થીઓને કોઈ યોગ્ય જવાબ મળતો નથી.

3. CBSE અને પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓ અંગે અસ્પષ્ટતાCBSEના વિદ્યાર્થીઓને માત્ર 10% બેઠકો પર જ પ્રવેશ મળશે તેવી ચર્ચાઓથી વિદ્યાર્થીઓ મૂંઝવણમાં છે. આ ઉપરાંત, પૂરક પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે પોર્ટલ પર કોઈ સ્પષ્ટ જોગવાઈ રાખવામાં આવી નથી.

વિદ્યાર્થીઓને GCASમાં થઈ રહેલી સમસ્યાઓ ક્યારે દૂર થશે, તેને લઈને દિવ્ય ભાસ્કરે GCASના અધિકારીને સવાલ કરતા આમતેમ ભાગવા લાગ્યા હતા. વધુ ઘેરાઈ જતાં વિદ્યાર્થીઓનું સમસ્યાનું નિરાકરણ લાવવા ગાંધીનગર રજૂઆત મોકલી આપીશું, ત્યાંથી જ નિર્ણય લેવાશે તેવું કહી અધિકારીએ ચાલતી પકડી હતી. મળતી માહિતી મુજબ, GCAS પોર્ટલ દ્વારા કોલેજોમાં એડમિશન પ્રક્રિયા ચાલી રહી છે, પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી તેમાં અનેક ખામીઓ સામે આવી રહી છે, જેના કારણે હજારો વિદ્યાર્થીઓ પરેશાન થઈ રહ્યા છે. આ મુદ્દે રજૂઆત કરવા ગુજરાત યુનિવર્સિટીથી મોટી સંખ્યામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ રેલી યોજી GCASની ઓફિસ ખાતે પહોંચ્યા હતા. જ્યાં GCASમાં પ્રવેશ કરે તે પહેલા તેમને ગેટ બંધ કરીને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ પોલીસ સાથે ઘર્ષણ કર્યા બાદ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ અંદર આવી ગયા હતા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI